શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ

આરાધના શિબિર-૪

શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઇવે ૮–એ ઉપર
સાયલા–૩૬૩ ૪૩૦

શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ

આરાધના શિબિર-૪

શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઇવે ૮–એ ઉપર
સાયલા–૩૬૩ ૪૩૦

પ્રકાશક : પ્રકાશન સમિતિ
શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
સાયલા

પ્રત : ૨૦૦ (૧૯૮૯)
(સંસ્થાના સભ્યો પૂરતી મર્યાદિત)

મુદ્રક : ઉમિયા પ્રિન્ટરી
મ્યુ. સ્કૂલ પાસે, નારણપુરા ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩.

પ્રશિક્ષણ – શ્રેણી ૧.

પરમ પૂજ્ય બાપુજી દ્વારા

પરમ કૃપાળુદેવે કહ્યું છે કે "આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાનરે." તો આ આત્મ ભાવનાઓ શું છે, તેના પર વિચાર કરીએ. જિનેશ્વર ભગવંતોએ વૈરાગ્યની વૃદ્ધિ અને આત્મ ધર્મની સુદૃઢતા થવા માટે બાર ભાવનાઓ (અનુપ્રેક્ષાઓ) કહી છે.

૧. અનિત્ય ભાવના :– શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે, એમ ચિંતવવું તે પહેલી અનિત્ય ભાવના.

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી આપ અનંગ રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

લક્ષ્મી વિજળી જેવી છે. વીજળીનો ઝબકારો જેમ થઈને ઓલવાઇ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય જાય છે. અધિકાર સત્તા એ પતંગના રંગ જેવા છે. પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે, તેમ અધિકાર, સત્તા માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતા રહે છે. આયુષ્ય

પાણીના મોજાં જેવું છે. પાણીનો હિલોળો આવ્યો કે ગયો તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં પડવું પડે છે. કામ ભોગ છે તે આકાશમાં ઉત્પન્ન થતા ઇન્દ્રના ધનુષ જેવા છે. જેમ ઇન્દ્ર ધનુષ વર્ષાકાળમાં થઈને ક્ષણવારમાં લય પામી જાય છે તેમ યૌવનમાં કામના વિકાર થઈ જરા વારમાં જતાં રહે છે. ટૂંકમાં હે જીવ ! એ સઘળી વસ્તુઓનો સબંધ ક્ષણભર છે; એમાં પ્રેમ બંધનની સાંકળે બંધાઈને શું રાચવું ? તાત્પર્ય એ સઘળાં ચપળ અને સ્વપ્નવત છે, તું અખંડ અને અવિનાશી છે. માટે તારી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર.

દૃષ્ટાંત : " ભિખારીનો ખેદ" વાંચો.

૨. અશરણ ભાવના : – સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર કોઈ નથી. માત્ર એક ધર્મનું જ શરણ સત્ય છે; એમ ચિંતવવું તે અશરણ ભાવના.

સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે;
એના વિના કોઈ ન બાંહય સ્હાશે.

સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિઃસ્પૃહતાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણ રૂપ જાણીને મન, વચન અને કાયા વડે હે ચેતન ! તેને તું આરાધ, આરાધ. તું કેવલ અનાથ રૂપ છો, તે સનાથ થઈશ. એના વિના ભવાટવી ભ્રમણમાં તારી બાંય કોઈ સાહનાર નથી.

દૃષ્ટાંત – અનાથીમુનિ અને શ્રેણિક રાજા

૩. એકત્વ ભાવના : આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાના કરેલા કર્મ એકલો ભોગવશે, અંતઃકરણથી એમ ચિંતવવું તે એકત્વ ભાવના.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે તે સ્નેહી કુટુંબી જાયા કે પુત્ર કોઈથી લઈ શકાતા નથી; એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે, એમાં કોઈ પણ ભાગીદાર થતું નથી. તેમ જ પાપ પુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા જ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે એવું સિદ્ધ કરીને વિવેકને ભલી રીતે જાણવા વાળા પુરૂષો એકત્વને નિરંતર શોધે છે.

દૃષ્ટાંત – નમિરાજર્ષિ અને શકેન્દ્ર.

એક કંકણથીલેશ માત્ર પણ ખળભળાટ થતો નથી; કંકણના સમુહ વડે કરીને માથું ફેરવી નાખે એવો ખળ-ભળાટ થતો હતો અહો ચેતન ! તું માન કે એકત્વમાં જ તારી સિદ્ધિ છે. વધારે મળવાથી વધારે ઉપાધિ છે. સંસારમાં અનંત આત્માના સંબંધમાં તારે ઉપાધિ ભોગવવાનું શું

અવશ્ય છે? તેનો ત્યાગ કર અને એકત્વમાં પ્રવેશ કર. એક કંકણરૂપ તું તને ગણ અને જોકે એક કંકણ ખળભળાટ વિના કેવું ઉત્તમ શાંતિમાં રમે છે? અનેક હતાં ત્યારે ખળભળાટ કરતાં હતાં. તેવી જ રીતે તું કંકણ રૂપ છો તે કંકણની પેઠે તું જ્યાં સુધી સ્નેહી કુટુંબરૂપી સમુદાયમાં પડયો રહીશ ત્યાં સુધી ભવરૂપી ખળભળાટ સેવન કરવા પડશે અને જો આ કંકણની વર્તમાન સ્થિતિની પેઠે એકત્વને આરાધીશ તો સિદ્ધ ગતિ રૂપી મહા પવિત્ર શાંતિ પામીશ. માટે એકત્વનો વિચાર કર.

૪. અન્યત્વ ભાવના :– આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે અન્યત્વ ભાવના.

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાતના;
ના મારાં ભૂત સ્નેહીઓ સ્વજન કે, નાગોત્ર કે જ્ઞાના;
ના મારાં ધન ધામ યોવન ધરા, એ મોહ અજ્ઞાત્વના; રે! રે!
જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના,

આ શરીર તે મારૂં નથી, આ રૂપ તે મારૂં નથી, આ કાંતિ તે મારી નથી; આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી; આ ભાઈઓ તે મારા નથી, આ દાસી તે મારા નથી, આ સ્નેહીઓ તે મારા નથી, આ સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારૂ નથી. આ જ્ઞાની તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારાં નથી, આ યોવન તે મારું નથી અને આ ભૂમિ તે મારી નથી, માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે.

સિદ્ધગતિ સાધવા માટે હે જીવ ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વ ભાવનાનો વિચાર કર ! વિચાર કર !

દૃષ્ટાંત – ભરત ચક્રવર્તી.

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્યવેગે ગયા,
છાંડી રાજ સમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાતી થયા.

પોતાની એક આંગળી અડવી દેખીને વૈરાગ્યના પ્રવાહમાં જેણે પ્રવેશ કર્યો, રાજ સમાજને છોડીને જેણે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું એવા ભરતશ્વેરના ચરિત્રનો વિચાર કરી વૈરાગ્ય ભાવમાં વધારો કરો.

૫. અશુચિ ભાવના : – આ શરીર અપવિત્ર છે, મળ મૂત્રની ખાણ છે, રોગ જરાનું નિવાસ ધામ છે, એ શરીરથી હું ન્યારો છું. એમ ચિંતવવું તે અશુચિભાવના.

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

મળ, મૂત્રની ખાણરૂપ, રોગ અને વૃદ્ધતાને રહેવાના ધામરૂપ જેવી કાયાને ગણીને હે ચૈતન્ય ! તેનું મિથ્યાભિમાન ત્યાગ કરીને મનુષ્યભવ સફળ કર.

દૃષ્ટાંત – સનત ચક્રવર્તી.

૬. સંસાર ભાવના : – આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી ક્યારે છુટીશ ? એ સંસાર મારો નથી; હું મોક્ષમયી છું. એમ ચિંતવવું તે સંસાર ભાવના.

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા ! !
ઉઘાડ ન્યાય – નેત્રને નિહાળ રે ! નિહાળતું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જેમા એકાંત અને અનંત સુખના તરંગ ઉછળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળી જઈને મિત્રરૂપે ન ' માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારના નામ માત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે. એ કેવી વિચિત્રતા છે ! અહો ચેતન હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે ! નિહાળ ! ! ! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહાવૈરાગ્યને ધારણ કર અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે.

દૃષ્ટાંત : – મૃગાપુત્રનું.

૭. આશ્રવ ભાવના : – રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક સર્વ આશ્રવ છે. એમ ચિંતવવું તે આશ્રવ ભાવના ૧૨ પ્રકારની અવિરતિ, ૧૬ પ્રકારના કષાય, ૯ નોકષાય, ૫ પ્રકારના મિથ્યાત્વ અને ૧૫ પ્રકારના યોગ એ સઘળામળી સતાવન આશ્રવ દ્વાર એટલે પાપને પ્રવેશ કરવાનાં પ્રનાળ છે, રસ્તા છે. માટે તેને ઓળખી ઓળખી દૂર કરવાના ઉપાય કરવા.

દૃષ્ટાંત – પુંડરિક અને કુંડરિક નામના બે ભાઈઓનું.

૮ સંવર ભાવના : – જ્ઞાન ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવાં કર્મ બાંધે નહીં તે આઠમી સંવર ભાવના. આશ્રવભાવનામાં જે આશ્રવ એટલે કર્મ આવવાનાં જે દ્વાર કહ્યા તેને સર્વ પ્રકારે રોકવા પુરૂષાર્થ કરવો ને સંવર ભાવના.

દૃષ્ટાંત – (૧) પુંડરિક (૨) વ્રજસ્વામી અને રુક્મિણીનું

૯ નિર્જરા ભાવના : – જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે. એમ ચિંતવવું તે નિર્જરા ભાવના.

બાહ્ય તેમ આભ્યંતર તપ વડે કરી કર્મ ઓઘને બાળીને ભસ્મીભૂત કરી નાખવા તેનું નામ નિર્જરા ભાવના.

અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેષ અને સંલીનતા એ છ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે. નિર્જરા બે પ્રકારે છે એક અકામ નિર્જરા અને બીજી સકામ નિર્જરા. અકામ નિર્જરા તો જીવ કોઈ પણ ભવમાં કરે છે. તેના કારણે જ જીવ મનુષ્ય ભવ પામે છે. મનુષ્ય ભવમાં બન્ને પ્રકારની નિર્જરા થઈ શકે છે. અજ્ઞાનીને અકામ નિર્જરા થાય છે. જ્યારે જ્ઞાનીને અકામ તેમ જ સકામ નિર્જરા બન્ને થાય છે. અકામ નિર્જરા એટલે ઉદય પ્રાપ્ત કર્મ ઉદય પ્રમાણે ફળ આપી નિર્જરી જાય તે. પણ તે સાથે રાગદ્વેષ અજ્ઞાન ને કારણે નવા કર્મ ઉત્પન્ન થાય છે.

જ્યારે સકામ નિર્જરા એટલે જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના વડે તેમ જ સમતા ભાવનું પાલન કરીને ઉદય આવેલા કર્મની નિર્જરા કરવામાં આવે તે સમભાવને કારણે નવા કર્મો બંધાતાં નથી.

દર્ષાંત : – દઢ પ્રહારીનું.

૧૦ લોકસ્વરૂપ ભાવના : – ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે લોક સ્વરૂપ ભાવના.

જેમ પુરૂષ બે હાથ કેડે દઈ પગ પહોળા કરી ઊભો રહે તેમ લોકનાલ કિંવા લોકસ્વરૂપ જાણવું. તીરછા થાળ ને આકારે તે લોકસ્વરૂપ છે. નીચે ભુવનપતિ, વાણવ્યંતર અને સાત નરક છે. તીરછે અઢી દ્વીપ આવેલા છે. ઊંચે બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને તે પર અનંત સુખમય પવિત્ર સિદ્ધગતિની પડોશી સિધ્ધ શિલા છે. તે લોકાલોક પ્રકાશક સર્વજ્ઞ સર્વદર્શી અને નિરૂપમ કેવલ્ય જ્ઞાનીઓએ ભાખ્યું છે.

૧૧ બોધ દુર્લભ ભાવના : સંસારમાં ભમતા આત્માને સમ્યક્જ્ઞાન – દર્શનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે. તેમ જ સર્વવિરતિ પરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે. એમ ચિંતવવું તે બોધ દુર્લભ ભાવના.

૧૨. ધર્મ દુર્લભ ભાવના : –યથાર્થ ધર્મના ઉપદેશક એવા તથા શુદ્ધ ધર્મના બોધક ગુરુ મળવા દુર્લભ છે અને તેમની પાસેથી શ્રુતધર્મનું શ્રવણ થવું દુર્લભ છે એમ

ચિંતવવું તે ધર્મ દુર્લભ ભાવના.

સંસાર પરિભ્રમણથી મુક્ત થવા. અનંત સુખને પ્રાપ્ત કરવા માટે ઉત્કૃષ્ટ વૈરાગ્યની જરૂર છે. તે વૈરાગ્ય ને દઢ કરવાને શક્તિમાન એવી આ બાર ભાવનાઓ છે જેને મુક્ત થવું છે. મુક્તિ મેળવવી છે તેણે વૈરાગ્ય ભાવનાને દઢ કરવા માટે આ બાર ભાવનાની અનુપ્રેક્ષા અવશ્ય કર્તવ્ય છે.

શ્રેણી ૨. પ્રશિક્ષણ

પરમ પૂજ્ય બાપુજી દ્વારા.

સાધના કરતાં સાધકોમાંથી સાધનામાં આગળ વધેલા સાધકોને આગળ વધવા માટે " છ પદ "નું આરાધન કેમ કરવું. જીવના લક્ષણો સમતા, રમતા ઉરધતા. જ્ઞાયકતા, વેદકતા, સુખભાસ. ચૈતન્યતા ને કેવી રીતે ચિંતવવા તે માટે માર્ગદર્શન આપ્યું. અને તેનાથી સાધકોને આગળ વધવામાં પણ સહાય થઈ. શકી

સમાપન –

બ્ર. નિ. ભાઈશ્રી નલિનભાઈ દ્વારા દરરોજ જે કાંઈ પ્રશિક્ષણ આપવામાં આવતું તેનું સમાપન ટૂંકામાં કરવામાં આવતું. કયાં કેટલો ભાર મૂકવો તેની સમજણ આ સમાપન વખતે તેઓશ્રી દ્વારા પણ સાધકોને મળી.

શ્રેણિ ૧ (કક્ષા)

(તા. ૧૫ થી ૨૧ મે, ૧૯૮૯)

પ્રાશિક્ષણ

બ્ર. નિ. નવનીતભાઈ

આ જીવ આત્મસ્વરૂપ સમજ્યા વિના અનંત દુઃખ પામ્યો છે. અનંતકાળ પરિભ્રમણ કર્યું છે. અનંતકાળનું પરિભ્રમણ ટાળવા માટે, જે જ્ઞાનીએ આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ યથાતથ્ય સમજી, તે માર્ગે ચાલી આત્માનુભવ કર્યો છે તેમનું અવલંબન લઈ, તેમનો બોધ-ઉપદેશ પામી, આત્માર્થી જીવે મંડી પડવું જોઈએ.

માર્ગ વિકટ હોય, તેમાં વળી રાત્રી અંધારી હોય અને રસ્તો અજાણ્યો હોય, તે વખતે અવશ્ય ભોમિયાની જરૂર હોય છે. ભોમિયા વિના અજાણ્યા વિકટ રસ્તામાં હેરાન થવાનો, દુઃખી થવાનો, ભૂલા પડવાનો, લૂંટાવાનો અને માર ખાવાનો સંભવ રહે છે. એવી જ રીતે ધ્યાન-માર્ગમાં ચાલનાર મુસાફરોને-મુમુક્ષુઓને સદ્‌ગુરુ રૂપ ભોમિયાની અવશ્ય જરૂર પડે છે.

એવા મુમુક્ષુને સદ્‌ગુરુ ઉપદેશ આપે છે કે અનાદિ કાળથી મલિન અને મોહાધ આ જીવ જે હેતુ વડે શુદ્ધ થાય તે તેનું હિત છે, તે તપ છે અને વિજ્ઞાન છે.

જ્ઞાનીઓનો ઉપદેશ છે કે : જીવોને વિશે સમપણું રાખ, ચિત્તને વિશે આત્મસ્વરૂપનું ચિંતન કર અને મનની શુદ્ધિ કરીને ભાવના વડે ચિત્તને વાસિત કર.

મન આત્માની નજીકની વસ્તુ છે, મનને વશ કર્યા સિવાય આત્મસ્વરૂપ પ્રગટ થતું નથી. વશ કરવું એટલે કેળવવું. યોગ્ય માર્ગે ગમન કરાવવું અને અયોગ્ય માર્ગથી પાછું વાળવું નહિ કેળવાયેલ મન સુખમાં દુઃખ દેખાડે છે અને દુઃખમાં સુખ દેખાડે છે. અયોગ્યને યોગ્ય મનાવે છે, યોગ્ય તે અયોગ્ય મનાવે છે. ગમે તો પરિણામ ખરાબ આવવાનું હોય, તેમ સમજાયું હોય છતાં પણ તે ભાન ભૂલી, મને એમ માન્યું કે આમ કરવાથી મને આનંદ આવશે તો તે, તે પ્રમાણે કરે છે. મતલબ કે આ સર્વ જન્મ-મરણાદિ જંજાળ મનને લઈને જ ઊભી થાય છે અને મનની મહેરબાનીથી જ જન્મમરણનો નાશ થાય છે. માટે મનને કેળવવાની-યોગ્ય માર્ગે લગાડવાની પૂર્ણ જરૂર છે.

સદ્ગુરુ દેવ કહે છે કે હે ભવિ જીવ! આ મનને તું સર્વે પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખતાં શીખવ. સમભાવ તે રાગદ્વેષ વિનાની નિર્લેપ સ્થિતિ છે. સર્વ જીવો પોતાના સમાન સરખા જ છે. આત્મસત્તાએ વિચાર કરતાં કોઈ જીવ નાનો, મોટો, ઓછો-વધારે નથી. જેવું તને સુખ વહાલું છે અને દુઃખ અનિષ્ટ છે તેવું જ સર્વ જીવોને પણ છે; માટે સર્વ જીવો પર સમદૃષ્ટિ રાખ. કહ્યું છે કે :

કર્મના વિષમપણાનો વિચાર ન કરતાં જ્ઞાનના અંશની સાથે મેળવતાં યા વિચાર કરતાં આ જગતના સર્વ જીવો એકસરખા છે, એમ વિચાર કરી જે મનુષ્ય સર્વ આત્માઓને પોતાની સાથે અભેદપણે જુએ છે, તે સમભાવની સ્થિતિવાળો મનુષ્ય મોક્ષે જાય છે.

આથી એમ જણાય છે કે કર્મની વિષમતાથી (વિચિત્રપણાથી) ભિન્ન ભિન્ન, નાનું-મોટું, સારું-નઠારું આ જગત દેખાય છે, પણ તે જીવોની અંદર સત્તા રૂપે રહેલ આત્મસ્વરૂપની સાથે સરખામણી કરવામાં આવે તો રાગદ્વેષની પરિણતિવાળું વિષમપણું દેખાતું નથી, કારણ કે આત્મસ્વરૂપ સર્વ જીવોનું એકસરખું છે, એટલે દેહદૃષ્ટિ મૂકી દઈ સર્વ જીવોને તું આત્મસ્વરૂપે જોયા કર. ચિત્તને વિશે તારા શુદ્ધ આત્મસ્વરૂપનો જ વિચાર કર.

મનમાંથી અનાત્મ જડ જગત સંબંધી વિચારો દૂર કરી તારા આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે તેનો વિચાર કરવાનો મનને અભ્યાસ પાડ અને મનની શુદ્ધિ કરીને ચિત્તને ભાવના વડે વાસિત કર.

સર્વ જીવો પર સમભાવ રાખવાથી, અને આત્મસ્વરૂપનું ચિંતન કરવાની ટેવ પાડવી, મનઃશુદ્ધિ થઈ જ જશે. બીજા જે કોઈ ઉપાયો હોય તે જ્ઞાની પુરુષથી જાણીને, તે ઉપાયો કરીને પણ, તું મનની શુદ્ધિ કર, અને કંઈક શુદ્ધ થયેલા મનને ભાવના વડે તું વાસિત (સુગંધીત) કર.

સર્વ જીવોમાં સમભાવ રાખવો, આત્મસ્વરૂપનું ચિંતન કરવું અને મનની શુદ્ધિ કરવી; તે ઉપાય એટલો બધો મજબૂત છે, કે મનને આત્મસ્થિતિમાં લીન કરાવી દે તેમ છે, તો પછી ભાવના વડે ચિત્તને વાસિત (સંસ્કારિત) કરવાનું શું પ્રયોજન હશે એ આશંકાનું સમાધાન આમ કરી શકાય તેમ છે કે, અચોક્કસ સ્થિતિવાળા અમજબૂત સંસ્કારો ગમે તે જાતના પાડો પણ તેનું સંગીન ચોક્કસ સ્થિતિવાળું પરિણામ આવતું નથી પણ એકાદ દઢ મજબૂત સંસ્કાર ઘણી પ્રબળતાથી મન ઉપર પાડવામાં આવ્યો હોય તો તેની અસર કાયમને માટે મજબૂત પડી રહે છે અને તેવી સ્થિતિવાળા માટે આ સર્વ માટે એક પણ ઉપાય મનને વિશુદ્ધ કરવા માટે પૂરતો છે, તે સિવાયનાને માટે અનેક ઉપાયો કરતાં કાળાંતરે કોઈ ઉપાય ચોક્કસ લાગુ પડી જાય છે.

વળી ભાવના વડે, મનને સંસ્કારિત કરવાનું કારણ, એમ પણ છે કે, સંસારની અનિત્યતા, અશરણતા, વિષમતા વિગેરેના સંસ્કારો મજબૂત રીતે મન પર પાડયા હોય તો વિષયો તરફથી તે મન ઘણી જ સહેલાઈથી પાછું ફરે છે. અને પાછું ફર્યા પછી પણ, તે વિચાર વિનાનું તો રહી શકતું નથી, કારણ કે મનને ઘણા કાળનો વિચાર કરવાનો દઢ અભ્યાસ પડેલો છે. એટલે તેને આત્મસ્વરૂપના ચિંતનમાં ગોઠવવાથી, સંસારની વસ્તુઓથી વિરક્ત થયેલું મન, ઘણી સહેલાઈથી આત્મચિંતનમાં પ્રવેશ કરશે અથવા કંઈક સમભાવ આવવાથી અને આત્મચિંતન

તરફ તેનું વલણ થયેલું હોવાથી મનની શુદ્ધિ સારી રીતે થઈ શકે છે અને તેવા મનમાં ભાવના ઘણી સહેલાઈથી દઢ સંસ્કાર સ્થાપિત કરે છે. આમ અન્યોન્ય આશ્રયથી પણ મનશુદ્ધિમાં વધારો થવો સંભવ છે.

આશય એવો છે કે, ગમે તે પ્રકારે પણ મનની શુદ્ધિ તો કરવી જ પડવાની, અને તે શુદ્ધિ જ, ધ્યાનમાં વધારે ઉપયોગી થઈ પડવાની.

આ ભાવનાઓ અનિત્યાદિક બાર કહેલી છે. તેમ જ બીજી જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને વૈરાગ્ય, એ ચાર ભાવનાઓ પણ કહી છે.

ભાવના એટલે વિચારણા; કોઈ પણ એક વસ્તુના સ્વભાવના સંબંધમાં વિચાર કરી તેનો નિર્ણય કરવો, મન ઉપર તેના નિશ્ચયપણાની સચોટ અસર કરવી, જેમ કે કોઈ વસ્તુ ઉપર બીજી જુદા સ્વભાવની વસ્તુના પુટ દેવામાં આવે છે અને તેની એટલી બધી અસર થાય છે કે મૂળ વસ્તુનો સ્વભાવ બદલાઈ જઈ, જે વસ્તુનો પુટ આપવામાં આવ્યો છે તેનો સ્વભાવ તે વસ્તુમાં દાખલ થઈ જાય છે. આનું નામ છે ભાવના.

તેવી જ રીતે અનાદિકાળથી, વિવિધ પ્રકારના પુદ્ગલોનો અનુભવ કરતાં, રાગદ્વેષ કરવાનો સ્વભાવ મનને પડેલ છે. પુદ્ગલોમાં સુખની ભ્રાંતિ થયેલી છે. તે રાગદ્વેષ કરવાનો સ્વભાવ અને સુખની ભ્રાંતિ, તેમાં

સત્ય શું છે, તેનો ખરો સ્વભાવ શો છે તેનો વારંવાર મન દ્વારા વિચાર કરી મન ઉપર તેની સચોટ અસર કરવી.

મન, તેના પૂર્વના સ્વભાવને ભૂલી જઈ, આ નવીન વિચાર પ્રમાણે જ, પોતાનો સ્વભાવ ગ્રહણ કરે, એનું નામ ભાવના છે. આ ભાવનાઓ અનિત્યાદિ બાર છે અને જ્ઞાનાદિક ચાર છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એ ચાર ભાવના વડે દઢ નિશ્ચયવાળો મુનિ-સાધક ધ્યાનમાં સ્થિર થાય છે.

જ્ઞાન ભાવના :- વાંચવું, પૂછવું, સારી રીતે મનન કરવું, પરિવર્તન કરવું (ગણી જવું, યાદ કરવું) અને ધર્મ કહેવો આ જ્ઞાનભાવના જાણવી.

જ્ઞાન વડે મનને વાસિત કરવું તે જ્ઞાનભાવના છે. આત્મઉપયોગ જાગ્રત રહે, અશુભ વિકલ્પો ઓછા થાય, શુભ પ્રવૃત્તિ કે જે, આત્મસ્વરૂપનો નિર્ણય કરવામાં, કે સ્થિર કરવામાં, સહાયભૂત થાય છે, તેનો વધારો થાય, તેવી જાતના, મન ઉપર સંસ્કારો દઢ થાય, તે માટે આત્મજ્ઞાન સંબંધી ગુરુ પાસેથી ઉપદેશ સાંભળવો, આત્મજ્ઞાનના સાધનભૂત સિદ્ધાંતો (ગ્રંથો) ભણવા, અન્યને ભણાવવા, તેમાં જે જે જ્યાં જ્યાં આશંકાઓ ઉદ્ભવે, તેનું સમાધાન, ગુરુ તરફથી મેળવવું, અગર આપણાથી અધિક જ્ઞાનવાન હોય તેમને પૂછવું, તેનું સારી રીતે મનન કરવું, તે અર્થને વારંવાર મનમાં ઠસાવવો, વિવિધ પ્રકારના તર્કો કરી તેનું સમાધાન કરવું,

તે તત્ત્વ આદરવા લાયક આપણા સ્વભાવરૂપ થઈ જાય તેવા વિચારો દઢ કરવા, તેનું વિસ્મરણ થઈ ન જાય તે માટે વારંવાર તેનું પરિશીલન કરવું, એટલે શાંતિને વખતે અવકાશને વખતે તે યાદ કરી જવાં અને અન્યને સ્વપર બુદ્ધિથી તેનો ઉપદેશ આપવો, તે સંભળાવવાં ઈત્યાદિમાં મનને સારી રીતે પ્રવીણ કરવું, જોડી દેવું; તે જ્ઞાનભાવના કહેવાય છે.

દર્શન ભાવના :– સંવેગ, ઉપશમ, સ્થિરતા, દઢ નિશ્ચયતા, નિરભિમાન અથવા અનાશ્ચર્યતા, આસ્થા (શ્રદ્ધા), અનુકંપા; એ સમ્યક્ત્વ ભાવના જાણવી.

દર્શન ભાવનાનું બીજું નામ સમ્યક્ત્વ ભાવના છે. મોહનીય કર્મ સંબંધી, દર્શન મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવાથી, આ દર્શનભાવનાની પ્રાપ્તિ થાય છે. આ ભાવના વડે અંતઃકરણને સંસ્કારિત કરવાથી આ ગુણ, ઘણી સહેલાઈથી પ્રગટ થાય છે. દેવ અને મનુષ્યાદિના, વિવિધ પ્રકારના સુખની અભિલાષા, જ્યાં સુધી ઓછી ન થાય, અને જ્યાં સુધી કેવળ આત્મસુખનો અભિલાષી, આ જીવ ન થાય, ત્યાં સુધી સંવેગ પ્રગટ થતો નથી. આ લોકના અને પરલોકના સુખની વાસના (ઇચ્છા), જ્યાં સુધી વિરામ ન પામે, ત્યાં સુધી આત્મસ્થિતિ કેમ પ્રગટ થાય?

દેહાદિ, પુદ્ગલજન્ય સુખ, ઘણા પ્રયાસે, પ્રાપ્ત થનારું છે, ક્ષણિક છે, અસાર છે અને તેમાં રાખેલી

અસક્તિ પરિણામે દુઃખ ઉત્પન્ન કરનારી છે. એની ઇચ્છાનો જ્યાં સુધી છેદ-નાશ ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ જે આત્મગુણ છે તેને પ્રાપ્ત કરવાની આશા સ્વપ્નમાં પણ ન રાખવી.

મનમાંથી વેર વિરોધની વાસના-ભાવનાને તદ્દન કાઢી નાખી તેને ઠેકાણે અપરાધીઓને પણ ક્ષમા (માફી) આપનારી કોમળતાવાળી ઉપશમ ભાવનાને સ્થાપિત કરવાથી સમ્યક્ત્વ નામનો આત્મગુણ પ્રગટ થાય છે.

જ્યાં હૃદય વિવિધ પ્રકારની આશા, ઇચ્છા કે તૃષ્ણાને લીધે આકુળવ્યાકુળ થઈ રહ્યું હોય, ઘડીભર પણ પરમ શાંતિમાં બેસવાની સ્થિરતા મળતી ન હોય, મનમાં નાના પ્રકારના વિચાર કે વિતર્કો ચાલતા હોય કે તેવા ચંચળતા-વાળા મનમાં સમ્યક્ત્વ ગુણ કેવી રીતે પ્રગટ થાય? આત્મભાવમાં અને પુદ્ગલોમાં આસક્તદશા, આ બન્નેને સૂર્ય અને અંધકારના જેટલો તફાવત છે.

થોડો વખત પણ વિષયાદિક કામનાના વિચારોથી મનને શાંતિ આપી અર્થાત્ તેવા અન્ય વિચારોને દૂર કરી આત્મભાવમાં સ્થિરતાનો અનુભવ કરવાથી—મનને શાંત રાખવાથી, સ્થિર અને નિર્મળ થયેલ પાણીમાં નીચે પડેલ વસ્તુ જેમ દેખાઈ આવે છે તેમ મનને આત્મામાં સ્થિરતાનો આશ્રય કરાવવાથી તેમાં સમ્યક્ત્વરૂપ આત્મગુણ પ્રગટ થઈ આવે છે.

આત્મા છે :– આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોગવનારો છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આત્મા છે તે અનુભવસિધ્ધ ચોક્કસ છે. દેહના અધ્યાસથી દેહ જેવો દિસે છે પણ તે અજ્ઞાનદશા જ છે. દેહ અને આત્મા બન્ને જુદા જ છે. આત્મા ચૈતન્ય લક્ષણ જ્ઞાતા-દ્રષ્ટા છે. દેહનું લક્ષણ જડ છે. તલથી તેલ, દૂધથી ઘી, તલવારથી મ્યાન વગેરે પ્રત્યક્ષ જુદાં છતાં વિચાર નહીં કરનારને એકરૂપ દેખાય છે; તેમ સૂક્ષ્મદ્રષ્ટિથી વિચાર કરનારને આત્મા દેહથી જુદો દેખાય છે. આત્માની સત્તાથી જ પાંચે ઈન્દ્રિયો, દેહ અને મનાદિકનું જ્ઞાન થાય છે અર્થાત્ આ સર્વને જાણનાર આત્મા જ છે. આત્મા છે કે નહિ, એવી શંકા કરનાર જ આત્મા પોતે છે.

આત્મા નિત્ય છે :– આત્મા નિત્ય છે. દ્રવ્યની અપેક્ષા-એ આત્મા નિત્ય છે. દેવ, મનુષ્ય, જાનવર આદિ પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે. બાળ, યુવાન, વૃદ્ધાદિ ત્રણે વયનું જ્ઞાન એક આત્માને જ થાય છે અથવા નેત્રાદિક ઈન્દ્રિયોથી જે કાંઈ પદાર્થ જોયો હોય, સાંભળ્યો હોય, અનુભવ્યો હોય, પછી તે નેત્રાદિકમાંથી કોઈ ઈન્દ્રિયનો નાશ થાય છતાં તે ઈન્દ્રિયથી અનુભવેલ વિષયનું જ્ઞાન તો બન્યું જ રહે છે, તેનો નાશ થતો નથી. આથી ચોક્કસ નિર્ણય થાય છે કે દેહનો નાશ થતાં પણ જ્ઞાતા-દ્રષ્ટા આત્માનો નાશ થતો નથી.

આત્મા કર્મનો ભોક્તા છે :– આત્મા કર્મનો કર્તા છે.

આત્મા જે ચૈતન્ય શક્તિ તેની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? પુદ્ગલો જડ છે, તેમાં સ્વતંત્ર કર્મ-ગ્રહણની શક્તિ ક્યાંથી હોય? જડ પદાર્થમાં કોઈ પણ પ્રકારની સ્વતઃ પ્રેરણાશક્તિ નથી. જો હોય તો પ્રાણરહિત દેહથી ક્રિયા કેમ થતી નથી? ચેતન ધારે છે તો પ્રવૃત્તિ કરે છે અને ધારે છે તો બધી પ્રવૃત્તિ અટકાવી પણ શકે છે.

આથી એ જ નિર્ણય થાય છે કે કર્મ કરવા ન કરવાની પ્રેરણા શક્તિ આત્મામાં જ છે. આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં વર્તે છે, ત્યારે કર્મનો કર્તા નથી, ત્યારે તો સ્વભાવરમણના એ જ તેનું કર્તાપણું છે અને જ્યારે આત્મભાન ભૂલી પરભાવમાં આત્માની પ્રવૃત્તિ થાય છે ત્યારે તે કર્મનો કર્તા છે.

આત્મા કર્મનો ભોક્તા છે :– આત્મા કર્મનો ભોક્તા છે. તે ભ્રાંતિવડે જીવ વિસ્ફુરાયમાન થઈ જડ પુદ્ગલો કર્મો ગ્રહણ કરે છે. ઝેર કે અમૃત પોતે જાણતાં નથી કે મારે અમુક માણસને મારવો છે કે સુખી કરવો છે, તથાપિ તેનો ઉપયોગ કરવાથી તેને તેમ થાય છે. એવાં જ રીતે શુભાશુભ કર્મ પોતે સુખદુઃખના હેતુરૂપ છે એમ જાણતો નથી કારણ કે તે જડ છે તથાપિ ગ્રહણ કરનાર જીવને સુખ-દુઃખનો અનુભવ તો મળે જ છે. જો કર્મનો ઉપભોગ કરનાર જીવને ન માનીએ તો સુખ-દુઃખ, હર્ષ-શોક માન-અપમાન કોને થાય છે? તેનો ઉપભોગ કરનાર બીજો કોણ છે? બીજો કોઈ જ નથી માટે આત્મા જ કર્મનો ભોકતા છે.

મોક્ષ છે :– કર્મક્ષયથી મોક્ષ થાય છે. શુભાશુભ કર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. કર્મ વધે છે અને ઘટે પણ છે, તેમાં વધઘટ થતી જ રહે છે. કોઈ ક્રિયાથી થોડી ઓછાશ થાય છે, તો એક ક્રિયા એવી પણ હોવી જોઈએ કે જે તેનો સર્વથા નાશ કરે છે અને તેના ક્ષયથી મોક્ષ થાય છે.

મોક્ષનો ઉપાય :– કર્મદશા અજ્ઞાન ભાવથી થાય છે અને જ્ઞાનભાવમાં આવવું તે મોક્ષદશા છે. જેમ પ્રકાશ આવવાથી અંધકાર દૂર થાય છે તેમ જ્ઞાનભાવથી કર્મનો નાશ થાય છે. કર્મબંધનાં જે જે કારણો છે તે તે કારણોના પ્રતિપક્ષરૂપ કારણોનું-સાધનોનું સેવન કરવાથી તેને બંધનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરાવે છે.

રાગદ્વેષ–અજ્ઞાન આ મુખ્ય રીતે કર્મબંધનાં કારણો છે. આત્મજ્ઞાનથી–આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષથી આ સર્વનો નાશ સાધી શકાય છે. જેમ ક્ષમા નમ્રતા સરળતા અને સંતોષથી અનુક્રમે ક્રોધ માન, માયા અને લોભનો નાશ કરી શકાય છે, તેમ જ આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષથી મોહ અને અજ્ઞાનાદિનો નાશ થઈ શકે છે અને તેથી કર્મબંધથી મુક્ત થવાય છે, અને તેને પરિણામે મોક્ષ થાય છે. માટે મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.

સમ્યકત્વના નિવાસનું સર્વોત્કૃષ્ટ સ્થાનક :– ઉપરની છ વાતોનો દૃઢ નિશ્ચય થવો જોઈએ. તેના દૃઢ નિશ્ચયથી મનને વાસિત કરવું. તેથી સમ્યકત્વ થાય છે.

પુદ્ગલ પદાર્થો વિવિધ રંગના, વિવિધ રસવાળા, વિવિધ ગંધવાળા, વિવિધ સ્પર્શવાળા અને વિવિધ શબ્દો ઉત્પન્ન કરનારા છે. સારામાં સારો દેખાવ આપી થોડા જ વખતમાં ખરાબમાં ખરાબ સ્વરૂપ ધારણ કરે છે અને ખરાબ દેખાવ આપી તેના તે જ પુદ્ગલો સારો દેખાવ આપે છે. સુંદર દેખાવવાળા, મિષ્ટ સ્વાદવાળા અને મોહક સુગંધવાળા ભોજનાદિ પદાર્થો થોડા જ વખતમાં વિષ્ટારૂપ થઈ ખરાબ દેખાવ આપે છે. તે જ વિષ્ટાદિ ખરાબ પદાર્થ ખાતરરૂપે થઈ રૂપાંતરે પાછા સુંદર અનાજ ફળ, ફૂલ, વૃક્ષ, છોડવા, દૂધ, ઘી, વસ્ત્ર અને વિવિધ પ્રકારનાં ઉપભોગનાં સાધનરૂપે દેખાવ આપે છે. આ પદાર્થોની રમણીયતા કે દુર્ગંધનીયતા દેખીને કાંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ એ દરેક પુદ્ગલ પદાર્થની પરંપરાથી ચાલતી આવતી ત્રણે જાતની સ્થિતિ થાય છે. તેનો જો ચોક્કસ નિર્ણય મન ઉપર ભાવિત કર્યો હોય તો આ દુનિયામાં વિકારવાળા ફેરફારથી કાંઈ પણ આશ્ચર્ય જેવું રહે જ નહિ. આ આશ્ચર્ય વિનાની સ્થિતિવાળું મન થાય તે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ કે દઢતાનું જ કારણ છે, તે કારણ એટલા માટે કે આત્મા પોતાની શુદ્ધ સ્થિતિમાં આવા ફેરફાર વિનાનો છે તે આ ઉપરથી નિશ્ચિત થાય છે.

જડ પદાર્થની પ્રાપ્તિથી ગર્વ–અભિમાન નહી કરનારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. બારીક વિચાર કરતાં માલૂમ પડશે કે જડ પદાર્થમાં થતી આસક્તિથી જ

મનુષ્યોને ગર્વ થાય છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિથી તો મનુષ્ય શાંતિમય જિંદગી ભોગવે છે અને પરમશાંતિમાં જ વિશ્રાંતિ લે છે.

શરૂઆત એવી રીતે થાય છે કે કોઈ પણ પ્રામાણિક અને આત્મજ્ઞાનના અનુભવી પુરુષમાં પ્રથમ શ્રદ્ધા રાખવાની જરૂરિયાત છે. તેના વચન પર શ્રદ્ધા રાખી અમુક વખત સુધી અમુક જાતની યોગ્યતા પોતામાં પ્રગટ થાય ત્યાં સુધી તેના કહ્યા પ્રમાણે આત્મવિશુદ્ધિ માટે ચાલવું જ પડે છે. આત્મસ્વરૂપ એવી વસ્તુ નથી કે પ્રત્યક્ષ રીતે દેખાઈ શકાય. તે અનુભવગમ્ય છે.

પ્રયત્ન કરનારને પોતાને જ તેનો અનુભવ થાય છે. બીજાને અનુભવ કરવો હોય તો તેણે પણ તે અનુભવ કરનારના કહેવા પ્રમાણે પ્રયત્ન કરવો જોઈએ. મતલબ કે શરૂઆત શ્રદ્ધાથી થાય છે. અને જેમ જેમ યોગ્યતા વધતી જાય છે તેમ તેમ અનુભવ વધતો જાય છે. માટે શરૂઆતમાં કોઇ પ્રામાણિક મહાપુરુષ આત્મજ્ઞાનનો અનુભવ કરનાર હોય તેના પર શ્રદ્ધા રાખી તેના કહ્યા મુજબ વર્તન કરવાનું જે કહ્યું છે તે સત્ય છે, યોગ્ય જ છે. મારા હિત માટે જ છે, મને તેનાથી અવશ્ય ફાયદો થશે જ, આવી શ્રદ્ધા રાખી આત્મવિશુદ્ધિ માટે પ્રયત્ન કરવો. વાતોથી વડાં થતાં નથી, પ્રયત્નની ખાસ જરૂરિયાત છે. યોગ્ય પ્રયત્ન અવશ્ય ફળ આપે છે. આ શ્રદ્ધા-ગુણ શુદ્ધ સમ્યક્ત્વને પ્રગટ કરે છે અને શ્રદ્ધા પોતે જ જ્ઞાનદશાં છે.

હૃદય કોમળતાવાળું, દયાથી આર્દ્ર થવું જ જોઈએ. દુઃખી જીવોને દેખી તેમની મદદે દોડી જવાની વૃત્તિ રોમેરોમમાં થવી જોઈએ. અર્થાત્ હૃદયને અનુકંપાથી વાસિત (ભાવિત) કરવાથી તેમાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આ પ્રમાણે વિવિધ પ્રકારના વિચારો અને વર્તનથી મનને સારી રીતે વાસિત કરવું તેને સમ્યક્ત્વ અથવા દર્શન-ભાવના કહે છે.

ચારિત્ર ભાવના :- ચાલવા આદિના સંબંધમાં સંયમ નિગ્રહ કરવો, મન-વચન-કાયાથી ગુપ્તિ કરવી અને પરિસહ સહન કરવા તે ચારિત્રભાવના છે.

સારામાં સારી રીતે નિર્દોષ જીવન પસાર કરવું તેને ચારિત્ર કહે છે. તે સંબંધી મન ઉપર દૃઢ સંસ્કાર બેસાડવા તે ચારિત્રભાવના છે. ચારિત્રભાવનાથી નવીન કર્મ આવતાં અટકાવવાનું અને પૂર્વના સંસ્કારોને કાઢી નાખવાનું બળ મનુષ્યોમાં આવે છે. આ સંસારની અંદર રહીને કર્મ ન આવવાના રસ્તાઓ જયાં અટકાવી શકવાનું વ્યવહારના જરૂરી પ્રસંગને લઈને બનતું નથી ત્યાં તેને જરૂરિયાત અને લાયકાત મુજબ મર્યાદામાં મૂકવાનું અર્થાત્ સંક્ષિપ્તમાં બને ત્યાં સુધી બહુ જ થોડી પ્રવૃત્તિ કરવાનું કામ, વિચારવાનોએ કરવું જોઈએ. અને જયાં અશુભને આવવાનો માર્ગ હોય ત્યાંથી અશુભને અટકાવી શુભને આવવાનો રસ્તો ખૂલ્લો કરવો જોઈએ.

એકદમ સર્વ ક્રિયાઓ અટકાવી શકાતી નથી અને

તેમ એકદમ અટકાવવા જતાં તેનું પરિણામ વિપરીત આવે છે, માટે શરૂઆતમાં શુભ ક્રિયાઓનો વધારો કરી અશુભ ક્રિયાઓમાં પ્રવૃત્તિ તદ્દન અટકાવવી અને છેવટે તે શુભને પણ આત્મબળથી અટકાવવી; આ માર્ગ છે. ચારિત્રભાવનાના બળથી તે રસ્તો સહેલાઈથી મળી શકે છે.

ઇર્યાસમિતિ—ચાલવા (જવા-આવવા) સંબંધી યતના રાખવી કે કરવી એટલે રસ્તે જતાં-આવતાં નીચી દૃષ્ટિ કરી કોઈ નાના મોટા જીવોને ઉપદ્રવ ન થાય તેવી રીતે ચાલવું.

ભાષાસમિતિ—બોલવાનું બને ત્યાં સુધી સામાને પ્રિય લાગે તેવું અને અન્યને હિતકારી હોવા સાથે, સત્ય હોવું જોઈએ. પૂર્વાપર વિચાર કરી, જરૂરિયાત જેટલું પ્રસંગે બોલવું.

એષણા સમિતિ—આહાર, ભોજનાદિ નિર્દોષ અને સાત્ત્વિક રાખવો અને સ્વસ્થ જમવું.

આદાનભાંડનિક્ષેપણા સમિતિ—કાંઈ પણ લેવું-મૂકવું હોય તો તે દૃષ્ટિથી તપાસી, દૃષ્ટિનો વિષય જ્યાં ન પહોંચે તેવો હોય ત્યાં વસ્ત્રાદિથી પૂંજી પ્રમાર્જીને લેવું-મૂકવું

પારિષ્ઠાપનીકા સમિતિ—ત્યાગ કરવા લાયક વસ્તુ યોગ્ય નિર્જન્તુ ભૂમિ તપાસી કોઈ જીવને ઉપદ્રવ ન થાય તેવી રીતે ત્યાગ કરવી.

મનોગુપ્તિ—બને ત્યાં સુધી મનમાં ઉત્પન્ન થતા વિકલ્પો અટકાવી મનને શુદ્ધ આત્માકાર પરિણમાવવું. તેમ બનવું અશકય જણાય તો પરમાત્મસ્મરણ, વસ્તુ તત્ત્વના વિચારમાં કે તેવા જ કોઈ સાકાર ધ્યાનમાં મનને જોડી દેવું, ઇષ્ટદેવ-ગુરુની જીવિત કે કલ્પિત મૂર્તિમાં અગર તેમના કોઈ પ્રબળ જ્ઞાનાદિ ગુણમાં મનને લીન કરવું.

વચન ગુપ્તિ-બની શકે તો બોલવું બંધ કરી દેવું અથવા જરૂરિયાત જણાય તો ધર્મોપદેશમાં કોઈના ભલામાં અને વાંચન આદિ શુભકાળમાં જોડી દેવું.

કાય ગુપ્તિ—શરીરને એકાંત સ્થાનમાં આસન કરી, ધ્યાનસ્થ બેસી શકાય તેવા કામમાં સ્થિર રાખવું. જરૂરી પ્રસંગે બીજા પણ શરીરથી થતા શુભ કાર્યમાં જોડી દેવું. આહારવિહાર, નિહારાદિ કાર્ય પણ આત્મઉપયોગની જાગૃતિપૂર્વક કરવામાં આવે છે તો તે પણ કાંઈ બંધના કારણરૂપ ન થતાં કર્મ નિર્જરાના કારણભૂત થાય છે. મન વચન-શરીરના યોગો પણ આવી રીતે શુભ કે શુદ્ધ માર્ગમાં જોડી દેવાથી કર્મ નાશ કરવામાં સહાયરૂપ થાય છે.

પરિષહ—ટાઢ, તાપ, સુધા, તૃષા, ઈત્યાદિ પૂર્વ-કર્મના સંયોગે પરિસહો આવી પડે તો સમભાવે સહન કરવા. કોઈ નિંદા કરે, કોઈ સ્તુતિ કરે, કોઈ આક્રોશ કરે, કોઈ ગુણ ગાય, કોઈ પૂજન કરે, ઈત્યાદિ પ્રસંગો આ વ્યવહાર માર્ગમાં પ્રારબ્ધ સંયોગે વારંવાર આવવા

સંભવ છે. આવે વખતે મનને વારંવાર સાવચેતી આપવી કે હે મન! કર્યા સિવાય કાંઈ આવતું નથી.

જે પ્રસંગ આવી પડે છે તે આપણા કરેલ કર્મનો બદલો છે. જેટલો આવ્યો છે તેટલો ઓછો થાય છે. ફરીને તે આવતો નથી, તેમ કર્યા વગર પણ આવતો નથી. તારા પોતાના જ કરેલ કર્મનું ફળ જો સુખ હોય તો વહાલું લાગે છે તો આ પણ તારું પોતાનું જ કર્મથી મેળવેલ ફળ હોવાથી તેની ના શા માટે પાડે છે? અને તે ભોગવવા શા માટે આનાકાની કરી દુઃખને પ્રબળ બનાવે છે–વધારે છે? સુખ લેવું અને દુઃખની ના પાડવી તે શું ન્યાય કહેવાય? તારે દુઃખ ન લેવું હોય, તને દુઃખ ન ગમતું હોય તો હવેથી તેવું ફળ પ્રાપ્ત થાય તેવી ક્રિયાઓ કરતો અટકી જા, પરંતુ જે બીજ વાવ્યાં છે તે તો તારે પોતાને જ ખાવાં પડશે. ઇચ્છા હશે કે નહીં હોય, રાજી થઈશ કે નારાજ, પણ તે ભોગવ્યા સિવાય તારો છૂટકો જ નથી તો રાજી થઈને જે આવ્યું તેને પોતાનું ગણી આનંદથી ભોગવી લેવું યોગ્ય છે. તેમ કરતાં તે દુઃખની વ્યથા કમી થશે અને નવીન બંધાતું અટકશે. વળી આ જ તારો ખરો પુરુષાર્થ છે કે "પૂર્વનું ભોગવતાં નવીન ન બાંધવું." દુઃખને પણ સુખરૂપે માની વધાવી લેવું અને નવીન ઇચ્છાઓને અટકાવવી.

આ સર્વ ચારિત્રભાવનાથી મનને દૃઢ સંસ્કારિત

કરવાથી બનવું શકય છે. ઉદય આવતાં સુખ-દુઃખમાં હર્ષ-શોક ન થવા દેવો તે આ ભાવનાથી પ્રબળ (દઢ) મજબૂત થયેલા મન ઉપર આધાર રહેલો છે. માટે વારંવાર ચારિત્ર ભાવનાનો વિચાર કરી મનને મજબૂત કરવું, તે જ આ ભાવનાની સફળતા છે.

વૈરાગ્ય ભાવના :- વિષયોને વિષે આસક્તિ ન રાખવી તત્ત્વોનું ચિંતન કરવું. જગતના સ્વભાવનો વિચાર કરવો, આ ભાવના વૈરાગ્યને સ્થિર કરનારી છે.

વિષય એ સંસારનું કારણ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, આ વિષયોથી સંસાર જુદો નથી. આચારાંગ સૂત્રના બીજા અધ્યયનમાં કહ્યું છે કે "જે વિષયો છે તે સંસારના હેતુ છે અને જે સંસારના હેતુ છે તે વિષયો છે." આ સર્વ દશ્ય પદાર્થો સંભળાતા શબ્દો, ખવાતા રસો, સુગંધમાં આવતી ગંધો અને શરીર અનુભવતા સ્પર્શો, તેમનો સર્વથા ત્યાગ થવો તે આ દેહ છતાં બનવું અશકય છે, કારણ કે આ દેહ, પણ વિષય છે અને તેના ઉપભોગનાં-પોષણનાં સાધનો પણ વિષયો જ છે.

આ આખો સંસાર વિષયોથી ભરેલો છે. એટલે તેનો ત્યાગ કરી દેહધારી જશે ક્યાં ? આ જ કારણથી શાસ્ત્રકાર કહે છે કે, "ખરો વૈરાગ્ય તે જ છે કે વિષયોમાંથી આસક્તિ કાઢી નાખવી ખાવાપીવાના, જોવાના, સૂંઘવાના, સ્પર્શવાના વિગેરે ગમે તેવા મોહક વિષયો તરફ મન આકર્ષાય

નહીં તે જ અનાસક્તિ કહેવાય છે.

આ વિષયોમાંથી આશક્તિ દૂર કરવાનું કારણ એ છે કે ગમે તેવા ઉત્તમ વિષયોનો, ગમે તેટલીવાર અનુભવ લીધો હોય છતાં પણ તેનાથી તૃપ્તિ થતી જ નથી, પરંતુ તેથી ઉલટું તે અનુભવેલા વિષયની લાલસા વધતી જાય છે. વિષયનો લીધેલ અનુભવ વિષયોને શાંત નહીં પાડતાં તેમાં વિશેષ આસક્તિ રખાવે છે અને છેવટે તેમાં લીન કરી, ભૂલી જવાને બદલે તેને તાજો કરે છે. અતિ આસક્તિનાં ભયંકર પરિણામો અત્યારે નજરે દેખાય છે.

મનની વિષય તરફ પ્રવૃત્તિ ઓછી થવાથી, તેને બીજી ગમે તે ક્રિયા તરફ પ્રવૃત્તિ રાખવી પડશે. મનને અહર્નિશ પ્રવૃત્તિમય જ આપણે જોઈએ છીએ, તે અનુસાર વિષયોથી નિવૃત્ત થઈ આત્મજ્ઞાન અથવા ઈશ્વરભક્તિ તરફ પ્રવૃત્તિ કરશે, અને તેમ થવાથી આત્મસ્વરૂપને ઓળખી ઈશ્વરના ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવી આત્મસુખની ઈચ્છા પૂર્ણ કરશે. તેમ થવાથી જ વૈરાગ્ય-ભાવના પ્રબળ થાય છે અને તેથી જ આત્મસ્વરૂપ પ્રગટ અનુભવાય છે. તત્ત્વોનું ચિંતન કરવાથી પણ વૈરાગ્યવૃત્તિ દૃઢ થાય છે.

જડ અને ચૈતન્ય એટલે પુદ્ગલ અને આત્મા આ બે તત્ત્વો છે. પ્રકાશ અને અંધકારમાં જેટલો તફાવત છે તેટલો તફાવત આત્મા અને પુદ્ગલમાં છે. આ બંને તત્ત્વોનાં સંબંધમાં સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં અને

તેનાં પરિણામો તરફ નજર નાખતાં, લાભાલાભનો ખ્યાલ લાવતાં જડ પુદ્ગલો તરફની આસક્તિ ઓછી થાય છે અને આત્મા તરફની લાગણી વધે છે. તેમ થતાં પ્રદ્ગલો તરફ રખાતી આસક્તિમાં વૈરાગ્યવૃત્તિ મજબૂત થાય છે. કે જે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં મુખ્ય સાધન તરીકે પાઠ ભજવે છે.

જગતના સ્વભાવનો વિચાર કરવાથી પણ વૈરાગ્ય-વૃત્તિને પોષણ મળે છે. જડ અને ચૈતન્યથી ભરપૂર આ જગતમાં વારંવાર દરેક ક્ષણે પદાર્થો ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. આ જગતનાં દરેક પદાર્થોમાં ઉત્પત્તિ, સ્થિતિ અને ભય થયા કરે છે. તે મુજબ જડ અને ચેતન પદાર્થો તે નિયમને આધિન છે અને તેને લઈને જ કોઈ આકૃતિમાં સહજ ફેરફાર થાય છે, તો કોઈમાં વિશેષ ફેરફાર થાય છે. કોઈ ધીમે ધીમે પોતાની આકૃતિમાં ફેરફાર કરે છે–ફેરબદલી કરે છે તો કોઈ ઘણી ઝડપથી પોતાની આકૃતિને વિખેરી નાખી રૂપાંતર ધારણ કરે છે.

વિચાર–દષ્ટિથી જોતાં કોઈ પણ પદાર્થ કાયમ એક પર્યાયે કે એક આકારે ટકી રહેતો નથી. મનુષ્યોનો સંબંધ કે સ્વાર્થ પ્રાય: એક પર્યાય કે એક આકાર સાથે બહુધા હોય છે. મૂળ વસ્તુઓ સાથે તેઓનો સંબંધ હોતો નથી, કેમ કે એક વહાલો પતિ, પુત્ર કે સ્ત્રી મરણ પામી અન્ય સ્થળે ઉત્પન્ન થાય છે. તેનો વાલો પોતાના સ્વાર્થ માટે

તેના વિયોગથી રડે છે, ઝૂરે છે, કલ્પાંત કરે છે. હવે મરણ પામેલા મનુષ્યનો જીવ કે જે બીજા સ્થળે ઉત્પન્ન થયેલો છે, તે આવીને એમ કહે કે હું તમારો પુત્ર, પતિ કે સ્ત્રી છું. તો તેથી તે મનુષ્યને તેના કહેવા, જોવા કે સાંભળવાથી શાંતિ થતી નથી. તેના પૂર્વભવના શરીરની આકૃતિ સાથે સંબંધ ધરાવતો હોવાથી મૂળદ્રવ્ય આત્મા કે જે નિત્ય છે તે આ સ્થળે પૂર્વ ભવનો જ કાયમ હોવા છતાં તેના ઉપર તેવી પ્રીતિ કે લાગણી થતી નથી અને જો થતી હોય તો પુત્ર જાણી તેનો વારસો તેને આપી દેવો જોઈએ, પત્ની જાણી ઘરની માલિક કે ભાગીદાર બનાવવી જોઈએ, પતિ હોય તો આ દેહ સાથે સર્વનો હકદાર ઠરાવવો જોઈએ, પણ તેમાંનું કાંઈ પણ બનતું નથી

અહીં તેનો સ્વાર્થ ન હોવાથી જ તેના પર પ્રીતિ કે લાગણી થતી નથી, છતાં કેટલીક વખત એમ પણ સંભળાય છે કે પૂર્વજન્મની સ્ત્રીઓ કે પતિઓ એક બીજા પ્રત્યે મોહ ધરાવે છે. આ ઠેકાણે મોહના કે વિષય-વાસનાના જોર સિવાય બીજું કાંઈ કારણ જણાતું નથી અને તે પણ આ શરીર દ્વારા સ્વાર્થ સાધી શકાય તેમ હોવાથી સ્નેહ બાંધે છે, તે સિવાય તે તરફ ધ્યાન આપવામાં આવતું નથી. આથી એમ નિર્ણય થાય છે કે મનુષ્યો આત્માને કે મનુષ્યોને ચાહતા નથી; પણ સ્વાર્થને ચાહે છે. તેના સ્વાર્થને માટે જ એક બીજાઓ સ્નેહથી બંધાય છે. જ્યાં જ્યારે સ્વાર્થ ઢીલો પડે છે ત્યાં ત્યારે તેવો ગાઢ સ્નેહ પણ જોવામાં આવતો નથી. આમ આ દુનિયાના

સ્વભાવનો વિચાર કરવાથી તેવા કેવળ સ્વાર્થી સંબંધો તરફથી વિરક્તિ આવ્યા સિવાય રહેતી નથી અને આ વિરક્તિ વૈરાગ્યને પોષણ આપી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવા સુધી લંબાય છે, અર્થાત્ વૈરાગ્યથી મનોવૃત્તિ કાબૂમાં આવે છે અને છેવટે આત્મસ્વરૂપમાં લય પામે છે.

મલિન વાસના ભરેલા હૃદયમાં ગમે તેટલા ધર્મના ઉત્તમ તત્ત્વો ભરો કે મહાન પુરુષોના અનુકરણ કરવા જેવા ચારિત્ર સાંભળો તો પણ તેનું પરિણામ કાંઈ પણ પોતાના ભલા માટે આવતું નથી. આ માટે તે મલિન વાસનાને હટાવવા યાને તે પૂર્વની દુર્ગંધ કાઢી નાખવા માટે ઉપર બતાવેલી–આગળ બતાવેલી જ્ઞાનાદિ ચાર ભાવના અને બીજી અનિત્યાદિ બાર ભાવના તેના વિરોધી પદાર્થની ગરજ સારશે, એટલું જ નહીં પણ પોતાની સુગંધિત વાસના પણ તેમાં દાખલ કરશે અને તેમાંથી દુર્ગંધ સર્વથા કાઢી નાખશે.

આટલું થયા પછી કામ–ક્રોધાદિ ઓછા થતાં ગુર્વાદિ તરફથી ઉત્તમ આત્મબોધ સાંભળતાં કે તેમાં ધર્મધ્યાનાદિ ઉત્તમ પદાર્થો નાંખવામાં આવતાં તેનું તત્કાળ જ પરિણામ ઉત્તમ આવશે. આ માટે આ ભાવનાઓની પૂર્ણ જરૂર છે

હે ભવિ જીવ! મનુષ્યપણું તે કાકતાલીય ન્યાયથી જો પ્રાપ્ત કર્યું છે તો મોક્ષપ્રાપ્તિ થાય તેવા સાધનો નિત્ય સેવીને તારે તે સફલ કરવું.

હિતશિક્ષા :– સોનાના થાળમાં ધૂળ ભરવી, અમૃતથી પગ ધોવા, ઐરાવત જેવા હાથી ઉપર લાકડાનો ભાર ભરવો અને ચિંતામણિ રત્ન કાગડાને ઉડાડવા માટે ફેંકવું એ જેમ મૂર્ખતા છે તેમ આવા ઉત્તમ માનવ દેહનો, વિષયાદિ વાસના તૃપ્ત કરવામાં દુરુપયોગ કરવો તે મૂર્ખતા છે. તેમ ન કરતાં મોક્ષનાં સાધનો પ્રાપ્ત કરવામાં જીવન સફલ કરીલે.

ધ્યાનમોક્ષનું સાધન :– સર્વથા કર્મક્ષય થવાથી મોક્ષ કહેલો છે. કર્મનો ક્ષય જ્ઞાન અને ચારિત્રથી થાય છે. જ્ઞાન ઉજવળ ધ્યાનથીજ પ્રાપ્ત થાય છે. આ કારણથી નિર્વાણ માર્ગનાં પંથીઓને ધ્યાન હિતકારી છે.

મોક્ષ કર્મ ક્ષયથી જ થાય છે. કર્મક્ષય સમ્યક્જ્ઞાનથી જ થાય છે, સમ્યક્જ્ઞાન ધ્યાનથી સાધ્ય થાય છે તેમ જ્ઞાનીઓએ માનેલું છે. માટે આત્માને ધ્યાન હિતકારી છે.

ધ્યાન જ ઉપયોગી કર્તવ્ય છે, એમ સમજાયા પછી તેને માટે પ્રયત્ન કરનારાઓએ તે ધ્યાનનાં અંગો-વિભાગો સારી રીતે સમજવાં જોઈએ. પહેલી વાત એ છે કે ધ્યાતા એટલે ધ્યાન કરનાર કોણ હોવા જોઈએ-ગૃહસ્થ કે ત્યાગી? ધ્યાન કરવામાં કેવી યોગ્યતા હોવી જોઈએ? બીજી વાત ધ્યાન એટલે શું? અને તે કેવું-કેટલી જાતનું છે? ત્રીજી વાત ધ્યાન કરવાનું છે તે ધ્યેય કેવું હોવું જોઈએ? ચોથી વાત તેનું ફળ શું પ્રાપ્ત થશે? આ ચારે બાબતને પ્રથમ સમજીને પછી ધ્યાન કરવા

માટે પ્રવૃત્તિ કરવી. ખરું ધ્યાન સમજાયાથી આર્ત-રૌદ્ર ધ્યાનનો સારી રીતે મજબૂતાઈથી ત્યાગ કરી શકાય છે.

ધ્યાન કોણ કરી શકે ?:– શ્રીમાન્ તપાગચ્છીય ઉપાધ્યાયજી સકલચંદ્રજી, તેમણે સસ્કૃતમાં રચેલ 'ધ્યાનદીપિકા' ગ્રંથના શ્લોક પદમાં જણાવે છે કે "નિર્ગ્રંથ–ત્યાગી મનુષ્યો નિશ્ચે ધ્યાન કરનારા હોય છે. પ્રાયઃ ગૃહસ્થ ધ્યાન કરી શકતો નથી કેમ કે તે પરિગ્રહાદિમાં ડૂબેલો છે–તેનું ચિત્ત ચપળ છે."

ગૃહસ્થાનમાં રહેલો મનુષ્ય પ્રાયઃ ધ્યાનનો અધિકારી નથી. ધ્યાન શબ્દથી અહીં ઉત્તમ ધર્મધ્યાનાદિ ધ્યાન સમજવું. તે આર્તધ્યાનાદિ તો ગૃહસ્થને પણ હોય છે.

પ્રાયઃ શબ્દ અહીં મૂકેલો હોવાથી પૂર્વજન્મનો સંસ્કારી અને ગૃહસ્થાનમાં પણ વિરકતતા ધારણ કરનાર કોઈ યોગ્ય જીવ હોય અને તે કોઈ વિશેષ કારણથી ત્યાગ કરી શકતો ન હોય છતાં તેનું હૃદય ધ્યાનાદિ માટે અધિકારી થયું હોય અને તેવી અનુકૂળતાવાળી સગવડ હોય તો તે કરી શકે છે. આ માટે અહીં પ્રાયઃ શબ્દ મૂકેલો છે. પરિગ્રહાદિમાંથી આસક્તિ છૂટી ગઈ હોય, પરમ વૈરાગ્યવાન હોય તેવા વિરલ જીવ ગૃહસ્થાશ્રમમાં ધ્યાન કરી શકે. પરમ વૈરાગ્ય વિના મન સ્વચ્છ–નિર્મળ કે સ્થિર થતું નથી. મન સ્વચ્છ અને સ્થિર હોય ત્યારે જ તે ધ્યાનમાં ઉપયોગી છે.

ધ્યાન કોને કહેવું ? :- એક વસ્તુના ઉપર ચિત્તનો નિરોધ કરવો એટલે મનને એક વસ્તુ ઉપર જ રોકી રાખવું તેનું નામ ધ્યાન કહેવાય છે. દૃઢ સંહનનવાળા મુનિને પણ તે અંતમુહૂર્ત સુધી હોય છે. છદ્મસ્થોનું જે ધ્યાન છે તે અંતમુહૂર્ત પ્રમાણે હોય છે. કર્મોના સમૂહનો નાશ કરનાર યોગના નિરોધરૂપ ધ્યાન જિનેશ્વરોને હોય છે

જે એક ચિંતારૂપ નિરોધ છે તે ધ્યાન કહેવાય છે. તે સિવાયની મનની અવસ્થાને ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા પદાર્થ ચિંતારૂપ 'ધ્યાન-સંતાન કહે છે.

ધ્યાનમાં વિચાર :- ધ્યાન વખતે વચમાં કોઈપણ વિચાર આવી જાય તો તે વિચારને મૂકી ન દેવો પણ તે પકડવો અને વિવેકજ્ઞાનથી તે વિચાર છિન્નભિન્ન કરીને કાઢી નાખવો. વિચાર કોઈ પણ વાસના (સંસ્કાર)ને લઈને ઊઠે છે, તેનું અનિત્ય પણું અસારપણુ, દુઃખદપણુ વિચારી, અનાત્મપણું, ક્ષણભંગુરપણું નિર્ણીત કરી, તે વિચારને કાઢી નાખવો અને પાછું ધ્યાનમાં લાગી જવું. જો વિચારોને દબાવવામાં આવે છે તો તે વિચારો તેટલો વખત દબાય છે, પણ પાછા તેનાથી બમણા જોરથી ઉપડે છે અને હેરાન કરે છે. માટે વિચારોને નહીં દાબતાં વિચાર દ્વારા વિચારને વિખેરી નાખવા થોડો વખત તે વિચારને બંધ કરી દેવાની ટેવ પાડવી, અને 'હું શુદ્ધ આત્મસ્વરૂપ છું" તે ભાવનાને મુખ્ય રાખી તે સ્થિતિમાં સ્થિર થવું-મનને તે સ્થિતિમાં ગાળી નાંખવું, પણ

વિચારાંતર કે આલંબનેતરનું વ્યવધાન-આંતરો ચાલુ પ્રવાહની વચમાં આવવા જ ન દેવું. તેમ થાય ત્યારે ધ્યાન સિદ્ધ થયું ગણાય છે. ગમે તેવા મજબૂત બાંધાના શરીરવાળા યોગીને પણ આ સ્થિતિ અન્તમુહૂર્ત એટલે કે અડતાલીસ મિનિટની અંદરના વખત સુધી ટકે છે. તેથી વધારે સ્થિતિ ટકી શકતી નથી.

શરૂઆતમાં આવી સ્થિતિ વધારે વખત સુધી ટકતી નથી પણ લાંબા અભ્યાસથી તે સ્થિતિ સિદ્ધ થાય છે. આ ધ્યાન છદ્મસ્થોનું છે. છદ્મસ્થ એટલે જ્ઞાનાવરણાદિકના આવરણવાળો જીવ. તે મન-વચન-કાયાના યોગોનો વ્યાપારોનો સર્વથા નિરોધ કરી શકતો નથી. તેથી કોઈ પણ એક પદાર્થના આલંબન ઉપર મનને સ્થિર કરવારૂપ ધ્યાન તેને કહેવામાં આવ્યું છે. સર્વ યોગોનો સર્વથા નિરોધરૂપ ધ્યાન જિનેશ્વરોને હોય છે-કેવલજ્ઞાનની સ્થિતિ પામેલા આત્માઓને હોય છે.

એકાગ્રતામાંથી ખસી ગયેલા ચિત્તની ત્રણ અવસ્થા હોય છે. તેને ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થચિંતા કહેવામાં આવે છે.

શરૂઆતમાં મનને એક જ ધ્યેયમાં જોડવાનું હોય છે. આપણે ધ્યેય તરીકે એક આત્મગુણ લઇએ, જેમ કે 'આત્મા આનંદસ્વરૂપ છે.' આત્મા આનંદ સ્વરૂપ છે તેનો મનને વારંવાર સંસ્કાર પાડવો. મનમાં તે પદનો-શબ્દનો પ્રતિધ્વનિ થયા કરે. આ એકાગ્રતા નથી, પણ

એકાગ્રતાનો અભ્યાસ થાય છે. બીજા સંસ્કારો કે વિચારાંતરોને હઠાવીને આ એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન ચાલુ છે. મનની આવી સ્થિતિને ભાવના કહે છે. આવી ભાવના ચાલુ રાખ્યા પછી તે અભ્યાસને મૂકી દઈ મન તદ્દન સ્થિર થાય છે. 'હું આનંદસ્વરૂપ છું'. તેને પણ યાદ કરતું નથી. મનનો કેવળ લય થઈ જાય છે તે એકાગ્રતાવાળી ધ્યાનની સ્થિતિ કહેવાય છે. આ ભાવનાની હયાતી ધ્યાનના અભ્યાસકાળમાં એટલે ધ્યાન કરવાની શરૂઆતમાં અને અંતમુહૂર્ત પછી એકાગ્રતાની સ્થિતિ વીખરાતાં હોય છે. મનની આવી સ્થિતિ તે ભાવના છે.

મનની બીજી સ્થિતિ અનુપ્રેક્ષાની છે. અનુપ્રેક્ષા એટલે પાછળ તપાસ કરવી–જોવું. અર્થાત્ ધ્યાનની સ્થિતિ ખસી ગયા પછી પાછું તે સ્થિતિ મેળવવા પૂર્વે અનુભવાયેલી ધ્યાનસ્થિતિનું સ્મરણ કરવું સ્મૃતિ લાવવી, પૂર્વની સ્થિતિને યાદ કરવી તે છે.

મનની ત્રીજી સ્થિતિ ચિંતા નામની છે. આ બે સ્થિતિથી જુદી એટલે મનની આ બે સ્થિતિ ઊંચા પ્રકારની છે, તેનાથી આ ત્રીજી નીચા પ્રકારની છે. કોઈ પણ પદાર્થની ચિંતા કરવી એટલે અનેક વિચારાંતરોમાં ચાલ્યા જવું.–જીવાજીવાદિ અનેક પદાર્થોના વિચાર કરવા તે પદાર્થચિંતા નામની મનની ત્રીજી સ્થિતિ છે. આગમમાં કહ્યું છે કે—

જે સ્થિર અધ્યવસાય છે તેને ધ્યાન કહે છે. જે ચપલ અધ્યવસાય છે તેને ચિત્ત કહે છે. તે ચપલઅધ્યવસાયને ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા કહે છે.

અંતમુહૂર્ત (એકાગ્રતા રહ્યા) પછી (ધ્યાન હોતું નથી) ચિંતા હોય છે. અથવા ધ્યાનાંતર હોય છે. (ભાવના કે અનુપ્રેક્ષા હોય છે). ઘણી વસ્તુમાં મન સંક્રમણ કરે (સ્થિરતાવાળું ધ્યેયાંતર ચાલુ રાખે) તો ઘણા વખત સુધી પણ ધ્યાનનો પ્રવાહ હોય છે. અંતમુહૂર્ત પ્રમાણે એક વસ્તુમાં ચિત્ત સ્થિર કરી રાખવું તે છદ્મસ્થોનું ધ્યાન હોય છે અને યોગનો નિરોધ કરી દેવો તે જિનોનું ધ્યાન છે.

યોગી ગમે તેનું પણ ચિંતવન કરતાં (જો) વીતરાગ થાય તો તેને જ ધ્યાન માનેલું છે (તેને જ ધ્યાન કહેવું) મતલબ કે જે ધ્યાન કરવાથી–જેનું ચિંતન કરવાથી વીતરાગ થવાય–રાગદ્વેષરહિત સ્થિતિ પમાય તે જ ધ્યાન છે; એ સિવાય બીજાં થોથાં કે ખાલી થોથાં સમજવાં.

જે મનુષ્યને આત્મશક્તિમાં (પોતામાં) વિશ્વાસ નથી તે મનુષ્ય ધર્મના ઉંચા પગથીઆ ઉપર ચડવાને લાયક નથી. આત્મશક્તિ અનંત કર્મોનો નાશ કરી શકે છે. માટે ગમે તેવી આફત કે વિઘ્નો આવે તો પણ તેનો પાર તેથી જ પામી શકાય છે. જેને આત્મસામર્થ્યમાં વિશ્વાસ નથી તે કદાપિ કોઈ મહત્ત્વનું કાર્ય સિદ્ધ કરી શકવાનો નથી.

પ્રથમ પ્રયત્ને જ તમે કદી નિષ્ફળ જાઓ તો પણ આરંભેલું કાર્ય મૂકી દેશો નહિ, ફરીથી તે કાર્યનો પ્રારંભ કરજો. આ પ્રમાણે એકવાર નહિ, પણ અનેકવાર નિરાશ થવું પડે છતાં ગભરાશો નહિ કે હિંમત હારશો નહિ. જો કે તમને હમણાં વિજય દેખાતો નથી છતાં દરેક વખત તમે વિજય સમીપમાં જતા જાઓ છો અને અંતે તમારો પવિત્ર આત્મા વિજયી જ નીવડશે.

કોઈ કાર્યને માટે પોતે અશક્ત છે એમ કદી પણ માનવું નહિ. બીજાના વિચારોના ગુલામ નહીં થવું. દરેક કાર્યનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં રાખવો. હાર થયા છતાં પણ નિરાશ ન થવું. પ્રબળ ઉત્સાહ રાખવો. આત્મવિશ્વાસ કદિ ખોવો નહિ. આળસ અને પ્રમાદને તો દેશવટો જ આપવો. કાર્યસિદ્ધિ માટે સતત અભ્યાસની જરૂર છે. દરેક જીવો આગળ વધવાની શક્તિ ધરાવે છે.

હે દિલમેં, દિલદાર સહી
અખીયાં ઉલટી કરતાંહી દીખેએ.

દિલદાર–પરમાત્મા પોતામાં જ છે. તેને આંખો ઉલટાવીને જોઈ લેવો. મતલબ કે જે ચક્ષુ સુલટી રાખી આપણે જગતના પદાર્થો જોઈએ છીએ તે ચક્ષુને જગતના પદાર્થો જોવાના કામમાંથી રોકી બાહ્યદૃષ્ટિ બંધ કરી, અંતર-દૃષ્ટિએ કોઈ પણ રીતે જોશો તો તમને પોતાને, પોતાથી, પોતામાં, પોતે જણાશે.

નિરંતર ઉદાસીનતામાં મગ્ન થયેલા, પ્રયત્ન વિનાના અને પરમાનંદની દશાની ભાવના કરતા આત્માએ, કોઈ પણ ઠેકાણે મનને જોડવું (પ્રેરવું) નહિ. આ પ્રમાણે થવાથી, આત્મા વડે ઉપેક્ષા કરાયેલું મન, કોઈ પણ વખત ઇન્દ્રિયોનું આશ્રય કરતું નથી (પ્રેરતું નથી) અને મનના આશ્રય વિના ઇન્દ્રિયો પણ, પોતપોતાના વિષયો પ્રત્યે પ્રવર્તતી નથી. જ્યારે આત્મા મનને પ્રેરણા કરતો નથી અને મન જ્યારે ઇન્દ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બેઉ તરફથી ભ્રષ્ટ થયેલું મન પોતાની મેળે જ વિનાશ પામે છે.

શલ્યરૂપ અને નિરંતર કલેશ આપનાર અંતઃકરણનું શલ્ય રહિત કરવાનું, અમનસ્કતા (ઉન્મનીભાવ) સિવાય બીજું કોઈ ઔષધ નથી.

અમનસ્કતાના ઉદય વખતે, યોગી, પોતાના શરીરને વિખરાઈ ગયેલું હોય, બળી ગયું હોય, ઉડી ગયું હોય, કે વિલય થઈ ગયું હોય તેમ અવિદ્યમાન જાણે છે, અર્થાત્ પોતાની પાસે શરીર નથી તેમ જાણે છે.

મોક્ષ થાઓ અથવા ન થાઓ કે કાલાંતરે થાઓ, પણ ધ્યાનથી થતો પરમાનંદ તો અહીં ખરેખર ભોગવાય છે; જે પરમાનંદની આગળ આ દુનિયાના સમગ્ર સુખો એક તૃણની માફક પ્રતિભાસ થાય છે.

હે આત્મન્! તું પ્રયત્ન કર, તેથી આ પુદ્ગલિક સંપદા તો દૂર રહો (અર્થાત્ તે તો મળશે જ) પણ પરમ તેજ–પરમાત્મા–તેનું મહાન સામ્રાજ્ય પણ તને મળશે.

આત્માની શક્તિ આત્મામાં હોવા છતાં આત્મિક ગુણો માટે બહાર ફાંફા મારવામાં આવે છે, આ કેટલું પ્રબળ અજ્ઞાન? પૂર્ણ સુખ આત્મામાં હોવા છતાં તે માટે પુદ્ગલના (જડ વસ્તુઓના) ચુંથણા ચુંથવાનો પ્રયત્ન કરવો તે પ્રકાશને અંધકારમાંથી શોધી કાઢવાના પ્રયત્નની માફક નિષ્ફળ છે. જ્યાં જે હોય ત્યાંથી તે મળે.

શ્રેણી ૧ : પ્રશિક્ષણ

"આઠ દૃષ્ટિની સજ્ઝાય"

(મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત)

બ્ર. નિ. રસિકભાઈ

વેદાંત પદ્ધતિમા અષ્ટાંગ યોગ દ્વારા સાધના કરવામાં આવે છે. મહર્ષિ શ્રી પાંતજલિએ સર્વપ્રથમ યોગશાસ્ત્રની રચના કરી છે.

શ્રી હરિભદ્રાચાર્યે "યોગદૃષ્ટિ સમુચ્ચય" ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે. હેમચંદ્રાચાર્યે "યોગશાસ્ત્ર" નામે ગ્રંથ રચ્યો છે. શ્રી હરિભદ્રકૃત "યોગદૃષ્ટિ સમુચ્ચય"ની પદ્ધતિએ ગુર્જર ભાષામાં શ્રી યશોવિજયજી મ.સા. સ્વાધ્યાયની રચના કરી છે. અને તેનું નામ "આઠ દૃષ્ટિની સજ્ઝાય" આપવામાં આવેલ છે.

શુભેચ્છાથી માંડીને નિર્વાણપર્યન્તની ભૂમિકાઓમાં બોધ તારતમ્ય તથા ચારિત્ર સ્વભાવનું તારતમ્ય, મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય, અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી આ ગ્રંથમાં પ્રકાશ્યું છે.

યમથી માંડીને સમાધિ પર્યંત અષ્ટાંગ યોગ બે પ્રકારે

છે. એક પ્રાણાદિ નિરોધરૂપ, બીજો આત્મસ્વભાવ પરિણામ રૂપ. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં એટલે આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં આત્મસ્વભાવ પરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે.

(પત્રાંક ૮૧૪ વચનામૃત પાના નં. ૬૧૪)

આ સજ્ઝાયમાં આત્મસ્વભાવ પરિણામ રૂપ અષ્ટાંગ યોગની સાધના કેવી રીતે થઈ શકે તે બતાવવામાં આવ્યું છે. તેમજ તે આત્માની દશા માપક થર્મોમીટર જેવી છે. "તેનું વારંવાર વાંચન કરી, મનન કરી, મુખપાઠે કરવા યોગ્ય છે." એમ પ.કૃ. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

અહીંયા આપણે આપણા પરિણામો આત્મ-સ્વભાવરૂપ કરવા માટે–યોગ સાધના માટે એકઠા થઈએ છીએ. આ આપણી ચોથી ધ્યાન શિબિર છે. તેમાં પ્રશિક્ષણ-રૂપે ચાલો આપણે "આઠ દૃષ્ટિની સજ્ઝાય પર વિચાર કરીએ અને તેના દ્વારા–આપણા પરિણામો આત્મસ્વભાવરૂપ કરવા માટે પુરૂષાર્થ આદરીયે.

અનાદિ કાળથી આપણા આત્માએ પોતાના સ્વરૂપને જ ભૂલીને, અજ્ઞાનને જ જ્ઞાન માનીને, ભ્રાંતિમાં જ સુખ માનીને, સંસારમાં રખડવાનું રાખ્યું છે. ભ્રાંતિ એટલે જે પોતાનું નથી તેને પોતાનું માની તેમાં પોતાપણાની માન્યતા કરી વર્તવું તે. આપણને મળેલું આ ઔદારિક શરીર પણ તેણે પૂર્વે કરેલા કર્મના ઉદયરૂપ મેળવેલ છે

તેમાં જ પોતાપણું માનીને ચાલી રહ્યો છે. અને પૂર્વના કર્મોના ઉદયને કારણે જે સગા, સબંધી, સંપત્તિ વિગેરે મળ્યું છે તેને પોતાનું માની રહ્યો છે. આનું નામ જ ભ્રાંતિ, અજ્ઞાન કે મિથ્યાત્વ છે. પોતાને પોતાના સ્વરૂપને મેળવવું હશે તો આ ભ્રાંતિને એટલે કે ઊંધી સમજણને સમ્યક્ સમજણમાં ફેરવવી પડશે. આ સમ્યક્ સમજણ એટલે કે સમ્યક્જ્ઞાન મેળવવા માટે ત્રણ સાધનોનું આરાધન કરવું પડશે. તે છે સત્દેવ સદ્ગુરુ અને સત્શાસ્ત્ર.

આગળ થઈ ગયેલા જ્ઞાનીઓ કહી ગયા છે કે સદ્ગુરુની અંદર જ સત્દેવ અને સત્શાસ્ત્ર સમાયેલા છે. એટલે કે ભ્રાંતિ ટાળવા માટે પ્રત્યક્ષ સદ્ગુરુની પ્રાપ્તિ કરવી પડશે અને તેમની આજ્ઞા દ્વારા જ સાધના કરી ભ્રાંતિને ટાળી શકાશે.

યોગ એટલે શુ ? બાહ્ય પરિણતિને ટાળીને અંતર પરિણતિ કરવી તે. અથવા તો બાહ્ય આત્માથી છુટી અંતરાત્મા થઈને પરમાત્મા સાથે જોડાવું તે અથવા તો જે મોક્ષ સાથે જોડે તે યોગ.

આ સજઝાય દ્વારા શ્રી યશોવિજયજી મ.સા. ભગવાન મહાવીર સ્વામીનો ઉપદેશ આરાધવાની વ્યવસ્થિત સમજ આપી છે. તે સંકલના બદ્ધ છે. જ્ઞાન અને વર્તનમાં ઉન્નતિ કરતાં બોધ બળની વૃદ્ધિ, દોષોનો નાશ ગુણોનો વિકાસ આદિ અનુક્રમે પ્રાપ્ત થાય છે.

હવે એક એક કડી જોતાં જોતાં તેને આપણે સમજવાનો

પ્રયત્ન કરીએ તે પહેલાં તે આઠ દૃષ્ટિના નામ લઈએ.

દૃષ્ટિનું નામ	બોધને ઉપમા	યોગનાં અંગ	દોષ ત્યાગ	ગુણ પ્રાપ્તિ
૧ મિત્રા	તૃણઅગ્નિ	યમ	ખેદ	અદ્વેષ
૨ તારા	ગોમયઅગ્નિ	નિયમ	ઉદ્વેગ	જિજ્ઞાસા
૩ બલા	કાષ્ટઅગ્નિ	આસન	ક્ષેપ	શુશ્રૂષા
૪ દીપ્તા	દીપપ્રભા	પ્રાણાયામ	ઉત્થાન	શ્રવણ
૫ સ્થિરા	રત્નપ્રભા	પ્રત્યાહાર	ભ્રાંતિ	સૂક્ષ્મબોધ
૬ કાંતા	તારાભ્રપ્રભા	ધારણા	અન્યમુદ્	મીમાંસા
૭ પ્રભા	અર્કપ્રભા	ધ્યાન	રોગ	પ્રતિપત્તિ
૮ પરા	શશિપ્રભા	સમાધિ	આસંગ	પ્રવૃત્તિ

(૧) મિત્રા દૃષ્ટિ

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડદિઠ્ઠિ રે,
તે ગુણ થુણું જિનવીરનો, કરશું ધર્મની પુઠ્ઠિ રે,
—વીર જિનેસર દેશના રે. ૧.

—શિવ સુખ કારણ એટલે જેના દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ શકે તે માટે આ યોગની આઠ દૃષ્ટિનો બોધ આપ્યો છે. તે શ્રી જિનેશ્વર ભગવંતના પરમ ઉપકારને સ્તવીને, તેમના ગુણગ્રામ કરીને ધર્મની પુઠ્ઠિ કરશું એટલે કે ધર્મના મર્મને પામીશું. આ શ્રી વીર ભગવાન-(મહાવીર સ્વામીના) ઉપદેશ પ્રમાણે જ કથન કરવામાં આવ્યું છે. ૧.

સઘન અઘન, દિન રયણીમાં, બાલ વિકલને અનેરા રે;
અર્થે જુએ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરારે.-વીર.[૨]

—વાદળો વાળા કે વાદળા વિનાનાં દિવસ કે રાત્રીમાં કોઈ બાળકવૃદ્ધ, ચિત્ત ભ્રમવાળા કે વિકારી નેત્રવાળા જીવો એક જ પદાર્થને જુદા જુદા રૂપે જુએ છે તેવી જ રીતે ઓઘ દૃષ્ટિવાળા એટલે આંધળાની પાછળ આંધળો જાય એવા જીવો ધર્મ સંબંધી પોતપોતાની સમજણ મુજબ ભિન્ન ભિન્ન મત ધરાવે છે. ૨

દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે,
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે-વીર. ૩

—જગતમાં જે અનેક પ્રકારનાં ધર્મ મતો પ્રવર્તે છે તેનું કારણ મિથ્યાજ્ઞાન અથવા ઓઘ દૃષ્ટિ છે. એ રીતે ઓઘ દૃષ્ટિએ જોતાં ધર્મના અનેક પ્રકાર જણાય છે પરંતુ સ્થિરાદિક દૃષ્ટિમાં સમકિત દૃષ્ટિનો યોગ હોય છે એટલે કે સમ્યક્દર્શન-આત્માનો વાસ્તવિક યોગ હોય છે તેથી તે યોગદૃષ્ટિ છે. ૩

અનાદિથી જીવ ઓઘદૃષ્ટિમાં જ રહીને રખડયો છે. જ્યારે કોઈ જ્ઞાની-સત્પુરુષ મળે અને તેમનું વચન ગ્રહણ કરે ત્યારે તેની ઓઘદૃષ્ટિ ફરીને યોગદૃષ્ટિ થાય છે તે સદ્ગુરુ કેવા હોય તે હવે કહે છે.

દર્શન સકલના નયગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિત કરી જનને સંજીવની ચારો તેહ ચરાવે રે-વીર ૪

—ને સદ્‌ગુરુ આત્મજ્ઞાની હોવાથી તેઓ જુદા જુદા દર્શનના નયને એટલે દૃષ્ટિબિંદુને જેમ છે તેમ સમજે છે અને પોતે પોતાના સ્વભાવમાં જ રહે છે. અને સાધક થવા માગતા જીવોને હિતસ્વી બને તેવો ઉપદેશ કે રસ્તો બતાવતા રહે છે. "સંજીવની ચારા"ના ન્યાયે. ૪

જ્ઞાની હોય છે તે અન્ય જીવોની સમજણને અનુકૂળ આવે તે રીતે અને હિત થાય તે રીતે વાસ્તવિક–યથાર્થ ધર્મનો ઉપદેશ કરે છે. તે વચનો ગ્રહણ કરતાં જ્યારે જીવને સત્ ધર્મ શું છે તે સમજાય છે ત્યારે તેની અનાદિની ઓઘ દૃષ્ટિ મટીને યોગ દૃષ્ટિની શરૂઆત થાય છે.

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે;
રયણિ શયન જેમ શ્રમ હરે, સુર નર સુખ તેમ છાજે રે–
વીર પ.

—સ્થિરા આદિ ચાર દૃષ્ટિમાં વર્તતા જીવને પોતે જે મોક્ષ માર્ગ તરફ પ્રયાણ કર્યું તેમાં ભંગ થતો નથી. (શરૂઆતની ચાર દૃષ્ટિમાં વર્તતો જીવ દર્શનથી ભ્રષ્ટ થાય તો સંસારમાં પરિભ્રમણ કરે છે) પરંતુ થાકેલા મુસાફરને જેમ રાત્રે ઊંઘ લેવાથી થાક ઉતરી જાય છે તેમ આ પાંચમી દૃષ્ટિ અથવા ત્યાંથી આગળ વધેલ જીવ પુરુષાર્થ કરતાં આયુષ્ય પુરું કરે તો આગળના ભવોમાં ઉત્તમ દેવગતિ, મનુષ્ય ગતિનું સુખ મેળવે છે. અને શુદ્ધ સમ્યગ્‌દર્શન સહિત હોવાથી મોક્ષભાવનાને દૃઢ કરતો કરતો આગળ વધતો જાય છે. ૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દષ્ટિ હવે કહીએ રે;
જિહાં મિત્ર તિહાં બોધ જે, તે તૃણઅગસોઓ લહીએ રે
વીર—૬

—આટલી વાત પ્રસ્તાવના રૂપે કહીને હવે પ્રથમ દષ્ટિએ શું છે તે કહું છું.

આ મિત્રા દષ્ટિમાં વર્તતા જીવનો બોધ ઘાસ (તૃણ) ના અગ્નિ જેવું હોય છે, એટલે કે બોધની તાત્કાલિક અસર થાય તેથી ભાવમાં એકદમ ઉભરો આવે, પણ તે લાંબો વખત ટકી શકે નહીં તેવો હોય છે. ૬.

વ્રત પણ યમ ઇહાં સંપજે એક નહીં શુભ કાજે રે,
દ્વેષ નહી વળી અવર શું, એહ ગુણ અંગ વિરાજે રે—વીર.૭

—આ દષ્ટિમાં પાંચ યમને–અહિંસા–સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય–અપરિગ્રહ–વ્રતરૂપે ગ્રહણ કરાય છે. તેમજ શુભ કાર્યો કરવામાં ખેદ થતો નથી. બીજા પ્રત્યે દ્વેષ થતો નથી, આવા ગુણને તે પ્રાપ્ત કરે છે. ૭.

યોગના બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે,
ભાવાચાર જ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે—વીર. ૮

—આ દષ્ટિમાં જીવ યોગનાં બીજ એટલે કે સમકિત પ્રાપ્ત થવાના કારણોને પ્રાપ્ત કરીને ગ્રહણ કરે છે. યોગનું પ્રથમ પગથિયું છે. શ્રી જિનેશ્વર વીતરાગ દેવને શુદ્ધ ભાવથી પ્રણામ થાય તે છે, એટલે કે તેની પાછળ કોઈ

પણ સંસારની ભાવના છુપાયેલી ન હોય. ફક્ત મોક્ષ માર્ગની જ પ્રાપ્તિ માટે જ વંદન, નમસ્કાર આદિ હોય તેમજ ભાવ આચાર્ય એવા જ્ઞાની પુરૂષની સેવા, સુશ્રુષા, ભવભ્રમણથી છુટવાની પ્રબળ ભાવના રૂપ ઉદ્વેગ, આવા ત્રણ ગુણને મેળવે છે. આ ત્રણ યોગના મુખ્ય બીજ છે સમકિત પ્રાપ્ત કરવાનાં બીજ છે. ૮

દ્રવ્ય અભિગ્રહ પાળવા ઓષધ પ્રમુખને દાને રે,
આદર આગમ આસરી, લિખનાદિક બહુ માને રે—
વીર—૯

—આગળ યોગના બીજ જેવા બીજા ગુણ દ્રવ્યથી અભિગ્રહ પાળવો ઓષધ આદિનું સત્પાત્રે દાન કરવું, આગમનો આદર કરવો અને આગમને આશ્રયી લેખન કરવું-કરાવવું, શાસ્ત્રનું બહુમાન કરવું વિગેરે પ્રાપ્ત થાય છે. ૯

લેખન પૂજન આપવું શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજઝાયથી, ચિંતન ભાવન ચાહો રે—
વીર-૧૦

—સત્શ્રુતનું વિનય સહિત લેખન કરવું, કરાવવું, તેનું પૂજન કરવું, પોતે વાંચન કરવું, અન્યને વાંચવા આપવું, ભાવ અને વિધિપૂર્વક શ્રુત શીખવાની આજ્ઞા ગ્રહણ કરવી, તેનો ભાવ—અર્થ અને વિસ્તારસમજવો. સ્વાધ્યાય, ચિંતન મનન કરવું. આ પણ યોગનાં બીજ છે. ૧૦

બીજ કથા ભણી સાંભળી રોમાંચિત હુવે દેહ રે,
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે—
વીર-૧૧

—આ યોગના બીજની સુંદર કથા સાંભળતા રોમાંચ ઉલ્લસે છે. અને તેથી અવચંક યોગ પ્રાપ્ત થાય છે, જેથી ધર્મસ્નેહ પ્રગટે છે. ૧૧

સદ્ગુરૂ યોગે વંદન ક્રિયા તેહથી ફળ હોય જેહો રે;
યોગક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહોરે
વીર-૧૨

—જ્યારે સદ્ગુરૂનો યોગ થાય ત્યારે તેની આજ્ઞામાં છળકપટ રહિત વર્તે, વચન અને કાયાની પ્રવૃત્તિ પણ જ્ઞાનીની આજ્ઞાનુસાર કરે તે અવંચક યોગ. વિનય ભાવ ભક્તિ પૂર્વક વંદના આદિ ક્રિયા કરે તે અવંચક ક્રિયાને ગુરુ સાચા હોવાથી જે પુણ્યરૂપ ફળ બંધાય તે મોક્ષમાર્ગને અવિરોધક હોય તેથી તે અવંચક ફળ આ પહેલી દૃષ્ટિમાં જીવન યોગ ક્રિયા અને ફળ અવંચક થાય.-૧૨

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે,
તેમ ભવિ સહજ ગુણે હોવે, ઉત્તમ નિમિત્ત સંજોગારે—
વીર-૧૩

—ચકોર પક્ષી જેમ ચંદ્રને ચાહે છે. ભમરો જેમ માલતી ફુલમાં આશક્ત થાય છે. તેમ ભવિ જીવ સ્વાભાવિક રીતે ઉત્તમ નિમિત્ત અને સંજોગ મળતાં તે પર પ્રીતિ ભાવ કરે છે.—૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;
સાધુને સિદ્ધ દશા સમું. બીજનું ચિત્ત પ્રવર્તે રે—
વીર–૧૪

—આવો અવંચક યોગ ચરમ-આવર્ત્તમાં વર્તતા અલ્પ સંસારી જીવને ઉત્પન્ન થાય છે. જેમ સાધુને–સાધક જીવને સદા સિદ્ધ દશાનું જ લક્ષ રહે છે. તેમ આ દૃષ્ટિમાં રહેલ જીવનું લક્ષ સદા યોગ અને યોગના બીજમાં જ પ્રવર્તે છે—રહે છે. ૧૪

કરણ અપૂર્વના નિકટથી જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે—
વીર–૧૫

—આ દૃષ્ટિ વાળો જીવ અપૂર્વકરણના યથા પ્રવૃત્તિ-કરણ સુધી પહોંચી શકે છે. મિથ્યાત્વ રૂપી ગ્રંથીને ભેદવા માટે જરૂરી એવો અપૂર્વભાવ અને ઉત્સાહ જોઈએ તે અહીંયા પ્રગટ થાય છે તેથી આ દૃષ્ટિવાળા જીવને પહેલું ગુણસ્થાન જે અપૂર્વકરણની નજીકનું છે તે પ્રાપ્ત થાય છે. જેને આવી સ્થિતિ હોય તેને સારો યશ ભોગવવાનો અવસર આવ્યો ગણાય એમ યશોવિજયજી મ.સા. કહે છે.

(૨) તારા દૃષ્ટિ :

દર્શન તારાદૃષ્ટિમાં મનમોહનમેરે, ગોમય અગ્નિ સમાન–
મનમોહન મેરે.
શૌચ, સંતોષ ને તપભલું મ.મે, સજ્ઝાય ઈશ્વર ધ્યાન–
મન. મો–૧

—આ બીજી તારા દૃષ્ટિમાં બોધનું તારતમ્ય ગોમય એટલે છાણાની અગ્નિ સમાન હોય છે. છાણાની અગ્નિને તૃણની અગ્નિ કરતા ઓલવાઈ જતાં વાર લાગે છે તેથી બોધ પહેલી દૃષ્ટિ કરતાં અહીંયાં વધારે સમય ટકે છે. અહીંયા આગળ સાધક નિયમ નામના અંગને પ્રગટ કરે છે.–૧

	બાહ્ય	આભ્યંતર
૧ શૌચ :	શરીરાદિની પવિત્રતા જાળવે, ક્યાંય આશાતના ન થવા દે.	મનમાં રાગ દ્વેષ ન થવા દે તે રૂપ આભ્યંતર
૨ સંતોષ :	લાભ-હાનિથી હર્ષ શોક ન કરે	સુખદુઃખમાં સમતા રાખવી તે
૩. તપ :	દેહદમનથી ઇન્દ્રિય નિગ્રહ કરવારૂપ બાહ્ય.	ઇચ્છા નિરોધથી મનને વશ કરવારૂપ આભ્યંતર
૪ સ્વાધ્યાય :	સત્શાસ્ત્રનો અભ્યાસ કરવારૂપ.	અંતરમાં બોધનો નિરંતર વિચાર કરવારૂપ
૫ ઇશ્વર ધ્યાન :	દરેક ક્રિયા કરતાં પ્રથમ ઇષ્ટદેવને સંભારવારૂપ.	કેવળ અપર્ણતા કરીને સ્થિરતા કરવારૂપ.

નિયમ પંચ ઈહા સંપજે–મન. મો, નહિં કિરિયા ઉદ્વેગ મન. મો.

જિજ્ઞાસા ગુણ તત્ત્વની–મન.મોં. પણ નહીં નિજ હક ટેગ–મન.મો. ૨

—સત્‌માં પ્રવૃત્તિ કરવારૂપ પાંચ નિયમને ધારણ કરે છે, સાધના માટે કરવી પડતી ક્રિયામાં તેને ઉદ્વેગ આવતો નથી. સારા કાર્યો કરવાં મુશ્કેલ હોય તો પણ તેમાં ઉદ્વેગ એટલે કે અભાવ આવતો નથી. સત્‌ગુણ અને તત્ત્વને જાણવાની જિજ્ઞાસા રૂપ ગુણ ઉત્પન્ન થાય છે. તેમજ પોતાની માન્યતાનો—સમજનો હઠાગ્રહ કરતો નથી. ૨ પક્ષ દેવે જિજ્ઞાસુની વ્યાખ્યા આત્મસિદ્ધિમાં આ પ્રમાણે આપેલ છે. કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષા-

ભલે ખેદ અંતર દયા, તે કરિયે જિજ્ઞાસ-ગાથા નં ૧૦૮-૨

એહ દષ્ટિ હોય વરતતાં-મન મો. યોગકથા બહુ પ્રેમ મન. મો.

અનુચિત તેહ ન આચરે. મન. મો. વાળ્યો વળે જેમ હેમ મન. મો.—૩

—આ દષ્ટિ સુધી પહોંચેલા સાધકને યોગ કથા પર બહુ પ્રેમ થાય છે. સાંભળવી બહુ ગમે છે. ભવભીરૂ તા હોવાથી પોતાના જીવનમાં અનુચિત આચરણ કરતો નથી. જેવી રીતે સોનાને જેમ વાળવું હોય તેમ વળે છે તેવી રીતે સદ્‌ગુરૂ જેવો ઘાટ ઘડવા માંગે તે પ્રમાણે તે તૈયાર હોય છે—૭.

વિનય અધિક ગુણીનો કરે. મન. મો. દેખે નિજ ગુણ હાણ મન. મો.

ત્રાસ ધરે ભવભય થકી મન. મો., ભવ માને દુઃખખાણ મન. મો. ૪

—પોતાના કરતાં અધિક ગુણવંતનો વિનય કરે છે પોતાના ગુણની જે કોઈ ખામી, દોષ હોય તેને પણ જોતા શીખે છે. ભવ ભ્રમણમાંથી છુટવાની તાલાવેલી હોવાથી ભવ વધે તેવું કાંઈ પણ કરતાં ડરે છે. કારણ કે હવે તે ભવ ભ્રમણને દુઃખની ખાણ સમાન ગણે છે. ૪

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન.મો. શિષ્ટ કહે તે પ્રમાણ
મન. મો.

સુયશ લહે તે ભાવથી–મન. મો. ન કરે જૂઠ ડફાણ
મન. મો. ૫.

—શાસ્ત્રો ઘણાં છે. અને એ સમજવા જેટલી બુદ્ધિ મારામાં નથી માટે જે જ્ઞાની કહે તે મને પ્રમાણ છે. એવી ભાવના આ દૃષ્ટિમાં વર્તતો જીવ રાખે છે, આ સમજણને કારણે પોતાને વિષે અસત્ય કે ખોટાં ડોળ ન કરે, આમ કરવાથી આવા ભાવવાળા જીવને લોકમાં સુયશ મળે છે. ૫

(૩) બલા દૃષ્ટિ

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ,
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે,
—જિનજી ધન ધન તુજ ઉપદેશ—૧

—આ દૃષ્ટિમાં બોધનું બળ લાકડાની અગ્નિ સમાન હોય છે. એટલે કે લાકડાં બળી રહે છતાં પાછળ અગ્નિ રહે તે કામમાં આવે છે તેમ ઉપદેશનું નિમિત્ત ન હોય તો પણ જે સાંભળ્યું હોય તે યાદ આવે અને બોધનું

બળ, માન્યતા દઢ થતી જાય. સત્સંગમાં ન હોય અન્ય કાર્ય કરતાં હોય તે વખતે પણ બોધ ટકી રહે તેવો થાય છે. ક્ષેપ-ધર્મક્રિયામાં ઉતાવળ-અધીરજ નામનો દોષ દૂર થાય છે. અને અસત્ તૃષ્ણા ઘટવાથી આસન સ્થિર થાય છે. બોધનું તારતમ્ય પણું વધવાથી મન અને શરીરની ચપળતા ઓછી થતી જાય. ચિત્ત બોધમાં તન્મય થવાથી શરીર પ્રત્યે વૃત્તિ જતી નથી, જેથી શરીરને સ્થિર કરી શકે છે. તન મનની સ્થિરતા થવી તે આસન નામનું અંગ છે. શ્રવણની જિજ્ઞાસા વધે છે. શુશ્રુષા નામનો ગુણ પ્રગટે છે. જિનેશ્વર ભગવંતના ઉપદેશ પ્રત્યે અહોભાવ જાગે છે. ૧

તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;
સાંભળવા તેમ તત્ત્વનેજી એ દૃષ્ટિ સુવિનીત રે-જિનજી-૨

—જેમ કોઈ યુવાન તરુણ સ્ત્રી સાથે બેસીને સુખે સમય પસાર કરતો હોય. સુખ સામગ્રીના બધા જ સાધનો હોય છતાં તે બધું મૂકીને જો દેવતાઈ સંગીત રેલાય તો તે સાંભળવા દોડી જાય છે તેજ રીતે સાધક તત્ત્વને સાંભળવા માટે હંમેશા તત્પર બની જાય છે. શુશ્રુષા ગુણ પ્રાપ્ત થવાથી સારી રીતે વિનય પણ કરે છે. ૨

સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકુપ;
શ્રવણ સમીહા ને કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે-જિનજી-૩

—શુશ્રુષા ગુણ કૂવામાં ઊંડેથી આવતી પાણીની સરવાળી જેવો છે તેથી કૂવાનું પાણી ખુટતું નથી. તેમ

બોધ સાંભળતાં સાંભળતાં સુ-વિચારણા રૂપ નવીનતા આવે એવો ગુણ પ્રગટે છે તે શુશ્રુષા ગુણ છે શુશ્રુષા ગુણ વિના પ્રાપ્ત થયેલો બોધ એ પાણી વીનાના કૂવા જેવો નિરર્થક છે.

એ શુશ્રુષા ગુણ એવો છે કે બોધ સાંભળવા ન મળે તો પણ બોધનું (તારતમ્ય) મહાત્મ્ય જેના ચિત્તમાં છે તેને સહેજે કર્મના આવરણ ટળે. જેમ રાજા સૂતા સૂતા ફરિયાદ સાંભળે તે ન સાંભળી, હોય તો પણ તેનો પ્રભાવ પડે તેમ. ૩

મન રીઝે તન ઉલ્લસે જી, રીઝે બુઝે એક તાન,
ને ઇચ્છા વિણ ગુણ કથાજી, બહેરા આગળ ગાન રે,-જિનજી ૪

—શ્રવણ લાભથી આ દષ્ટિના સાધકનું મન સંતુષ્ટ થઈ જાય છે. અને તન પણ ઉલ્લાસ બતાવે છે. એકતાન થઈને બોધને ગ્રહણ કરે છે. આનંદ પામે છે, આવી ઈચ્છા ન હોય તેવા પાસે ગુણની કથા બહેરા આગળ કરેલા ગાયનની જેમ નિષ્ફળ થાય છે—જાય છે. ૪

વિઘન ઈંહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથી જી, સુયશ મહોદય હોય રે-જિનજી. ૫

આ દષ્ટિએ પહોંચ્યા પછી ધર્મ પ્રવૃત્તિમાં, ધર્મના કારણોમાં ઘણું કરીને કોઈ વિઘ્ન કે મુશ્કેલી આવતા નથી. અનાચાર-અસદ્વર્તનનો ત્યાગ થયેલો હોવાથી આવા સાધકને સુયશ પ્રાપ્તિ રૂપ મહાભાગ્યનો ઉદય હોય છે.

(૪) દીપ્તા દૃષ્ટિ

યોગ દૃષ્ટિ ચોથી કહી જી, દીપ્તા તિહા ન ઉત્થાન,
પ્રાણાયામ તે ભાવથીજી, દીપ પ્રભાસમ જ્ઞાન;
મન મોહન જિન જી, મીઠી તાહરી વાણ—૧

—આ ચોથી દીપ્તા નામની દૃષ્ટિ છે બોધનું બળ વધતું જાય છે. દીવાના પ્રકાશ સમાન બોધ થાય છે. એટલે કે દીવાના પ્રકાશમાં સ્પષ્ટ દેખાય છતાં દોરીમાં સાપની ભ્રાંતિ થાય તેમ આ દૃષ્ટિમાં બોધને સ્પષ્ટ સમજે છતાં હજી મિથ્યાત્વ અંતરમાંથી ખસ્યુ નથી તેથી પુદ્ગલમાં સુખની ભ્રાંતિ લાગે છે.

આ દૃષ્ટિમાં ઉત્થાન નામનો દોષ દૂર થાય છે ભાવ પ્રણાયામ કરે છે. બોધ દિવાના પ્રકાશ જેવો હોય છે.

હે મનને મોહ પમાડનારા ભગવાન, તમારી વાણી અત્યંત મીઠી છે. ૧

બાહ્ય ભાવ રેચક ઈંહાજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ—મ. મો.—૨

—આ દૃષ્ટિમાં વર્તતા જીવને યોગનું ચોથું અંગ પ્રાણાયામ પ્રાપ્ત થાય છે, બહ્યભાવમાં રમણતા તે રેચક પ્રાણાયામ છે. અંતરભાવ તે પૂરક પ્રાણાયામ છે. અને અંતરભાવમાં સ્થિરતા તે કુંભક પ્રાણાયામ છે. ૨

ધર્મ અર્થે ઈંહા પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડે જી, જુઓ એ દૃષ્ટિનો મર્મ મ.મો.—૩

—આ દષ્ટિ વાળાને પ્રાણ કરતાં પણ ધર્મનું વધારે માહાત્મ્ય છે. ધર્મને ખાતર પ્રાણ છોડે પણ ધર્મ છોડે નહીં. પ્રાણ જાય એવું સંકટ આવે એમ બને તો પણ ધર્મને છોડતો નથી એવું આ દષ્ટિનું રહસ્ય છે. ૩

તત્ત્વ શ્રવણ મધુરોદકે જી, ઈંહા હોય બીજ પ્રરોહ;
ખાર ઉદક સમ ભવત્યેજે જી, ગુરુભક્તિ અદ્રોહ–મ.મો. ૪

—તત્ત્વજ્ઞાનના બોધના શ્રવણ રૂપ મધુર પાણીથી જે યોગનું બીજ ગ્રહણ કરેલ હતું તેમાં ફણગા ફૂટવાની શરુઆત અહીંયા થાય છે. ખારા પાણી સમાન જે અનિષ્ટ તત્ત્વો કે જેના કારણે ભવ–સંસાર વધતા હતા તેને તજી દે છે, અને ગુરુની ભક્તિ સંપૂર્ણ શરણાગત ભાવથી કરે છે. એટલે કે નિષ્કપટપણે કરતો થાય છે. ૪

સૂક્ષ્મ બોધ તો પણ ઈંહા જી, સમકિત વિણ નવ હોય;
વેદ્યસંવેદ્ય પદે કહ્યો જી, તે ન અવેદ્યે જોય–મ. મો. ૫

—અહીંયા હજી ગ્રંથી ભેદ થયો ન હોવાથી સૂક્ષ્મ બોધની યથાતથ્ય પ્રાપ્તિ ન હોય. સૂક્ષ્મ બોધ તો વેદ્ય સંવેધ પદે પ્રાપ્ત થાય છે એટલે કે સમકિત પ્રાપ્ત થાય ત્યારે. આ દષ્ટિમાં અવેદ્ય પદ છે. એટલે કે સમકિતને સ્પર્શ્યું નથી. ૫

(મિથ્યાત્વ દૂર થવાથી અને ગ્રંથી ભેદ થવાથી સ્વાનુભવ રૂપ સ્વસંવેદન જ્યાં પ્રગટ થાય છે તે વેદ્ય સંવેધ પદ છે. પ્રથમ ચાર દષ્ટિમાં આત્મ અનુભવ રૂપ સ્વ સંવેદન નથી તેથી તે પદ અવેદ્ય સંવેદ્ય કહેવાય છે.)

વેદ્ય બંધ શિવ હેતુ છે જી, સંવેદન તસ નાણ;
નયનિક્ષેપે અતિ ભલું જી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ–મન મોહન ૬

—બંધના કારણ અને મોક્ષના કારણ એ જાણવા યોગ્ય છે એટલે કે વેદ્ય છે. અને તેનું જે જાણવું તે સંવેદ્ય-સંવેદન છે. આ વેદ્ય-સંવેદ પદ જેને પ્રાપ્ત થયું છે, તેવો સાધક તત્ત્વોને નયનિક્ષેપથી જાણે છે. તેથી તેની તત્ત્વ વિષેની સમજ-જ્ઞાન યથાતથ્ય હોય છે. ૬

તે પદ ગ્રંથિવિભેદથી જી, છેહલી પાપ પ્રવૃત્તિ
તપ્ત લોહ પદ ધૃતિ સમી જી, તિહાં હોય અંતે નિવૃત્તિ
–મન મોહન–૭

ગ્રંથીભેદ-સમકિત થાય ત્યારે આ વેદ્ય સંવેદ્ય પદ પ્રાપ્ત થાય તે પછીથી જે પાપ પ્રવૃત્તિ કદાચ કરે છે તો પણ તે છેલ્લી હોય છે એટલે કે બંધનું કારણ થતી નથી. પૂર્વ કર્મના વેદન રૂપે જ હોય છે. જેમ તપેલા લોઢા ઉપર ના છૂટકે જ પગ મૂકીએ તેમ એની પાપ પ્રવૃત્તિ હોય છે. અને તેથી અંતે ઉધ્ય કર્મની નિવૃત્તિ થાય છે. ૭

એહ થકી વિપરીત છે જી, પદ તે અવેદ્ય સંવેદ્ય;
ભવાભિનંદી જીવને જી, તે હોય વજ્ર અભેદ્ય–મન મોહન ૮

અવેદ્ય સંવેદ્ય પદ–વેદ્ય સંવેદ્ય પદથી વિપરીત છે. તે ભવાભિનંદી જીવને–સંસારમાં આસકતને વજ્ર સમાન હોય છે. ૮

૪

લોભી કૃપણ દયામણો જી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યો જી, અફલ આરંભ પ્રયાણ
મન મોહન—૯

આ ભવાભિનંદી જીવ લોભી, કૃપણ, દયામણો, માયાવી-કપટી, મત્સર ભાવ, ઈર્ષાળુ, અને ભયથી ભરેલો હોય છે. તેથી તે જે કાર્યો કરે છે (મોક્ષ લક્ષે) તે નિષ્ફળ જાય છે. અને તેથી તેનું જીવન અજ્ઞાનમાં વીતે છે. ૯

એવા અવગુણનું જી, પદ છે અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમતણો જી, તે જીત્યો ધુરંધોર—મન મોહન !

—આવા અવગુણો જેનામાં છે તે જીવ કઠોર અવેદ્ય પદને ભોગવે છે. પણ જ્યારે તે સાધુનો સંગ પામે. જ્ઞાનીનો સંગપામે અને આગમ પ્રમાણે આરાધન કરે ત્યારે તે આ પદને જીતી ધુરંધર બને છે. ૧૦

તે જીતે સહજ ટળે જી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણે જી, જેમ એ બઠર વિચાર—મન મોહન !

—આ અવેદ્ય પદને જે સાધક જીતે છે તેની સમજની વિષમતા અને હાનિકારક કુતર્કો સહેજે નાશ પામે છે. હાથી દૂરથી હણે કે નજીકથી હણે આવા મૂર્ખ માણસના વિચાર જેવા વિચાર આપોઆપ ટળી જાય છે. બઠરનું દૃષ્ટાંત—૧૧

હું પામ્યો સંશય નહી જી, મૂરખ કરે એ વિચાર;
આળસુઓ ગુરુ શિષ્યનો જી, તે તો વચન પ્રકાર
મન મોહન–૧૨

—મૂર્ખ સદા પોતાને ડાહ્યો અને જ્ઞાની સંશય રહિત પણે માને છે. આળસુ ગુરુ શિષ્યની વિચાર સરણી જેવી આવા મૂર્ખની વિચાર સરણી–વચન હોય છે. ૧૨

શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે જેમને મોક્ષે જવું છે એ જીવોએ કુતર્કનો આગ્રહ કરવા જેવું નથી. તેઓએ શ્રુતનો, શીલનો અને સ્વરૂપમાં સ્થિર થવા રૂપ સમાધિનો તેમજ પરોપકાર કરવાનો આગ્રહ ભલે કરવો. કે જેથી જ્ઞાન પ્રગટે. ૧૨

બીજે જે પતિ આવવું જી, આપ મતે અનુમાન;
આગમને અનુમાનથી જી, સાચું લહે સુજ્ઞાન–મન મોહન ૧૩

—સ્વમતિ કલ્પનાથી અને પોતાની સમજણને અનુમાનથી સમકિત થયાનું માની લે તેથી લાભ ન થાય પરંતુ આગમના અનુમાનથી પોતાની દશાને, પ્રાપ્ત ગુણોને આગમ કથન સાથે સરખાવી નક્કી કરે તો સાચું જ્ઞાન–સાચો ખ્યાલ મેળવી શકે. ૧૩

નહીં સર્વજ્ઞ જુજુઆજી, તેહના તે વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ
મનમોહન–૧૪

—જગતમાં અનેક ધર્મ પ્રવર્તે છે. પરંતુ આપ્ત

પુરુષના વચનને અનુસરીને સ્યાદ્વાદથી વિચારવામાં આવે તો જણાય કે ત્રણેય કાળમાં જે જે સર્વજ્ઞો થયા છે, થાય છે. અને થશે તેઓના જ્ઞાનમાં ફેર નથી તેમ જ સર્વજ્ઞને અનુસરનારા શ્રુતકેવલિ વગેરેનું જ્ઞાન પણ તેવું જ હોય છે. પરંતુ તે વાણીને સમજવામાં બુદ્ધિ અનુસાર ભેદ પડે છે; જગતમાં ચિત્ર અને અચિત્ર પ્રકાશવાળી ભક્તિ પ્રવર્તે છે. તેનું કારણ પણ એ જ છે. રાજા અને ચિત્રકારોનું દૃષ્ટાંત. ૧૪

દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર
એક રાગ પર દ્વેષથી જી, એક મુક્તિની અચિત્ર
—મન મોહન ૧૫

—સંસારમાં દેવો અનેક છે તેમની ભક્તિ પણ અનેક પ્રકારે કરવામાં આવે છે. કોઈની ભક્તિ રાગથી કરવામાં આવે છે. કોઈની દ્વેષથી (ભયથી) કરવામાં આવે છે. તે સચિત્ર ભક્તિ છે. મુક્તિ માટેની જે ચિત્ત વિશુદ્ધિ રૂપ રાગ દ્વેષ રહિત, શાંત ચિત્તે વીતરાગ દેવની ભક્તિ કરવામાં આવે છે એ તો એક જ પ્રકારની હોય છે. તેને અચિત્ર ભક્તિ કહીએ. ૧૫

ઈન્દ્રિયાર્થ ગત બુદ્ધ છે જી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભકૃતિ ગણે જી, તેણે ફળભેદ સંકેત
મનમોહન—૧૬

—માત્ર ઈન્દ્રિય ગોચર પદાર્થનો આશ્રય કરનાર બુદ્ધિમાન છે, આગમ અનુસાર અતિન્દ્રિય પદાર્થને

જે સમજે છે તે જ્ઞાનવાન છે. અને મોહરહિત થઈ આત્મહિતાર્થે જે પ્રવર્તે તે અસંમોહ ક્રિયાવંત છે. એમ આશય ભેદને કારણે એક જ ક્રિયાના ફળમાં ભેદ પડી જાય છે. ૧૬

આદર કિરિયા રતિ ઘણીજી વિઘન ટળે મિલિ લચ્છિ;
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ
મનમોહન—૧૭

—ધર્મક્રિયા આદર અને પ્રેમ ભાવ સાથે કરવાથી વિઘ્નો ટળે છે અને આત્મધર્મ રૂપ લક્ષ્મી પ્રગટે છે. જ્ઞાની પુરુષોની સેવા અને તત્ત્વ જિજ્ઞાસા એ શુભ કાર્યો પુણ્ય-બંધનાં પ્રત્યક્ષ ચિહ્ન છે. ૧૭

બુદ્ધિ ક્રિયા ભવફલ દીએ જી, જ્ઞાનક્રિયા શિવ અંગ;
અસંમોહ કિરિયા દીએ જી, શીઘ્ર મુક્તિ ફલ અંગ
મનમોહન—૧૮

માત્ર પોતાની બુદ્ધિ સમજ મુજબ કરેલી ક્રિયા તેનું ફળ ભવ-ચાર ગતિ રૂપ સંસાર છે. જ્યારે જ્ઞાનીની આજ્ઞાએ કરેલ જ્ઞાન ક્રિયા કલ્યાણના અંગ રૂપ ફળ આપે છે. અસંમોહ-મોહરહિત-શુદ્ધ ભાવે કરેલ ક્રિયા બહુ શીઘ્ર મુક્તિ ફળ આપે છે.-૧૮

પુદ્ગલ રચના કારમી જી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણો જી, ભેદ લહે જગ દીન
મનમોહન—૧૯

—જે મોહ રહિત ક્રિયા કરે છે તેઓનું ચિત્ત સંસારથી વિરામ પામેલું હોવાથી આકર્ષક છતાં એકાંત દુઃખદાયક એવી પુદ્ગલની રચનામાં તેઓનું ચિત્ત લીન થતું નથી. મોક્ષનો માર્ગ એક જ છે પણ જગતના પામર જીવો તેમાં ભેદ પાડે છે. એટલે કે જગતના બાહ્ય વિષયોમાં મોહ પામેલા દીન પામર જીવો અજ્ઞાનને લઈને મોક્ષ માર્ગ ભિન્ન ભિન્ન હોવાનું કલ્પે છે. ધર્મમાં બાહ્ય દૃષ્ટિથી ભેદ દેખાવા છતાં વાસ્તવિક ભેદ નથી. ૧૯

શિષ્ય ભણી જિન દેશના જી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશના જી, પરમાર્થથી અભિન્ન
મનમોહન—૨૦

—જિનેશ્વર ભગવાનની દેશના ઉપદેશ. સર્વ જીવો પ્રત્યે સમાન જ હોય છે પણ શ્રોતાઓની પરિણતિ ભિન્ન હોય છે. મુનિઓ જુદા જુદા દૃષ્ટિબિંદુને-નયને આશ્રયીને દેશના આપે છે. તેની પાછળ મોક્ષપ્રાપ્તિ એ જ એક પરમાર્થ હોવાથી તે અભિન્ન હોય છે. ૨૦

શબ્દભેદ ઝઘડો કિશ્યો જી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુર નદી જી, વસ્તુ ફરે નહીં છેક
મનમોહન—૨૧

—જુદા જુદા દર્શનોમાં એક જ તત્ત્વને જુદા જુદા શબ્દોથી બતાવ્યું હોય તો તેવા શબ્દભેદને કારણે ઝગડો

કેમ ઘટે ? જેમ કે ગંગા નદીને કોઈ સૂર નદી કહે તો તેથી કાંઈ એ પાણી કે એ નદી જરાય બદલાતી નથી તેમ જુદા નામ આપવાથી તત્ત્વ કે માર્ગ બદલાઈ જતો નથી. ૨૧

ધર્મ ક્ષમાદિક પણ મટે જી, પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝગડા મોટા તણો જી, મુનિને કવણ અભ્યાસ.
મનમોહન—૨૨

—મુનિ-સાધકને આગળ વધતાં ક્ષમા આદિ દશ ધર્મોનું અવલંબન પણ છુટી જાય છે અને ધર્મ સન્યાસ યોગ પ્રગટે–છે. આત્માના ક્ષાયિક ધર્મો પ્રગટે છે. ત્યાર પછી મુનિને કોઈ ઝગડાનું કારણ રહેતું નથી એટલે કે તેમને તે તરફ દષ્ટિ રહેતી નથી. તેનો અભ્યાસ તેઓને રહેતો નથી. તેઓ તો અંતઃમુખ થઈ ગયા હોય છે. ૨૨

અભિનિવેશ સઘળો ત્યજી જી, ચાર લહી જેણે દષ્ટિ;
તે લેશે હવે પંચમી જી, સુયશ અમૃત ઘન વૃષ્ટિ
મનમોહન—૨૩

—સઘળા અભિનિવેશ એટલે કે મિથ્યા આગ્રહોને તજીને પ્રથમની ચાર દષ્ટિના ગુણો પ્રગટ કર્યા છે તે હવે પાંચમી સ્થિરા દષ્ટિને પ્રાપ્ત કરવા માટે પાત્ર બને છે. એ પાંચમી સ્થિરા દષ્ટિ અમૃતની ઘન વૃષ્ટિ જેવી છે. (ગાથા ૧૧ થી ૨૨ માં અભિનિવેશ તજવા માટે પ્રસંગોપાત કથન કરવામાં આવ્યું છે. સાધકો તે પ્રમાણે વર્તવાનો પુરુષાર્થ કરે જ છે.)–૨૩

(૫) સ્થિરા દૃષ્ટિ

દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહીં વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે—૧

—આ સ્થિરા દૃષ્ટિમાં ગ્રંથિભેદથી વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થાય છે. યથાર્થ બોધ રત્નપ્રભા જેવો નિત્ય રહેનારો હોય છે. અહીંયા ભ્રાંતિ એટલે કે અજ્ઞાન-મિથ્યાત્વનો દોષ નાશ પામે છે. સૂક્ષ્મ બોધ પરિણામ પામે છે. વખાણવા યોગ્ય એવું પ્રત્યાહાર નામનું અંગ પ્રાપ્ત થાય છે. પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોના વિષયોમાં મન અને ઉપયોગ દ્વારા જે આત્મા રમણતા કરતો હતો તેમાંથી ઉપયોગને ખસેડીને અંતર્મુખ કરવો.-૧

એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિન રાત રે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે-એ ગુણ ૨

—આ દૃષ્ટિએ પહોંચતાં સમકિતની નિર્મળતાને કારણે પાશવિક વૃત્તિઓનો નાશ થાય છે. આવો લાભ થવામાં ઉપકાર કરનાર વીર પ્રભુનો આભાર હું કોઈ દિવસ નહીં ભૂલું. દિવસ અને રાત તેમના ઉપકારને સંભાર્યા કરીશ. (વીર પ્રભુના ઉપદેશને પ્રત્યક્ષ રીતે મોક્ષ-માર્ગમાં વાળવા માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ઉપકાર દિનરાત સંભાર્યા કરીશ તેના વગર વીર પ્રભુનો ઉપદેશ યથાર્થ પરિણમતો નથી.)-૨

બાલ ધૂલિધર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇંહા ભાસે રે;
રિદ્ધિસિદ્ધિ સવિ ઘટમાં પેસે રે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે
એ ગુણ—૩

—આ દૃષ્ટિમાં સ્થિર થયેલ જીવોને સંસારનાં કાર્યો ધૂળમાં બાળકોએ બનાવેલ ઘર ઘરની રમત જેવાં લાગે છે. રિદ્ધિસિદ્ધિ મારી અંદર જ સમાયેલી છે તેને જાણે છે. કેમ કે અષ્ટ મહાસિદ્ધિ તો તેના ખોળામાં આળોટતી હોય છે. ૩

વિષય વિકારે ન ઈન્દ્રિય જોડે, તે ઈંહા પ્રત્યાહારો રે;
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે
—એ ગુણ ૪

—સૂક્ષ્મ બોધનું યથાર્થ પરિણમન થતાં બાહ્ય પદાર્થો બધા જ અસાર લાગવાથી ઉપયોગ ઈન્દ્રિયોના વિષયોથી પાછો વળે છે તેને પ્રત્યાહાર કહેવાય છે. કેવળ જ્ઞાન જ તત્ત્વનો પ્રકાશ કરે છે. બાકીના બીજા બધા ઉપાયો નિરર્થક છે નકામા છે. ૪

શીતલ ચંદનથી પણ ઉપન્યો અગ્નિ દહે જેમ વનને રે;
ધર્મજનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે
—એ ગુણ ૫

—ચંદન શીતળતા આપે છે પણ તેની બે ડાળીઓ ઘસાવાથી પ્રગટેલો અગ્નિ આખા વનને બાળી નાખે છે. તેમ ધર્મકાર્યથી ઉત્પન્ન થયેલ સુખવૈભવ પણ આવા જીવને અનિષ્ટ-નિરર્થક લાગે છે. ૫

અંશે હોય ઈંહા અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;
ચિદાનંદ ધન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે
—એ ગુણ ૬

—આ દૃષ્ટિએ પહોંચેલા જીવને અવિનાશી આત્માને અંશે અનુભવ હોય છે તેથી તેને પુદ્ગલ પ્રસંગ કરોળિયાના જાળા જેવા અને તમાસા જેવા લાગે છે ચૈતન્ય સ્વરૂપના આનંદના સમૂહરૂપી યશનો ભોગવના આ દૃષ્ટિવાળો જીવ હોય છે. તેથી તેને જગતના સુખની આશા કેમ હોય ?–૬

(૬) કાંતા દૃષ્ટિ

અચપલ, રોગ રહિત, નિઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુરવર પ્રથમ પ્રવૃતિ.
ધન ! ધન ! શાસન શ્રી જિનવરતણું—૧

—આ ઢાળમાં પ્રથમની ચાર ગાથા પાંચમી દૃષ્ટિ વિષે છે. આ પાંચમી દૃષ્ટિથી સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થતાં વાસ્તવિક યોગ સાધનાની શરૂઆત થાય છે. ત્યારે નિઃસંકિત આદિ અનેક ગુણો પ્રગટે છે સાથે યોગ પ્રવૃત્તિનાં બીજાં ચિહ્નો પણ નજરે પડે છે.

મન વચન કાયાના યોગ અચપળ થાય છે. ઉપયોગ અચપળ હોય છે. રોગ રહિત હોય, નિષ્ઠુરતા ન હોય, બન્ને નીતિ અલ્પ હોય, શરીરમાં સુગંધ ફેલાય, કાંતિ પ્રગટે, પ્રસન્નતા આવે અને સ્વર સારો થાય. અહો ! જિન ભગવાનનું શાસન પ્રશંસવા યોગ્ય છે. ધન્યવાદને પાત્ર છે ?

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઈષ્ટનો રે, દ્વન્દ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય
—ધન ધન ૨

—આગળ બતાવેલ ચાર દષ્ટિ પ્રમાણે યોગ સાધન કરેલ હોવાથી સાધક ધીરજવાન અને પ્રભાવશાળી બને છે. તેનું ચિત્ત મૈત્રી આદિ ભાવનાઓથી યુક્ત હોય છે. ઇષ્ટની પ્રાપ્તિ હોય છે. માન-અપમાન, જન્મ-મરણ, સુખ-દુઃખ આદિ દ્વન્દ્વથી અપરાજિત બને છે. અને લોકોને નિત્ય પ્રિય બની જાય છે–૨

નાશ દોષનો રે, તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનો રે, બુદ્ધિ શતંભરા, એ નિષ્પન્હ યોગ
—ધન ધન ૩

—જીવમાં જે દોષો હતા તેનો નાશ થઈ ગયો હોય છે અને સંતોષી બનેલ છે. સમતાભાવ અને ઔચિત્ય આદિ ગુણોનો સંયોગ હોય છે, વૈરભાવનો નાશ થયેલ હોય છે. બુદ્ધિ શતંભરા થયેલી હોય છે. જે આ દષ્ટિને પામ્યા છે તે સમ્યક્ દષ્ટિ યોગીને આ બધું પ્રાપ્ત થાય છે. ૩

ચિન્હ યોગનાં રે જે પરગ્રંથમાં યોગાચારય દિઠ્ઠ;
પંચમ દષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિઠ્ઠ
—ધન ધન ૪

—અન્ય દર્શનોમાં યોગાચાર્યનાં જે ચિન્હો વર્ણવ્યાં છે તે બધાં પાંચમી દષ્ટિ વાળા જીવોને હોય છે. તેથી તે સાધક ગરિષ્ઠ હોય છે એટલે કે ગુણોથી ભરપુર હોય છે. ૪

છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ્ર પ્રકાશ;
તત્ત્વ મીમાંસા રે દઢ હોયે ધારણા, નહીં અન્ય શ્રુતવાસ
—ધન ધન ૫

—આ કાંતા નામની છઠ્ઠી દૃષ્ટિમાં બોધ તારાના પ્રકાશ જેવો હોય છે (તારાથી છવાયેલ નિર્મળ આકાશની પ્રભા જેવો હોય છે). અહીં સુધી આવેલ સાધક જીવ તત્ત્વની યથાર્થ વિચારણા કરવાને શક્તિમાન બને છે. યોગનું છઠ્ઠુ ધારણા નામનું અંગ પ્રાપ્ત કરે છે. એટલે કે પરમાર્થ પ્રત્યે પ્રેમ પ્રગટયો છે તેથી તેનો જ નિરંતર લક્ષ રહે એ ધારણા છે. અને અન્ય મુદ્દ નામનો દોષ નાશ પામે છે એટલે કે અપ્રસ્તુતમાંથી પ્રેમ દૂર થાય છે અને બીજા શ્રુત શાસ્ત્ર પ્રત્યે પ્રેમ કે રુચી રહેતી નથી. (જેમાં યથાર્થ વર્ણન નથી તેવા).-૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુત ધર્મે રે મન દઢ ધરે, જ્ઞાના ક્ષેપકવંત—ધન ધન ૬

—જેમ બીજા કામમાં ગુંથાવા છતાં પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના પતિમાં જ રહે છે. તેમ સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યે જેના મનમાં અત્યંત પ્રેમ વર્તે છે એવો સાધક જ્ઞાની પાસેથી શ્રવણ કરેલ શ્રુત ધર્મમાં મનને સ્થિર કરે છે. આવા જીવ જ્ઞાન-ધ્યાનમાં જ મન પરોવી રાખે છે.

આ ગાથા ઉપર પ. કૃ. દેવ શ્રી રાજચંદ્રજીએ પત્રાંક ૩૯૪, ૩૯૫, ૩૯૬ માં વિસ્તારથી વિવેચન કરેલ છે.

જ્ઞાન મેળવવાની તાલાવેલીવાળા સાધકે તો જ્ઞાનીમાં તથા જ્ઞાની દ્વારા પ્રાપ્ત થયેલ શ્રુત ધર્મ રૂપ વચનામૃતમાં નિરંતર ચિત્તને એકાગ્ર કરવા યોગ્ય છે. જેથી સ્વચ્છંદ કુતર્ક વગેરે દોષો ટળી જઈને સ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. અને એ રીતે સમ્યક્ દર્શનની નિર્મળતા પ્રાપ્ત થાય છે.—૬

એહવે જ્ઞાને રે વિઘ્ન નિવારણે, ભોગ નહીં ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત
—ધન ધન ૭

—જેને એવું અક્ષેપક જ્ઞાન થયું છે અથવા તેવા જ્ઞાન પ્રત્યે પ્રીતિ થઈ છે. એવા જ્ઞાનીને ભોગો ભવનાં કારણ થતા નથી કારણ કે તેમના ભોગો વિઘ્ન નિવારણે એટલે પૂર્વકર્મની નિર્જરા કરવા રૂપ જ હોય છે. તેઓ તેમાં રસ લેતા હોતા નથી. આવા સાધકોને વિષયો પ્રત્યે રાગ પણ હોતો નથી દ્વેષ પણ હોતો નથી. કેમકે તેઓએ મનોજય કરેલો હોય છે. મન એ જ ગુણ કે અવગુણનું ક્ષેત્ર છે. મન સ્થિર થયેલું હોવાથી અવગુણ તરફ દૃષ્ટિ કરતું નથી. ૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણી રે બીતો રહે, ન ચલે ડામાડોળ—ધન ધન ૮

—આ દૃષ્ટિએ પહોંચેલો સાધક માયા રૂપી સમુદ્રને યથાર્થ રીતે જાણીને તેને ઉલ્લંઘી જાય છે. તેવા પ્રસંગોમાં

રાગદ્વેષને વશ થતા નથી. અડોલ-સાવધાન રહે છે. તેમની પાસે સમ્યક્ જ્ઞાન રૂપી રત્ન છે તે ખોવાઈ ન જાય તે માટે માયાથી ડરતા રહે છે. એટલે કે દૂર રહે છે તેમનું ચિત્ત ચળ વિચળપણાને પામતું નથી. ૮

ભોગ તત્ત્વને રે એમ ભય નહિ ટળે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દૃષ્ટિ રે ભવ સાગર તરે, લહે વળી સુયશ સંયોગ
—ધન ધન ૯

—જે જીવો ભોગને જ સારુ રૂપ માને છે તેનો જન્મ મરણનો ભય ટળે નહીં. ભોગમાં જે જીવો આસક્ત થાય છે તે અડોલ રહી શકે નહીં એટલે કર્મ બંધ રહિત હોય નહીં. તેથી ભવના દુઃખ ફરી ફરી પ્રાપ્ત થાય. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આરોપિત સુખ છે એ સુખ જૂઠાં-મૃગજળ જેવા છે. એમ જાણનાર સાધક અથવા જ્ઞાની સંસારને તરી જાય છે. શ્રી યશોવિજયજી મ. સા કહે છે કે આ દૃષ્ટિવાળા જીવ સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સંયોગ પ્રાપ્ત કરે છે—૯

(૭) પ્રભા દૃષ્ટિ

અર્કપ્રભા સમ બોધ પ્રભામાં ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી;
તત્ત્વ તણી પ્રતિ પત્તિ ઈંહા વળી, રોગ નહીં સુખ પુઠ્ઠી રે
ભવિકા વીર વચન ચિત્ત ધરીએ—૧

—આ સાતમી પ્રભા નામની દૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય છે એટલે કે જ્ઞાનની અત્યંત

નિર્મળતા સૂચવે છે. અહીં યોગનું અંગ ધ્યાન પ્રગટે છે. ધ્યાનમાં અત્યંત પ્રીતિ થાય છે. તત્ત્વની પ્રતિપત્તિ નામનો ગુણ પ્રગટે છે એટલે કે શુદ્ધાત્મ તત્ત્વનું યથાર્થ દર્શન થાય છે. ધ્યાનનો પ્રતિપક્ષી રોગ છે. અને અહીં ચારિત્ર મોહ નામનો રોગ મંદ પડતો જાય છે. દર્શન મોહરૂપી રોગનો તો નાશ થઈ ગયો છે. રોગ નામનો દોષ દૂર થાય છે અને સુખની પુષ્ટિ મળે છે. માટે હે ભવ્ય જીવો! વીર ભગવાનના વચનને ચિત્તમાં ધારણ કરો—૧

સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટિ આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે
—ભાવિકા ૨

—પરવશતા એ દુઃખનું લક્ષણ છે. અને નિજવસતા એ જ સુખ છે. આવી દૃષ્ટિથી આત્માનો ગુણ સુખ તે પ્રગટે છે. તે સુખનું શું વર્ણન કરીએ.

પરવશ, પુદ્ગલને, દેહને આધીન જે સુખ માન્યું છે તે સર્વ સુખ નહિ પણ દુઃખ રૂપ જ છે.

પ. ફ દેવ કહે છે કે

"પર વસ્તુમાં નહીં મૂંઝવો, એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત દુઃખ તે સુખ નહી;"

જે સુખનો ભોગવટો કર્યા બાદ દુઃખ આવતું હોય તે સુખ નથી—૨

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારી રે
—ભવિકા ૩

—જેમ શહેરના ધનાઢ્ય-ધનવાનોના સુખનો ખ્યાલ ગરીબોને આવી શકતો નથી. જેમ કુમારિકાને પતિ સુખનો ખ્યાલ આવી શકતો નથી. તેમ ધ્યાનના અનુભવ વિના, ધ્યાનથી મળતા સુખનો ખ્યાલ કોઈને પણ આવી શકતો નથી.—૩

એ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું રે-ભવિકા. ૪

—આ દૃષ્ટિમાં પહોંચેલા સાધકને બોધની નિર્મળતા હોવાને કારણે ધ્યાન પણ સાચું-યથાતથ્ય થાય છે. રત્નપ્રભા જેમ નિર્મળ જ્ઞાન પ્રકાશ નિત્ય નિરંતર રહે છે.—૪.

વિષભાગ ક્ષય, શાંતવાહિતા, શિવમારગ ધ્રુવ નામ;
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુયશ પરિણામ
—રે ભવિકા. ૫

—વિષભાગ ક્ષય એટલે વિકારો દૂર થવાને. બૌદ્ધ-મતના યોગીયો જેને વિષભાગ ક્ષય કહે છે. સાંખ્યમતના યોગીયો જેને શાંત વાહિતા કહે છે. શૈવમતના યોગીયો જેને શિવમાર્ગ કહે છે. પાતાંજલિ યોગમાર્ગના યોગીયો જેને ધ્રુવ માર્ગ કહે છે. અને જૈન દર્શનના યોગીયો જેને અસંગ અનુષ્ઠાન કહે છે. તે પ્રાપ્ત થયે અત્યંત

વિમલ પરિણામ થાય છે. અને એ જ મોક્ષમાર્ગ છે એમ યશોવિજયજી મ.સા. કહે છે.

અસંગપણું–એટલે આત્માર્થ સિવાયના સંગ-પ્રસંગમાં પડવું નહિ. અસંગ ભાવથી અબંધક ક્રિયા કરીને નિર્મળ પરિણામને સાધે છે. અને એ જ મોક્ષ માર્ગ છે. ૫.

(૮) પરાદૃષ્ટિ

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણું જી;
આપ સ્વભાવે પ્રવૃત્તિપૂરણ, શશિસમ બોધ વખાણું જી;
નિરતિચાર પદ એહમાં યોગી, કહીયે નાહીં અતિચારીજી;
આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી—૧.

—આઠમી દૃષ્ટિનું નામ 'પરા' છે. આમાં યોગનું સમાધિ નામનું અંગ પ્રગટે છે. આ દૃષ્ટિમાં વર્તતા જીવને પોતાના સ્વભાવમાં પૂર્ણપણે સ્થિતિ હોય, ચંદ્રપ્રભા જેવો બોધ હોય, આ પદના યોગીને અતિચાર નામનો દોષ લાગતો નથી માટે નિરતિચારી હોય છે. જેમ પર્વત ઉપર ચઢતી વખતે થતી ક્રિયા પર્વત ચઢી ગયા પછી કરવાની રહેતી નથી. તેમ આ શ્રેણીએ ચડી ગયેલા યોગીની ગતિ ન્યારી હોય છે.

અહીંયા બોધનો પ્રકાશ પૂર્ણચંદ્રની શીતલ ચાંદની જેવો આહ્લાદક હોય છે. એટલે કે અપૂર્વ જ્ઞાન સાથે અપૂર્વ શાંતિને અનુભવે છે.

આ દષ્ટિમાં વર્તતા યોગીઓને સાંપરાયિક ક્રિયાનો અભાવ હોવાથી કોઈ દોષ લાગતા નથી. બાહ્યક્રિયાનો અભાવ હોવાથી આચારને કારણે લાગતા દોષો તેમને થતા નથી એટલે કે અતિચાર લાગતા નથી. એટલે કે નિરતિચારી હોય છે.

જેમ પર્વત ઉપર ચઢી ગયા બાદ ચઢવાની ક્રિયા કરવાની રહેતી નથી તેમ શ્રેણીમાં બાહ્યક્રિયાઓ કરવાની રહેતી નથી. આંતરિક પરિણામની ધારા વડે જ આગળ વધવાનું હોય છે. બધી જ ક્રિયા સહજ રીતે અને સરળ રીતે થાય છે.—૧.

ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષેજી;
આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દ્રષ્ટિ ભિન્ન તેમ એહોજી;
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી;—૨

—ચંદનમાં જેમ સુવાસ સ્વાભાવિક હોય છે તેમ આ શ્રેણિમાં આવેલ જીવને ક્ષમા સ્વાભાવિક હોય છે. પ્રયત્નની કે બોધની જરૂર હોતી નથી. આ દષ્ટિમાં આસંગ (આસક્તિ) નામનો દોષ દૂર થયો હોય છે. તેથી સમાધિ સહજ હોય છે, તેના માટે પ્રયત્નની જરૂર પડતી નથી સહજપણે તે થયા કરે છે. રત્નની પરીક્ષા કરતાં શીખનારની દષ્ટિ અને રત્નના વેપારીની દષ્ટિમાં જેમ દષ્ટિભેદ હોય છે. તેમ આ દષ્ટિમાં જે દર્શન હોય છે તે નિર્મળ હોય છે.

અને તેને કારણે અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. અહીં મુનિ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે—૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વલબ્ધિ ફલ ભોગીજી,
પર ઉપકાર કરી શિવ સુખને, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી;
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી—૩

—અપૂર્વકરણ પછી અને કેવળજ્ઞાન થતા પહેલાં બધા દોષોનો ક્ષય કરી, સર્વ લબ્ધિ પ્રાપ્ત કરી, તેના ફળરૂપ જે અનંત સુખ, તેનો ભોગી તે સર્વજ્ઞ મહામુનિ થાય છે. તે ઇચ્છા રહિતપણે સહેજે પર ઉપકાર કરી અયોગી જીવ મોક્ષ સુખને પામે છે.

અહીં તેને કર્મરૂપ સર્વ શત્રુઓનો નાશ થાય છે, તેની સર્વ ઇચ્છાપૂરી થઈ જાય છે. આ લોકમાં જેટલાં સુખનાં સાધનો છે, પદાર્થો છે. તેની પ્રાપ્તિથી, તેના ભોગથી, થતા સુખ કરતાં પણ અનંતઘણું સુખ આ શ્રેણીએ જીવ પામે છે, તેથી અન્યની ઇચ્છા રહિત બને છે.—૩

એ અઠદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી;
કુલ યોગીને પ્રવૃત ચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલ યોગીજી;
અદ્વેષી ગુરુદેવ દ્વીજ પ્રિય, દયાવંત ઉપયોગીજી—૪

—યોગ શાસ્ત્રને આધારે આ આઠ દૃષ્ટિ અહીં

સંક્ષેપમાં કહી છે. આ યોગદષ્ટિ આત્મસ્મૃતિ અર્થે તેમજ કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીના હિતને અર્થે કહેવામાં આવી છે.

मोक्षेण योगनात् योगः । મોક્ષ સાથે જોડે તે યોગ એ પ્રકારના યોગને સાધે તે યોગી છે. સામાન્યપણે યોગીઓ ચાર પ્રકારના કહ્યા છે. ૧. ગોત્રયોગી, ૨. કુલ યોગી, ૩. પ્રવૃતચક્ર યોગી, ૪. નિષ્પન્ન યોગી.

નિષ્પન્ન યોગી યોગમાર્ગના સંપૂર્ણ પરિચિત હોઈ યોગ સાધનમાં સારી રીતે આગળ વધેલા છે. તેઓ નિરંતર ધ્યાન સમાધિમાં રહીને યોગ સાધનમાં જ વર્તે છે. તેઓને માટે આ ગ્રંથનું પ્રયોજન નથી.

ગોત્ર યોગી. તે છે કે જેઓ યોગસાધક યોગ અથવા આર્ય ભૂમિમાં જન્મ્યા છે અને ધર્મની બાહ્ય આરાધના કરે છે છતાં યોગ સાધન માટે જરૂરના સંસ્કારો અદ્રોહીપણું. ગુરુદેવ દ્વિજ પ્રિયતા આદિ તેમનામાં હોતા નથી અથવા તો તેનાથી વિપરીત સંસ્કારો હોય છે જેમકે પરનો દ્વેષ કરનારા, મતમતાંતરનો આગ્રહ કરનારા, જ્ઞાની ગુરુ, સર્વજ્ઞદેવ અને યોગસાધક ધર્માત્માઓનો વિરોધ કરનારા, દયા વિનાના, અનુપયોગી, હોય તે ગોત્રયોગી છે. તેઓને પણ આ દષ્ટિનું પ્રયોજન નથી.

કુલયોગી તે છે કે જેઓ યોગને અનુકુળ સામગ્રીવાળા કુળમાં જન્મ્યા છે અને અથવા યથાર્થ યોગ માર્ગને

આચરવાવાળા છે. જેઓને યોગ પ્રાપ્તિ પૂર્વના સંસ્કારથી કે વર્તમાનમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવ દ્વારા થઈ છે તે કુલયોગી છે. તેઓ અદ્વેષી ગુરુદેવ દ્વિજ પ્રિય એટલે કે સત્‌દેવ, સદ્‌ગુરુ અને સમ્યક્‌દૃષ્ટિ સંયમી એ ત્રણે પર પ્રશસ્ત પ્રેમ રાખનાર, દયાવંત વિગેરે ગુણોવાળા હોય છે. ઉપયોગી હોય છે એટલે સમ્યગ્‌દૃષ્ટિ હોય છે.—૪

શુશ્રુષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેજી;
યમદ્વયલાભી પરદુગઅર્થી, આદ્ય અવંચક કહિયેજી.
ચાર અહિસાંદિક યમ ઇચ્છા પ્રવૃત થિર સિદ્ધિનામેજી;
શુદ્ધ રુચે પાલે અતિચારર, ટાલે ફલ પરિણામેજી—૫

પ્રવૃતચક્ર યોગી તે કુલ યોગીથી વિશેષ યોગ્યતાવાળા છે અને યોગમાર્ગમાં આગળ વધેલા હોય છે. તેમનામાં આઠ ગુણ જેવા કે શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહા, અપોહ, તત્ત્વાભિનિવેશ પૂર્ણપણે પ્રગટ થયેલ હોય છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ યમના પહેલા બે ભેદ ઈચ્છા અને પ્રવૃત્તિ તે પ્રવૃતચક્ર યોગીને પ્રાપ્ત થયેલ હોય છે. બાકીના બે ભેદ સ્થિર અને સિદ્ધિની પ્રાપ્તિ માટે તે પુરુષાર્થી હોય છે. વળી તેઓ આદ્ય અવંચક હોય છે એટલે કે તેમને સદ્‌-ગુરુની પ્રાપ્તિ હોય છે. તેમના સમાગમે ઉલ્લાસ આપતો હોય છે. તેમની આજ્ઞાના આરાધક હોય છે, તેથી શુદ્ધ

રુચિ ઉત્પન્ન થાય, અતિચાર દોષ રહિતપણે યમ પાળે અ
તેના ફળ રૂપે કલ્યાણને પામે.

આઠગુણ

(૧) શુશ્રૂષા :-સાંભળવાની ઇચ્છા

(૨) શ્રવણ :-સાંભળવામાં એકાગ્રતા

(૩) ગ્રહણ :-અર્થ સમજીને ગ્રહણ કરવાવાળા

(૪) ધારણ :-સ્મૃતિમાં રાખે

(૫) વિજ્ઞાન :-તે સંબંધી વિશેષ જ્ઞાન,

(૬) ઉહા :-શંકા ઉપસ્થિત કરે

(૭) અપોહ :-પોતાની કે પરની શંકાનું સમાધાન ક

(૮) તત્ત્વાભિનિવેશ :-જે તત્ત્વ નિર્ણય થાય તેને છોડે નહિ

યમના ચાર ભેદ :

(૧) ઇચ્છા : શુદ્ધ રુચિથી પંચ મહાવ્રતને ધારણ કરવાં તે

(૨) પ્રવૃત્તિ : પંચ મહાવ્રતને ઉપશમ ભાવપૂર્વક પાળવાં તે

(૩) સ્થિર : નિરતિચાર પણે પંચમહાવ્રત પાળવાથી સ્થિરતા આવે તે.

(૪) સિદ્ધિ : ફળ પરિણમે. પંચમહાવ્રત શુદ્ધ પાળવાથી અતિશયો પ્રગટે તેથી બીજાને લાભ પમાડી શકે તે સિદ્ધિ યમ છે.

જ્ઞાની ગુરુનું શરણ ગ્રહણ કરવું, અંતરમાં તેમને ધારણ કરવા. તેમની આજ્ઞાએ મોક્ષમાર્ગની આરાધના

કરવી તે અવંચક યોગ છે. તેથી અવંચક ક્રિયા અને અવંચક ફળ સહેજે થાય છે.–૫

કુલયોગીને પ્રવૃત્તચક્રને શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી;
યોગદષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી:
શુદ્ધભાવને સૂની કિરિયા બેહુમાં અંતર કેતોજી;
જલહલતો સૂરજને ખજુઓ, તાસ તેજમાં તેતોજીઃ–૬

—કુલયોગી ને પ્રવૃત્તચક્રયોગીને ગ્રંથિભેદ થયો હોવાથી આગળ વધવાની જિજ્ઞાસા હોય છે, (જે જિજ્ઞાસા થવી આ કાળમાં દુર્લભ છે.) તેમનો લક્ષ શુદ્ધભાવમાં સ્થિર થવાનો હોય છે તેવા સાધકોને આ યોગદષ્ટિનું શ્રવણ અને શુદ્ધ ભાવનો પક્ષપાત એ બંને લાભ થશે. એમ ધારીને આ વાત કહી છે. શુધ્ધભાવ અને ભાવ-વગરની ક્રિયા એ બેના ફળમાં ઝળહળતા સૂર્યના પ્રકાશમાં અને આગિયાના પ્રકાશમાં જેટલો ફેર છે તેટલું અંતર હોય છે. એવો શુધ્ધ ભાવ થવામાં જીવની યોગ્યતા જરૂરી છે. એટલે આ ગ્રંથ યોગ્ય જીવને આપવો યોગ્ય છે-ઘટે છે તેની વાત હવે આવે છે.–૬.

ગુહ્ય ભાવ એ કહિએ તેહશું, જેહશું અંતર ભાંજે જી;
જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજે જી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી;
ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિ, પ્રહારને લાતોજી–૭.

જેઓને કર્મથી આંતરો પડયો હોય એટલે કે

ગ્રંથિભેદ થયો હોય તેમજ શુશ્રૂષા ગુણ પ્રગટયો હોય તેવા જીવોને જ આ ગ્રંથનું રહસ્ય કહેવા યોગ્ય છે જેઓનું મિથ્યાત્વ રૂપી અંતરપટ ટળ્યું નથી, તેમજ સાંભળવાની જિજ્ઞાસા નથી એવા જીવને ગુપ્ત રહસ્ય કહેવું ઘટતું નથી. યોગ્ય અયોગ્યનો વિવેક કર્યા વિના જે આ ગ્રંથની ગૂઢ વાર્તા બાલ જીવોને-અજ્ઞાની લોકોને કહેશે તે વક્તા વિદ્વાનોની (જ્ઞાનીયોની) પરિષદમાં ઠપકાને પાત્ર થશે.-૭.

હવે સભાના પ્રકાર બતાવે છે.

સભા ત્રણ શ્રોતા ગુણ, અવગુણ, નંદી સૂત્રે દિસેજી;
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો, સુગુણ જગીશેજી;
લોક પૂરજો નિજ નિજ ઈચ્છા-યોગ ભાવ ગુણ રયણેજી,
શ્રી નય વિજય વિબુધ પય સેવક, વાચક યશ વયણે જી.-૮

શ્રી નંદિસૂત્રમાં ગુણ અવગુણને અનુસારે ત્રણ પ્રકારની સભાવર્ણવી છે. ૧. ભેદજ્ઞાની ઉત્તમ પુરૂષોની સભા ૨. બાલ અજ્ઞાનીઓની સભા. ૩. દંભી હઠાગ્રહીઓની સભા. આ પ્રકારે આ ઉપરથી શ્રોતાઓનાં લક્ષણો જાણીને જે યોગ્ય હોય તેને સદ્ગુણોની સમુધ્ધિ થવાને અર્થે આ ગ્રંથ આપજો. તથા પ્રકારે આઠ દૃષ્ટિની સજ્ઝાયના રચયિતા શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં ભાવ ગુણ રૂપી રત્નોવડે લોકને શોભાવજો. આ વચનોને આધારે ઈચ્છાયોગ, શાસ્ત્ર-

યોગ અને સામર્થ્યયોગ નામના ભાવ ગુણ રૂપી રત્નો વડે લોકને શોભાવજો.-૮

ઇચ્છાયોગ :- આત્માનો યોગ થયા પછી વિકથાદિ પ્રમાદને લઈને ધર્મમાં પ્રવર્તન ન થઈ શકે છતાં ઈચ્છા તેની જ રહે તે ઈચ્છાયોગ છે.

શાસ્ત્રયોગ :- પ્રમાદને જીતીને આગમ અનુસાર જ્ઞાની-ના વચનને અનુસરીને યથાશક્તિ દેશસંયમ કે સંયમમાં પ્રવર્ત્તે તે શાસ્ત્રયોગ છે.

સામર્થ્ય યોગ :- સંયમના બળથી કર્મ ખમાવીને આત્મા-ના અનુભવના સામર્થ્યથી કર્મોનો ક્ષય કરવામાં પ્રવર્તે તે સામર્થ્યયોગ છે. પાંચમી દૃષ્ટિથી ઈચ્છાયોગ, છઠ્ઠી સાતમી દૃષ્ટિથી શાસ્ત્રયોગ અને આઠમી દૃષ્ટિથી સામર્થ્ય યોગ મુખ્યપણે હોય છે. સામર્થ્ય યોગના ધર્મસન્યાસ અને યોગ સન્યાસ એ બે પ્રકાર છે.

ધર્મસન્યાસ નામનો સામર્થ્યયોગ ક્ષપકશ્રેણીમાં કેવળજ્ઞાન થતાં પહેલાં હોય છે. યોગસંન્યાસ નામનો સામર્થ્ય યોગ છેલ્લે અયોગી અવસ્થામાં મોક્ષે જતાં પહેલાં હોય છે. ૮

"શ્રી સદગુરુ ચરણાર્પણમસ્તુ"

॥ ॐ શાંતિ: ॥

શ્રેણી ૨ (કક્ષા)

(તા. ૧૫ થી ૨૧ મે, ૧૯૮૯)

પ્રશિક્ષણ

બ્ર. નિ. નવનીતભાઈ

પૂજ્ય ગુરુદેવની યોગ્યતાની ચકાસણીમાં તમે પહેલીમાંથી બીજી શ્રેણીમાં આવ્યા તેનો તમને આનંદ થાય એ સ્વાભાવિક છે. પરંતુ તેનાથી તમારી જવાબદારી કેટલી વધી એનો વિચાર કર્યો છે ખરો ? બીજી શ્રેણીના સાધક એટલે શું ? એ વિચાર્યું છે ખરું ? જ્યારે પૂ. ગુરુદેવે, તમે સ્થિરતાની અમુક ભૂમિકાએ પહોંચ્યા છો એમ માન્ય કર્યું ત્યારે હવે તમારી પાસે શું અપેક્ષા રાખવામાં આવી છે તે ખૂબ ગંભીરતાથી, ઊંડાણથી વિચારજો. આ સાત દિવસ દરમ્યાન તમારે શક્ય તેટલું આત્માનુસંધાન રહે, અંતર્મુખ વૃત્તિ રહે, તે માટે પુરુષાર્થ કરવાનો છે. તમારું આચરણ, પહેલી શ્રેણીના સાધકને માર્ગદર્શકરૂપ થાય, તેમાંથી તેમને પ્રેરણાબળ મળે અને તેઓ પણ બીજી શ્રેણીની યોગ્યતા પ્રાપ્ત કરે, તેવું હોવું જરૂરી છે. શિબિર દરમ્યાન સ્થિરતાનો ગાળો વધારવાનો છે, અંતરાત્માપણું જાળવી પરમાત્માપણું પ્રાપ્ત કરવા દૃઢ સંકલ્પ કરવાનો છે. તમારા માટે આ

એક અણમોલ અવસર છે. એની એક એક પળ બહુમૂલ્ય છે 'સમયં સાધક ! મા પમાયએ.' એક સમયનો પણ પ્રમાદ કરવાનો નથી. પ્રમાદ એટલે શું તે તો જાણતા જ હશો. હર સમય આતમ ભાવના ભાવવાની છે, આત્મવિચારમાં જ મગ્ન રહેવા જાગૃતિ-સાવધાની રાખવાની છે.

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર."

બાહ્યાત્મપણું તજી, વૈરાગ્યવાસિત થઈ, પાંચ ઈન્દ્રિયોનો વિગ્રહ કરી, મનને ખીલે બાંધી-એકાગ્ર કરી, સ્થિરતા પ્રાપ્ત કરી, સમતાભાવમાં રહી, સમરસીપણું પ્રાપ્ત કરવાનું છે. ઠીક ઠીક અંશે તમે આ યોગ્યતા પ્રાપ્ત કરી છે એમ ગણત્રીમાં લઈ તમને બીજી શ્રેણીમાં મૂકયા છે. હવે એ દશામાં વેગ આણી, શૂરવીર બની, નિશ્ચિત ધ્યેયે ઝડપી આગેકૂચ કરવાની છે. શિથિલતા તો અંશમાત્ર ચાલશે નહીં. નિર્મલ વિચારધારાનું બળવાન-પણું રાખવાનું છે, જે તમને તમારા ઈચ્છિત ધ્યેય તરફ દોરી જશે.

પૂ. ગુરુદેવના તમને આશીર્વાદ છે. એમના કૃપા-પાત્ર બનવું તમારા હાથમાં છે, એમાં તમારું તો ગૌરવ પણ સચવાય છે-વૃદ્ધિ પામે છે. ગુરુકૃપા તેને જ પ્રાપ્ત થાય છે કે જેઓ ગુરુગમથી મળેલી સાધનામાં અપૂર્વ

ભાવ લાવી, રુચી પ્રગટાવી, પોતાનું વીર્ય ફોરવે છે એમની આજ્ઞાનું સર્વશક્તિથી પાલન કરે છે; એ ગુરુ-ચરણપદની યથાર્થ સેવા છે. અમો સર્વની તમા પ્રત્યે શુભ ભાવના છે. 'યાહોમ કરી પડો, ફત્તેહ ઇ આગે.' શિવમ્ !!

શિબિરના ચોથા, પાંચમા અને છઠ્ઠા દિવસે બ્રહ્મનિ શ્રી રસિકભાઈ તમને કર્મ શું છે? કર્મબંધ શું છે એનો આશ્રવ શા કારણે થાય? નિર્જરા કેવી રીતે થાય સંવરક્રિયાથી કર્મ-આશ્રવ કેવી રીતે રોકાય, સર્વથ કર્મરહિત કેવી રીતે થવાય? વગેરે સમજાવી; આત્મ અને કર્મના અનાદિના સંયોગથી આપણે પરિભ્રમણ કરી રહ્યા છે, તે કેમ ટળે એ માટેની જ્ઞાનદૃષ્ટિ-તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત કરાવશે.

શિબિરના પહેલા ત્રણ દિવસ મેં છ દ્રવ્ય (જેમ પંચાસ્તિકાયનો સમાવેશ થાય છે), નવતત્ત્વ, ચૌદ ગુણ સ્થાનક (આત્મવિકાસ શ્રેણી) વગેરે તત્ત્વસંબંધી વાતે કરવાનું પ્રથમ વિચાર્યું હતું. પરંતુ શિબિરાર્થીઓન મોટાભાગની તત્ત્વરુચિ આગળ વધેલી નથી, શાસ્ત્ર-વાંચન ઘણુંજ પરિમિત છે. એટલે શિબિરના છ દિવસ તત્ત્વની જ વાતો કરવામાં આવે તો તમને કંટાળો આવવાનો સંભવ છે, જે તમને સાધનામાં બાધારૂપ પણ થઇ પડે. જેથી મેં સાધનામાં જ બળ મળે એ જાતની વાતો કરવાનું વિચાર્યું છે.

હવે યોગવિદ્યા સંબંધી જુદા જુદા ગ્રંથમાંથી સંકલિત કરેલા વચનો રજુ કરૂં છું. આમાં મારું કાંઈ નથી, માત્ર યોગવિદ્યાના અનુભવીઓના વચનો છે. એમાં જરૂર પડે હું જે કાંઈ મારી મતિ પ્રમાણે સ્પષ્ટતા કરૂં એટલી જ મારી વાણી હશે. કાળજી રાખવા છતાં પૂરતો અભ્યાસ નહીં હોવાને કારણે ક્ષતિ-દોષ થાત તો માફ કરશો.

યોગવિદ્યા

આ આર્યાવર્ત પ્રાચીન સમયથી યોગ્ય વિદ્યાની પરાકાષ્ટાએ પહોંચેલો હતો. આ ભારતભૂમિ પર અનેક મહાત્માઓ યોગવિદ્યામાં કુશળ હતા. અનેક લબ્ધિઓ અને સિધ્ધિઓના યોગથી, નાસ્તિક સ્વભાવવાળા મનુષ્યો ઉપર પણ, આત્માની અસ્તિત્વતાની ઊંડી છાપ બેસાડતા હતા. પ્રત્યક્ષપણે પુનર્જન્મનો અનુભવ કરનારા, જાતિ-સ્મરણ જ્ઞાન ધારક કોઈ, બીજા જીવોને પુનર્જન્મ વિષે ચોક્કસ ખાત્રી આપતા હતા; તેમજ યોગબળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી દૂર વસ્તુના સંશય દૂર કરી આત્માદિ જ્ઞાનાદિ અનંત શક્તિઓનું ભાન કરાવતા હતા.

આવા અનેક રત્નપુરુષોનો ધારક આર્યાવર્ત્ત આજે જડવિદ્યાના ઉપાસકોના પ્રભાવથી શોચનીય સ્થિતિમાં આવી ગયો છે. યોગવિદ્યામાં પ્રવિણ મહાત્મા પુરુષો કોણ છે તે વિચારવા જેવું થઈ પડયું છે.

આમ થવાનું કારણ એજ કે મનુષ્યોનું આત્મભાવ તરફનું લક્ષ દિનપ્રતિદિન ઓછું થતું જોવામાં આવે છે. અત્યારે આ દેશ આત્મ શોધખોળ માટે તદ્દન બેદરકાર બન્યો છે. મોજશોખનાં સાધનોની શોધખોળ, દિન પ્રતિદિન વધતી જાય છે. પૂર્વે છ એ દર્શનોમાં યોગ સંબંધી એટલી બધી જાગૃતિ અને પ્રયત્ન હતો કે, તે વખતના બનેલાં અને અત્યારે મળી આવતા કોઈ કોઇ યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોથી નિર્ણય કરી શકાય છે કે અત્યારે જેવો જડવિદ્યાની શોધખોળનો જમાનો છે, તેવો પૂર્વે આત્મવિદ્યાની શોધખોળનો જમાનો હતો.

અત્યારની સ્થિતિની પૂર્વની સ્થિતિ સાથે સરખામણી કરવાથી આત્મશાધકોએ નિરાશ થવાનું નથી. જે વસ્તુ જેટલી વિકટ છે તે વસ્તુ તેટલી જ સુખદાઈ હોય છે. અનુશ્રોત[1] પ્રવાહ તરફ સ્વભાવથી જે જીવોનું વલણ થઈ ગયેલું છે, એટલે પ્રતિશ્રોત[2] પ્રવાહ જેટલી આત્મશોધનમાં કઠીનતા લાગે, છતાં તે જ કર્તવ્ય છે. પૂર્ણ સુખ કે પૂર્ણાનંદ આત્મામાં જ રહેલો છે. પૂર્વે અનેક મહાપુરુષોએ આ માર્ગ સ્વીકાર્યો છે, અને અત્યારે પણ આત્મ જીવનને ઉચ્ચ કરવા માટે તે માર્ગની જ જરૂર છે. તે માર્ગ સિવાય જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિ જવાનાં જ નથી. આ દુનિયાનાં જણાતાં પુદ્ગલિક સુખોમાં કે ઉપાધિજન્ય સુખોમાં સુખ નથી. તે સુખો અલ્પ છે, ક્ષણિક છે,

૧. ઢળતા પાણીના પ્રવાહ તરફ. ૨. સામા પુરે ચાલવા જેટલી.

વિયોગશીલ છે. તેના અંતમાં દુઃખ છે. છેવટમાં તે સુખો તરફથી નિરાશા જ મળે છે; અને અંતે તે વિયોગશીલ સુખોથી કંટાળી સત્યસુખ શોધવા તરફ વિચારવાનોને દોડવું જ પડે છે.

આ સત્ય સુખની ઇચ્છા થઈ, છતાં તે કયા માર્ગથી મળી શકશે? તે નિર્ણય કરવા માટે પણ ઘણા જીવોને ગુંચવાડો ઉત્પન્ન થાય છે. સત્ય શું છે તે નિર્ણય થતો નથી એટલે કંઈક ઇચ્છા પ્રગટ થઈ હોય તો તે પણ દબાઈ જાય છે.

સંસારમાં અનેક વિષમતાઓ પણ અનુભવાય છે. આમ થવાનું કારણ શું હશે? ઇચ્છિત વસ્તુઓ શા માટે નથી મળતી? ગયા કાળનું તથા આગામી કાળનું જ્ઞાન શા માટે નથી થતું? સંયોગોનો વિયોગ શા માટે થાય છે? વિગેરે બાબતોનું કારણ કાંઈ પણ હોવું જ જોઈએ.

સત્ય સુખના સાધનો માટે અત્યારે નવીન શોધ કરવા નીકળવું તે, સૂર્યનો પ્રકાશ છતાં વસ્તુ શોધવા માટે દીપક લેવા બરાબર છે. આથી પોતાની બુદ્ધિને કાંઈ પણ મહેનત ન આપવી અને કોઈ કહે તે સત્ય માની લેવું, એમ કહેવાનો આશય નથી. ભલે શોધકો શોધ કરે, પણ આખી જિંદગી શોધવા માટે જ કાઢવી, પ્રત્યક્ષ સત્ય જણાતાં છતાં તેનો વિશ્વાસ ન કરવો અને કેવળ સત્ય ક્યાં છે? સત્ય ક્યાં છે? એમ બકયા કરવું તેના કરતાં એક આધાર પકડી આગળ વધવું તે વધારે ઉત્તમ છે.

સત્યને માટે પૂર્વના શોધક મહાપુરુષો જણાવે છે કે, આત્મા તેજ સત્ય છે; તે તમારી પાસે છે. તેને માટે બહાર શોધવા કે મેળવવા માટે પ્રયત્ન કરવો કે ભટકવું, તે નકામું છે. તમારે આગળ વધવું હોય, સંસાર પરિભ્રમણ કે જન્મ મરણને તિલાંજલી આપવી હોય, અને નિરંતરને માટે આનંદમાં રહેવું હોય તો, તમારો આત્મા છે, તેને જ શોધો. શોધો નહિ પણ શુદ્ધ કરો. માયાથી, મલિન વાસનાથી તે મલીન થયો છે, કર્મ બંધનથી તે અનાદિથી બંધાયો છે, તે જ સત્ય છે. બાકી ફાંફાં મારવાનાં છે.

પ્રથમ શરૂઆતમાં અશુદ્ધ કે અશુભ વિચાર, ઉચ્ચાર અને આચાર એ ત્રણને દૂર કરો અને સાથે શુભ આચાર ઉચ્ચાર અને વિચારમાં પ્રવૃત્તિ વધારો. એટલે સુધી શુભમાં પ્રવૃત્તિ કરો કે સ્વપ્નમાં પણ અશુદ્ધ કે અશુભ પ્રવૃત્તિ ન થાય. ત્યાર પછી ક્રમે આત્માની શુદ્ધ પવિત્ર દશાને સમજો તે માટે અનેક પવિત્ર મહાપુરુષોનાં જીવન ચરિત્રો તપાસો. આત્માની વિશુદ્ધતા સમજી તે જ પ્રમાણે આત્મા દ્વારા વિશુદ્ધતા અનુભવો. આ આત્મ વિશુદ્ધતામાં તમે પોતે જ છો અથવા તે વિશુદ્ધતા તે જ તમારુ સત્ય સ્વરૂપ છે; તે મેળવો. તેમાંથી ખસી ફરી પાછા ન આવો તો અહીં જ જીવનમુક્ત દશા અનુભવશો, અને પરિપૂર્ણ કર્મ ક્ષય થતાં શાશ્વત સિદ્ધ સ્વરૂપે થઇ રહેશો. આ પૂર્વના મહાપુરુષોનો બોધ છે. એ બોધના અધિકારી બની તેને જીવનમાં ઉતારવો જોઈએ, આત્મસાત્ કરવો જોઈએ.

કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે લખેલ ગ્રંથ 'યોગશાસ્ત્ર' કુમારપાળ રાજાને કંઠસ્થ હતું, અને તેનો દિવસમાં એકવાર નિરંતર સ્વાધ્યાય તરીકે તેનું સ્મરણ કરતા. આવો અપૂર્વ ભાવ અને રુચિ જગાડી પુરુષાર્થ કરવો જોઈએ. આવી રીતે આત્મોપયોગની કે લક્ષની જાગૃતિ રહેવી, એના જેવું કર્મ ખપાવવામાં બીજું કોઈ પ્રબલ સાધન નથી.

મોક્ષનું કારણ યોગ—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે વર્ગોમાં મોક્ષ તે જ ઉત્તમ છે. એ મોક્ષનું કારણ યોગ છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર રૂપ ત્રણ રત્નો તે યોગ કહેવાય છે.

આ દુનિયાના જીવોને સાધ્ય કરવા તરીકે ગણાતાં, અર્થ, કામ, ધર્મ અને મોક્ષ; આ ચાર મોટા વિભાગો કે કાર્યો છે. તે ચારમાં બીજાં સર્વ વિશેષ કાર્યોનો સમાવેશ થઈ શકે છે. તેમા અર્થ–પૈસો પેદા કરવામાં અને તેનું રક્ષણ કરવામાં ઘણો કલેશ છે. રાગદ્વેષાદિની ઉત્પત્તિનું કારણ છે, અને કર્મબંધન કરાવી દુર્ગતિમાં પાડવાનું એક મહાન નિમિત્ત છે. કામ એટલે પાંચ ઈન્દ્રિયોનાં સુખો ભોગવવા. તે સુખો ક્ષણિક અને તુચ્છ છે, દેખાવ માત્ર રમણીય છે, તથાપિ વિપાક મહાદુઃખ દે છે તૃપ્તિ તો થતી નથી જ પણ વિશેષમાં ઈચ્છા વૃદ્ધિગત થાય છે. અજ્ઞાન દશામાં વિશેષ પ્રેરે છે, જ્ઞાનદશા ભૂલાવે છે

અને સંસાર પરિભ્રમણમાં સહાયક છે. ધર્મ એટલે આ ઠેકાણે શુભભાવ, પુણ્ય ગ્રહણ કરેલ છે. પુણ્યથી સુખ મળે પણ તે આત્મિક તો નહિ જ. પૌદ્ગલિક સુખો તો સંયોગિક વિયોગિક છે. થોડો વખત રહી નાશ પામે છે. ચાલ્યું જાય તે તો તાત્ત્વિક સુખ તો ન જ કહેવાય. આત્મિક સુખની પરિપૂર્ણતા તે જ મોક્ષ. આવી દશા નિરંતર બની રહેવી, જેમાં જન્મ-જરા-મરણ ન હોય અને નિરંતર પરમાનંદમાં મગ્ન રહેવાય. આ દશા પહેલાંની ત્રણ દશાથી ઉત્તમોત્તમ છે, માટે જ આ ચાર વિભાગોમાં ચોથો વિભાગ મોક્ષ તે જ શ્રેષ્ઠ છે. તે મોક્ષ પામવાનું કારણ યોગ છે. યોગથી જ મોક્ષ મળી શકે છે. માટે મોક્ષ પામવાની સ્પૃહાવાળા જીવોએ યોગરૂપ નિમિત્ત અવશ્ય મેળવવું જોઈએ, કેમકે કારણ સિવાય કાર્યોત્પત્તિ થતી નથી જ. અહીં પ્રશ્ન થાય કે યોગ એટલે શું ? જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર આ ત્રણ વસ્તુ તે યોગ છે. આના સિવાય કોઈ બીજો યોગ નથી. યોગ એટલે મોક્ષ સાથે જોડનાર મોક્ષ-માર્ગ. ભગવંત ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે : 'સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ,

જ્ઞાનયોગ : જેવી રીતે તત્ત્વોનું સ્વરૂપ રહેલું છે, તેવી જ રીતે સંક્ષેપથી કે વિસ્તારથી બોધ થવો યા જાણવું તેને મનીષિઓ-વિદ્વાન પુરુષો સમ્યગ્ જ્ઞાન કહે છે.

તત્ત્વ એટલે વસ્તુનો યથાર્થ નિશ્ચય. આવા તત્ત્વો બે, સાત કે નવ માનવામાં આવે છે. આ દુનિયામાં બે

તત્ત્વો કહેવામાં આવે છે તે, જીવ અને અજીવ અથવા આત્મા અને જડ. આ સિવાય દુનિયામાં બીજી કોઈ વસ્તુ નથી, સર્વ વસ્તુઓનો સમાવેશ-સમાસ આ બેની અંદર થઈ શકે છે. જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ; નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વો પણ કહેવાય છે અથવા પુણ્ય અને પાપનો આશ્રવમાં સમાવેશ ન કરતાં જુદાં ગણવામાં આવે તો નવ તત્ત્વો કહી શકાય છે જીવ કહો કે આત્મા કહો તે પર્યાયવાચક આત્માનું જ નામ છે. જીવો બે પ્રકારના કહી શકાય છે, એક સંસારના અને બીજા મોક્ષના. કર્મોથી ઘેરાયેલા અને તેથી જ નાના પ્રકારના શરીરોને ધારણ કરનારા જીવોને સંસારી જીવો કહેવામાં આવે છે.

સંસારી જીવોના બે વિભાગો છે–એકત્રસ અને બીજા સ્થાવર. ત્રાસ પામે, તડકેથી છાંયે આવે, છાંયાથી તડકે જાય, સુખ–દુઃખા દિનો જેને પ્રગટ અનુભવ થાય, તે ત્રસ જીવો, તેઓના બે ઈન્દ્રિય, ત્રણ, ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પંચેન્દ્રિય એવા ભેદો ઈન્દ્રિયના ભેદથી થઈ શકે છે. સર્વ જાતના પશુ–પંખીઓ, મનુષ્યો, દેવો અને નારકી આ સર્વે પંચેન્દ્રિયવાળા કહેવાય છે. બે ઈન્દ્રિયથી પાંચ ઈન્દ્રિય સુધીના જીવો ત્રસ કહેવાય છે.

સ્થાવર–પૃથ્વીની અંદર જીવ છે, પાણીની અંદર જીવ છે, અગ્નિમાં જીવ છે, વાયરામાં જીવ છે અને વનસ્પતિમાં જીવ છે. આ પાંચે જાતના જીવો સ્થાવર

કહેવાય છે, તેઓ સ્વભાવથી સ્થિર રહે છે, અથવા સ્થાવર નામકર્મના ઉદયવાળા છે.

આ સર્વે જીવો આઠ કર્મથી ઘેરાયેલા સંસારવાસી કહેવાય છે. જ્યારે તે જીવો પોતાને જાણે છે, આત્માના સામર્થ્યની તેમને ખબર પડે છે, પોતાનામાં જ સુખ છે એમ નિર્ણય કરે છે, દેહમાં થતી આત્મભ્રાંતિ હઠાવે છે અને સ્વસ્વરૂપમાં આવે છે ત્યારે કર્મોનો નાશ કરી શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર અનુભવ કરતા રહે છે, આવા આત્માઓ દુનિયામાં અનંતા છે અને તે સર્વ આત્માઓ દ્રવ્યથી નિત્ય છે. આત્માઓને કોઈ અવસરે, કોઈએ બનાવ્યા હોય એમ નથી પણ અનાદિકાળથી છે, છે અને છે જ.

પર્યાય અપેક્ષાએ અનેક જાતના રૂપાંતરોમાં તે સંસારી આત્માઓ ફર્યા કરે છે. કર્મની અપેક્ષાએ-કર્મની ઉપાધિને લઈને આત્મા ભલે અનેક જાતનાં શરીરમાં પ્રવેશ કરે અને તે દેહ મૂકીને વળી બીજી નવીન આકૃતિ (દેહ) ગ્રહણ કરે તથાપિ દ્રવ્યરૂપે આત્મા શાશ્વત જ છે. પર્યાયરૂપે આત્મા અશાશ્વત (અનિત્ય) છે, પણ જ્યારે તે આત્મા પોતાના આત્મસ્વરૂપમાં પૂર્ણ રીતે આવશે, ત્યારે દેહના અભાવથી આવી આકૃતિ બદલવારૂપ પર્યાયો નહિજ કરવા પડે. આત્મા પોતે કર્મ કરે છે અને તે કર્મો પોતે જ ભોગવે છે. આથી સ્પષ્ટ સમજી શકાય છે કે, આત્મા કર્મોનો કર્તા, ભોક્તા અને હર્તા છે, પણ તેનાં કર્મો કોઈ બીજો ભોગવી

કે દૂર કરી શકે તેમ નથી. નિમિત્ત કારણરૂપે બની શકે તેમ છે. પણ સાક્ષાત્‌રૂપે તો કર્મનું કરવું, ભોગવવું કે દૂર કરવું એ સર્વ આત્માના પોતાના વીર્યને સ્વાધીન છે. તે તે જાતના ઉપાયો યોજવાથી કર્મથી જુદો પડી શકે છે. આત્માની સાથે મળેલાં કર્મો જ્ઞાન-ધ્યાનરૂપી વન્હિથી જુદાં પાડી શકાય છે. જ્યારે કર્મ બાંધવાનું સામર્થ્ય પોતામાં હોય જ-છે તો કર્મ તોડવાનું સામર્થ્ય તે આત્મામાં હોય જ.

સુંદર યા અસુંદર પુદ્‌ગલોને, વિષયોને પામીને રાગ-દ્વેષ ન કરતાં સમપરિણામે રહેવામાં આવે તો કર્મબંધ થતો નથી. પોતાનું ભાન ભૂલવું અને પુદ્‌ગલોમાં આસક્ત થવું આ બન્નેનો મેળાપ કહો કે મિશ્રતા કહો; તે જ કર્મબંધ અને જન્મમરણનો હેતુ છે. આ કહેવાથી અજીવતત્ત્વ કહેવાયું. આ અજીવ તત્ત્વનું સ્વરૂપ સારી રીતે વિચારી આત્માથી તેને ભિન્ન રાખી, ભિન્ન સમજી, જેમ બને તેમ તેની આસક્તિ ઓછી કરવી; અને જેમ જેમ પુદ્‌ગલમાં આસક્તિ ઓછી થશે તેમ તેમ આત્મામાં પ્રીતિ વિશેષ બની આવશે.

દર્શન યોગ : જિનેશ્વર ભગવાનના કહેલા તત્ત્વોને વિષે રુચિ થવી (એ સત્ય છે એવો પ્રતીતિ થવી) તેને સમ્યક્ શ્રદ્ધાન (ખરેખર શ્રદ્ધા) કહે છે. આ શ્રદ્ધાસ્વાભાવિક રીતે યા ગુરૂના ઉપદેશથી થાય છે.

શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિરર્થક છે. જે વસ્તુના ઉપર પ્રીતિ નથી તે વસ્તુ આદરણીય થતી નથી અને આદર કર્યા

સિવાય ફાયદો મળતો નથી. તેમ જ્ઞાનથી જાણ્યું હોય પણ જ્યાં સુધી તેના પર પ્રીતિ નથી, ત્યાં સુધી તે તરફ આપણું પ્રવર્તન થવાની બીલકુલ આશા નથી, ત્યારે તેનાં ફળો મળવાની આશા તો ક્યાંથી જ હોય?

પહાડ પરથી નદી નીચી વહન થતી હોય, તેમાં કોઈ બેડોળ પત્થર, અથડાઈ પછડાઈને ગોળાકાર થઈ જાય છે, તેવી જ રીતે અનાદિ કાળથી સંસારમાં પર્યટન કરનાર આ જીવને પરિણામની વિશુદ્ધતાથી, કર્મોની ક્ષયોપશમતાથી આંશિક પણ સારી પ્રવૃત્તિથી આ સમ્યક્ત્વરૂપ રત્નની પ્રાપ્તિ થઈ આવે છે. કોઈ માણસ રસ્તો ભૂલ્યો હોય, સ્વાભાવિક રીતે આમ તેમ ફરતાં સાચા રસ્તા ઉપર આવી જાય છે અને કદાચ બીજાને પૂછવાથી તેમના બતાવ્યા પ્રમાણે ચાલતાં, પણ સત્ય રસ્તા ઉપર આવે છે, તેવીજ રીતે આ સમ્યક્ત્વની પ્રાપ્તિ પરિણામની વિશુદ્ધતાએ સ્વાભાવિક રીતે જ (નિસર્ગજ) થઈ આવે છે. અથવા સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળી (અધિગમજ), તે પ્રમાણે વર્તન કરતાં પરિણામની વિશુદ્ધતાએ મેળવી શકાય છે. ગમે તેવી રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત થાઓ. પણ તે પરિણામની વિશુદ્ધતા વિના તો નહિ જ મળી શકે. આ વિશુદ્ધતા જેમ જેમ રાગદ્વેષ ઘટતા જશે-ઓછા થતા જશે, તેમ તેમ વૃદ્ધિ પામશે યા પ્રગટ થતી આવશે. રાગ અને દ્વેષ એ મહાન ચોકાશ છે. આ ચોકાશથી જ્ઞાન, શ્રદ્ધાનૂ અને ચારિત્ર દબાઈ જાય છે. માટે દરેક અવસરે અને દરેક કાર્યમાં રાગદ્વેષથી ઘણું

જ સાવધાન રહેવાનું છે કે, તેની ચીકાશથી આત્મા વિશેષ દબાઈ ન જાય તેવા સાવધાન મનુષ્યો જ ઊંચા આવી શકશે. સૂર્યની આડે વાદળાંનો જ્યાં સુધી મોટો વિભાગ આવી ગયો છે, ત્યાં સુધી પ્રકાશની આશા રાખવી વ્યર્થ છે. તેવી જ રીતે આત્માની આડો આવા રાગદ્વેષરૂપ વાદળનો જથ્થો હોય ત્યાં સુધી આત્મપ્રકાશ યા આત્મ-સુખની આશા રાખવી નકામી છે. વાદળ દૂર થશે ત્યારે જ પ્રકાશ થશે તેમ, રાગદ્વેષરૂપ પડદો દૂર થવાથી જ આત્મપ્રકાશ પ્રગટ થશે. રાગદ્વેષની અધિકતા થતાં જ, સમ્યક્ત્વ પ્રાપ્તિની નજીક આવેલા જીવો પણ કર્મની સ્થિતિ વધી જતાં સંસારમાં અધિક પર્યટન કરે છે અને સમ્યક્ત્વથી દૂર રહે છે. એટલું જ નહિ સમ્યક્ત્વ પામેલા જીવો પણ સમ્યક્ત્વથી પતિત થઈ સંસારમાં રખડે છે. માટે જો સમ્યક્ત્વની કે આત્મવિશુદ્ધિની જરૂર હોય તો અવશ્ય રાગદ્વેષ ઓછા કરવા જોઈએ.

શ્રદ્ધામાં પણ અનેક જાતની તારતમ્યતા આપણા જોવામાં આવે છે. કોઈને વિશેષ શ્રદ્ધા, કોઈને થોડી શ્રદ્ધા, કોઈને તેનાથી પણ થોડી. આ સર્વ તારતમ્યતા થવાનું કારણ પરિણામની અવિશુદ્ધિ અને રાગદ્વેષનું વિશેષાધિક-પણું છે.

ચારિત્ર યોગ – સર્વે દોષવાળા, મન-વચન-કાયાદિ યોગોનો ત્યાગ કરવો, તેને ચારિત્ર કહેવામાં આવે છે. આ ચારિત્ર અહિંસાદિ વ્રતના ભેદે કરી પાંચ પ્રકારે કહ્યું છે.

જ્ઞાનથી જાણવામાં આવ્યું, દર્શનથી નિશ્ચય થયો, હવે ચારિત્રથી તે પ્રમાણે વર્તન કરવું. આ ક્રમે વર્તન કરવાથી તે વસ્તુની પ્રાપ્તિ ઘણી સહેલાઈથી થઈ શકે છે. વ્યવહારિક કાર્યોમાં જેમ, કોઈ પણ ઠેકાણે જવાનું હોય તો, પ્રથમ તેનો રસ્તો જાણવો, તેનો નિશ્ચય કરવો અને પછી તે માર્ગે ચાલવાની ક્રિયા કરવી; તેથી ઇચ્છિત સ્થળે પહોંચી શકાય છે. તેમ કર્મોથી મુક્ત થવામાં પણ પ્રથમ મુક્ત થવાનો માર્ગ જ્ઞાનથી જાણવો, દર્શનથી તેને નિર્ણય કરવો અને ચારિત્રથી તે પ્રમાણે ક્રિયા કરવી. અ ત્રણ એકઠાં મળવાથી મોક્ષરૂપ કાર્ય થઈ શકે છે. જ્ઞાનથ આપણે જાણ્યું કે આ વસ્તુ ખાવાથી ભૂખ દૂર થાય, પેટ ભરાય અને શક્તિ આવે. પણ વસ્તુ જાણ્યા પછી જો ખાવારૂપ ક્રિયા ન કરે તો ભૂખ ભાંગે નહિ, પેટ ભરાય નહિ, શક્તિ આવે નહીં. માટે આ ત્રણમાંથી એકાદ ન્યૂન હોય ત્યાં સુધી તે કાર્ય પૂર્ણ થઈ શકતું નથી. આ કારણથી જ જ્ઞાન અને શ્રદ્ધા પછી ચારિત્ર કહેવામાં આવ્યું છે.

સર્વ પાપવાળા યોગોનો ત્યાગ કરવો તેનું નામ ચારિત્ર. આ ઠેકાણે 'સર્વ' શબ્દ કહેવામાં એ આશય રહ્યો છે કે દેશથી પણ પાપવાળા યોગોનો ત્યાગ કરી શકાય છે. તેને દેશચારિત્ર કહેવામાં આવે છે. પણ આ ઠેકાણે પૂર્ણ ચારિત્રનું વર્ણન ચાલે છે, અને તે જ મોક્ષનું એક અંગ છે માટે દેશચારિત્રનું ગ્રહણ ન થાય, તે અર્થે સર્વ શબ્દનું ગ્રહણ કરેલું છે. તે ચારિત્ર અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય

અને અપરિગ્રહ (મમતા રહિતપણું) એ પાંચ પ્રકારે છે. આ પાંચ મહાવ્રતો ચારિત્ર કહેવાય છે. એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. પાંચ પાંચ ભાવના સહિત પાંચ મહાવ્રતો મુક્તિને માટે થાય છે. 'સર્વ સાવદ્યયોગાનાં ત્યાગશ્ચારિત્રમિષ્યતે ॥.'

પાંચ સમિતિ એ પહેલા મહાવ્રતની-અહિંસાની પાંચ ભાવનાઓ છે. પાંચ સમિતિ પ્રમાણે વર્તન કરી અહિંસાવ્રતનું પાલન સારી રીતે કરવું.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર ચારિત્ર (આચરણ)ને તીર્થંકરો સમ્યક્ ચારિત્ર કહે છે.

ચારિત્રનો મુખ્ય માર્ગ ગુપ્તિ છે અને સમિતિ અપવાદ માર્ગ છે. મન-વચન-કાયાનો નિરોધ કરવો તે ગુપ્તિ છે. કાર્યપ્રસંગમાં શાસ્ત્ર આજ્ઞા મુજબ યતનાપૂર્વક મન-વચન-શરીરના વ્યાપારને પ્રવર્તાવવાં તેને તીર્થંકરો ચારિત્ર કહે છે.

મનો ગુપ્તિ – કલ્પનાની જાળથી મુક્ત થએલા, સમભાવમાં સ્થિત થએલા અને આત્મભાવમાં રમણ કરતા મનને, જ્ઞાની પુરુષોએ મનોગુપ્તિ કહેલી છે.

આર્ત્ત અને રૌદ્રધ્યાનને કલ્પના જાળ કહેવામાં આવે છે. આવી કલ્પના જાળોથી પ્રથમ મનને મુક્ત કરવું જોઈએ. ધર્મધ્યાન પણ એક ઊંચી હદની અપેક્ષાએ કલ્પના જાલ છે. તથાપિ પ્રથમ અભ્યાસીઓ માટે તેને

કલ્પના જાલ ન ગણતાં આર્ત્તરૌદ્રધ્યાનને કલ્પના જાલ ગણવી. આર્ત્ત-રૌદ્ર વિનાની સ્થિતિમાં મનને મૂક્યા પછી બીજી સ્થિતિ મનને સમભાવમાં સ્થાપિત કરવાની છે. આ સમભાવમાં આર્ત્ત-રૌદ્રધ્યાનનો આદર પણ નહિ અને તિરસ્કાર પણ નહિ; અર્થાત્ ધર્મધ્યાનની સ્થિતિ ઉપર લાવી મૂકવું. આ સ્થિતિમાં અનેક જાતનાં શુભ આલંબનો લઈને મનને સ્થિર કરવાનું છે. સ્થિર કરવાનું છે એટલે અશુભમાં જતું રોકી ધર્મધ્યાનના વિચારોમાં દઢ કરવાનું છે. ત્યાર પછીની ત્રીજી સ્થિતિમાં મનને આત્મભાવમાં રમણ કરતું કરવાનું છે. આ આત્મભાવમાં કોઈ પણ જાતની માનસિક કલ્પના કરવાની નથી. સ્થૂલ વિચારોથી રહિત કરી નિર્વિકલ્પ કરવાનું છે. જ્યાં સુધી કોઈ પણ જાતની કલ્પના મનમાં હોય, કોઈ પણ જાતના વિચારો હોય ત્યાં સુધી મન આત્મભાવમાં કદી આવી શકતું નથી. આત્મભાવમાં મનને લાવવા માટે વિચારોને એક બાજુ કાઢી મૂકવાના છે. તેવા આત્મભાવમાં લય પામેલા મનને મનોગુપ્તિ કહે છે. આ ઠેકાણે કેટલાક એવી શંકા કરે છે કે "મનમાં વિચાર ન કરવો ત્યારે શું શૂન્ય થઈ જવું? કે જડ થઈ જવું? એવી શૂન્યત્યાની કે જડતાની સ્થિતિ, અમને જોઈતી નથી." વિગેરે કલ્પના કરનારા જરા મહેનત લઈને પૂર્વે કહેલ ક્રમ પ્રમાણે અનુભવ મેળવી લેવો જોઈએ; તો તેઓને જણાશે કે શૂન્ય થાઓ છો, જડ થાઓ છો કે આનંદના ભોક્તા થાઓ છો? કેટલાએક સારા વિચાર કરવા તેને મનોગુપ્તિ કહે છે.

આ કલ્પના કરવાનો હેતુ, તેમને એવો મળ્યો છે કે, વચનગુપ્તિ અને વચન સમિતિ એ, જેમ મૌન કરવું, અને સત્ય, પથ્ય, મિત વિગેરે સારું બોલવું વિગેરે કારણથી ભિન્ન પડે છે તેમ મનમાં કેમ નથી ? તેઓને શું (આ. શ્રી વિજય કેશરસૂરેશ્વરજી) જણાવીશ કે જુઓ અહીં મનનો તેવો સમિતિ-ગુપ્તિનો ભેદ નથી પાડયો, પણ કલ્પસૂત્રમાં મનોસમિતિ અને મનોગુપ્તિ એવો પ્રકાર ભેદ પાડેલો છે. તે પાઠ મહાવીર સ્વામીના દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેમની સ્થિતિનું, યા તેમની પ્રવૃત્તિનું વર્ણન આપતાં જ આપવામાં આવે છે અને અહીં જો કે પ્રગટ સમિતિ-ગુપ્તિનો ભેદ નથી આપ્યો તો પણ 'વિમુક્ત કલ્પનાજાલં, સમત્વે સુપ્રતિષ્ઠિત" આ બે ભેદ મનો સમિતિ-ના જણાય છે. સારા વિચારો કરવા તેને મનોગુપ્તિ કહેવી તે, ખરાબ વિચારોની અપેક્ષાએ કહી શકાય. ખરાબ વિચારોથી મનને જેટલું અટકાવ્યું તેટલું મન રોકાયું ગણાય. પણ ખરી રીતે મનોગુપ્તિ તો મન આત્મામાં રમણ કરે તેને જ કહેવામાં આવે છે.

વચનગુપ્તિ – સંજ્ઞાદિકનો ત્યાગ કરી જે મૌનપણું રાખવું તેને અથવા એકલી વચનની વૃત્તિઓને રોકવી તેને વચનગુપ્તિ કહે છે.

હાથની, આંખની, આંગળીની કે ખોંખારા પ્રમુખની સંજ્ઞાઓનો સર્વથા ત્યાગ કરવો, તેને અથવા સંજ્ઞા વિગેરે ખૂલ્લું રાખી, વચનથી બોલવાનો નિરોધ કરવો-મૌન કરવું,

તેને વચનગુપ્તિ કહે છે.

કાયગુપ્તિ – ઉપસર્ગ જેવા પ્રસંગે પણ કાયોત્સર્ગમાં (ધ્યાનમાં) રહેલા મુનિનો શરીર સંબંધી જે સ્થિર ભાવ (સ્થિરતા) તેને કાયગુપ્તિ કહે છે.

શયન કરવું, આસને બેસવું, મૂકવું-લેવું-ચાલવું વિગેરે સ્થાને, તે તે ક્રિયાના સંબંધમાં નિયમ રાખવો તેને બીજી રીતે કાયગુપ્તિ કહે છે.

જેમ માતા પુત્રના શરીરને પેદા કરે છે, દૂધ આદિ પાઈ શરીરનું રક્ષણ કરે છે, અને મળમૂત્રાદિથી શુદ્ધિ કરે છે, તેમ આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ચારિત્રરૂપ શરીરને પેદા કરતી હોવાથી સાધુઓને આઠે માતા સમાન કહેલી છે.

ચારિત્રના અધિકારી પરત્વે બે વિભાગો કરવામાં આવ્યા છે. એક સર્વવિરતિ, બીજું દેશવિરતિ. સર્વવિરતિ ત્યાગીઓથી જ બની શકે છે. તે પ્રમાણે જેઓ પૂર્ણ આદર ન કરી શકે પણ સાધુધર્મમાં પ્રેમવાળા હોય તેમણે તે સ્થિતિ મેળવવા માટે અને પોતાની યોગ્યતામાં વધારો કરવા માટે દેશવિરતિનો આદર કરવો જોઈએ. દેશવિરતિ એટલે સર્વવિરતિનો અમુક અંશ આદર કરવો.

ન્યાયસંપન્નવિભવ આદિ પાંત્રીશ માર્ગાનુસારી ગુણ ધારણ કરનાર મનુષ્યો ગૃહસ્થ ધર્મને લાયક થાય છે.

ગૃહસ્થ ધર્મમાં પ્રથમ સમ્યક્ત્વ –સમ્યક્ત્વપૂર્વક પાંચ

અણુવ્રતો ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ ગૃહસ્થ ધર્મનાં બાર વ્રતો છે.

જે દેવને વિષે દેવપણાની બુદ્ધિ, ગુરુ વિશે ગુરુપણાની બુદ્ધિ અને ધર્મ વિષે શુદ્ધ ધર્મ બુદ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય છે. દેવના ગુણો જેમાં ન હોય છતાં તેમાં દેવપણાની બુદ્ધિ કરવી, ગુરુના ગુણો ન હોય છતાં તેમાં ગુરુપણાની બુદ્ધિ કરવી-ભાવના કરવી અને અધર્મને વિશે ધર્મપણાની બુદ્ધિ રાખવી તે સત્યથી વિપરિત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે.

સત્દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ. વિતરાગ એ સત્દેવ, નિગ્રંથ ગુરુ અને સર્વજ્ઞ પ્રણીત ધર્મ એ ધર્મ. આ સમ્યક્ત્વ આત્મપરિણામરૂપ હોવાથી બીજા તેને જોઈ ન શકે, છતાં તેનાં ચિહ્નોથી જાણી શકાય છે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતાના લક્ષણો રૂપ, પાંચ લક્ષણોએ કરી સારી રીતે-બરાબર સમકિત ઓળખી શકાય છે.

આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી તે જીવ શ્રાવકનાં-ગૃહસ્થના વ્રતો લેવાને લાયક થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવામાં આત્માની જે વિશુદ્ધતા જોઈએ તેનાથી પણ વિશેષ વિશુદ્ધતા આ ગૃહસ્થ ધર્મનાં વ્રતોમાં આવવી જ જોઈએ. ચારિત્રને રોકનાર કર્મ ઓછું થાય તો જ

નિર્દૂષણપણે ગૃહસ્થ વ્રતો વાળી શકે છે.

પાંચ અણુવ્રતો – સ્થુલ હિંસાદિકની દ્વિવિધ, ત્રિવિધ પ્રકારે વિરતિ કરવી તેને જિનેશ્વરો અહિંસાદિ પાંચ અણુવ્રતો કહે છે.

સાધુઓના વ્રતો પરિપૂર્ણ હોય છે અને તેથી તે સર્વવિરતિ કહેવાય છે, પણ ગૃહસ્થોથી તે પ્રમાણે વ્રતો પાળી શકાતા નથી, એટલે તે પૂર્ણમાંથી કેટલાક ભાગના નિયમો કરવામાં આવે છે. સાધુઓ, મન-વચન-કાયાથી કરવું નહિ-કરાવવું નહિ અને કર્તાને અનુમોદન આપવુ નહિ, આમ નવ ભાગે કોઈ પણ જીવને મારવાના સંબંધમાં, અસત્ય બોલવાના સંબંધમાં, ચોરીના સંબંધમાં અબ્રહ્મચર્યના સંબંધમાં અને પરિગ્રહના સંબંધમ ત્યાગ કરી શકે છે. પણ ગૃહસ્થોથી તેમ બની શકતું ન હોવાથી સ્થૂલથી લીધેલા નિયમો પણ મન-વચન-કાયાથી કરવા નહિ અને કરાવવા નહિ, એમ છ ભાંગાઓથી લઈ શકે છે, એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ સ્થૂલ વ્રતો છ ભાંગાઓથી ગ્રહણ કરે છે.

પાંગળાપણું, કોઢીયાપણું, અને હાથ આદિનું ઠુંઠાપણું, આ સર્વ હિંસા કરવાના ફળો છે એમ જાણી બુદ્ધિમાન જીવોએ નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પથી હિંસા કરવાનો ત્યાગ કરવો.

જેવું બીજાને-બીજા જીવોને દુઃખ આપ્યું હોય તેવું પોતાને ભોગવવું પડે છે. માટે નિરપરાધિ ત્રસ જીવોની હિંસા ન કરવી, ત્રણ જીવોની હિંસા ન કરવી એ કહેવાનો હેતુ એવો છે કે પ્રથમ તો કોઈ પણ ત્રસ કે સ્થાવર જીવોને ન જ મારવા જોઈએ. પણ ગૃહસ્થાશ્રમમાં રહેવું અને તેમ બનવું મુશ્કેલ છે, કારણ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે જીવો સાથે રાત્રિ દિવસ ગૃહસ્થોને કામ લેવું પડે છે તેથી તેઓની હિંસાથી બચવું ગૃહસ્થો માટે મુશ્કેલ છે, છતાં તેના ઉપર નિરપેક્ષ તો હોય જ નહીં, અર્થાત્ વગર પ્રયોજને તેમની હિંસા ન કરે. તેમ તેમની ઉપર નિર્દયતા હોય નહિ, પણ નહિ ચાલતાં કામ કરવું પડે છે. તેમાં ત્રસ જીવોનો બચાવ તો ગૃહસ્થોથી બની શકે છે એટલે ત્રસ જીવોની વિરતિ બતાવી.

નિરપરાધી ત્રસ જીવોને ન મારવા, આ કહેવાનો હેતુ એ છે કે જો અપરાધી જીવોને ગૃહસ્થ શિક્ષા ન કરે તો તેનો ગૃહસ્થાશ્રમ ચાલી ન શકે. તેનું ઘર લૂંટી જાય, સ્ત્રી લઈ જાય, પુત્રાદિ મારી નાંખે. જો રાજા હોય તો તેનું રાજ્ય લૂંટાઈ જાય, પ્રજાને દુઃખ આપે, માટે અપરાધીને શિક્ષા આપવાનું ગૃહસ્થને ન્યાયપૂર્વક છે, અર્થાત્ તેમ કરવાથી તેના વ્રતને દુષણ લાગતું નથી.

સંકલ્પથી હિંસાનો ત્યાગ કરવો, એ કહેવાનો હેતુ એ છે કે રસ્તે ચાલ્યો જાય છે, જોઈને ચાલે છે, છતાં કાયાની અસ્થિરતાને લઈ કોઈ ત્રસ જીવ પગ નીચે યા

શરીરથી મરણ પામ્યો, તો અહીં તેનો મારવાનો ઈરાદો નથી, તેથી વ્રત ભંગ ન થાય. પણ આ જીવ ચાલ્યો જાય છે તેને જાણી જોઈને મારી નાખવો, તે સંકલ્પથી માર્યો કહેવાય. આમ નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પથી ન મારવા તે ગૃહસ્થોનું પહેલું વ્રત કહેવાય છે.

જેમ પોતાને સુખ વહાલું છે અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વ જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. એમ જાણી પોતાને અનિષ્ટ લાગતી હિંસા બીજાના સંબંધમાં ન કરવી જોઈએ, અર્થાત્ બીજા જીવોને ન મારવા જોઈએ.

અહિંસા ધર્મના જાણ તથા મોક્ષની ઈચ્છાવાળા શ્રાવકોએ સ્થાવર જીવોની પણ વગર પ્રયોજને હિંસા ન કરવી.

શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રાણીઓના ઘાત કરવા વડે કરી રૌદ્રધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીઓ સાતમી નરકે ગયા છે.

જે પ્રાણીઓને અભય આપે છે તેને પ્રાણીઓ તરફનો ભય થતો નથી, કેમ કે જેનું દાન આપ્યું હોય તેવું તેનું ફળ પમાય છે.

સત્ય વ્રત – મન્મનપણું, ન સમજાય તેવી રીતે બોલવાપણું, મૂંગાપણું અને મોઢામાં તથા રોગો આ સર્વ અસત્ય બોલવાનાં ફળો છે, એમ જાણીને કન્યાલીકાદિ અસત્ય બોલવાનો ત્યાગ કરવો.

કન્યા સંબંધી, ગાય સંબંધી, ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી, અને ખોટી સાક્ષી ભરવા સંબંધી આ પાંચ મોટાં અસત્યો કહેવામાં આવ્યાં છે.

જુઓ કે મનુષ્યોએ કાંઈ પણ અસત્ય ન બોલવું જોઈએ, તેમાં પણ સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ નથી કરી શકતા, તેઓએ સ્થુળથી એટલે મોટાં મોટાં અસત્યનો ત્યાગ કરવો જ જોઈએ. તે જ બતાવે છે કે કન્યા સંબંધમાં અસત્ય ન બોલવું. નાની હોય ને મોટી કહેવી, દૂષણવાળી હોય અને નિર્દોષ કહેવી વિગેરે, સદોષ છતાં નિર્દોષ કહી આપસમાં વિવાહિત કરવાથી તેઓની આખી જિંદગી કલેશિત નીવડે છે. ઉપલક્ષણથી કોઈ પણ મનુષ્ય વ્યક્તિના સંબંધમાં, અસત્ય ન બોલવું.

ગાયના સંબંધમાં જુઠું ન બોલવું. ઉપલક્ષણથી સર્વ જનાવરોના સંબંધમાં સમજી લેવું.

જમીન પરની હોય તેને પોતાની કહી દબાવી પાડવી વિગેરે જમીન સંબંધી અસત્ય ન બોલવું, થાપણ ઓળવવી નહી. અને ખોટી સાક્ષી ભરવી નહીં.

આ પાંચ મોટાં અસત્યો છે, લોકમાં પણ તે જાણીતાં છે; તેનો ત્યાગ કરવો, તે ગૃહસ્થનું બીજુ વ્રત કહેવાય છે.

અસ્તેય વ્રત – દુર્ભાગ્યપણું, પ્રેષ્યપણું (પરનું કામ કરવાપણું), દાસપણું (શરીરની પરાધીનતા), શરીરનું

છેદાવું અને દરિદ્રતા, એ ચોરી કરવાના ફલોને જાણીને (સુખના અર્થી ગૃહસ્થોએ) ધણીની રજા સિવાય વસ્તુ લેવારૂપ ચોરીનો ત્યાગ કરવો. ચોરીરૂપ પાપવૃક્ષનાં ફળો આ ભવમાં વધ બંધનાદિકથી અને પરલોકમાં નરકની વેદનાએ કરી ભોગવવાં પડે છે.

નપુંસકપણું તથા ઈન્દ્રિયના છેદાવાપણાદિકને અબ્રહ્મચર્યના ફળો જાણીને બુદ્ધિમાન મનુષ્યોએ પોતાની સ્ત્રીમાં સંતોષિત થવું અને પરસ્ત્રીનો ત્યાગ કરવો.

જેણે પોતાના પરાક્રમથી આ વિશ્વને સ્વાધીન કર્યું હતું તેવો મહાપરાક્રમી રાવણ પણ પરસ્ત્રીમાં રમવાની ઈચ્છાથી કુલનો ક્ષય કરી નરકમાં ગયો. માટે પોતાનું કુશળ ઈચ્છનારા સત્પુરુષોએ અવશ્ય પરસ્ત્રીનો ત્યાગ કરવો

સુદર્શનના ચરિત્ર ઉપરથી શિયળ વિષેની દઢતા સંબંધી ઘણું સમજવા અને મનન કરવા જેવું છે.

ઐશ્વર્યમાં રાજાના રાજા સરખો અને રૂપમાં કામદેવ જેવો પણ રાવણનો જેમ સીતાએ ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ પરપુરુષનો ત્યાગ કરવો.

બ્રહ્મચર્યના પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા સારા સંસ્થાન (આકૃતિ) વાળા, દઢ સંઘયણવાળા, તેજસ્વિ અને મહાન પરાક્રમવાળા પુરુષો થઈ શકે છે.

અપારગ્રહ – દુઃખના કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ આ સર્વ મૂર્છાના ફળો છે એમ જાણીને

પરિગ્રહનો નિયમ કરવો–પરિમાણ કરવું. ભ.મહાવીર દેવે કહ્યું છે કે મૂર્છા છે તે પરિગ્રહ છે પણ મૂર્છા આસક્તિ ન હોય તે પરિગ્રહ નથી,

બહારથી ધનાદિકનો ત્યાગ કર્યો પણ અંદરથી ઈચ્છા જાગૃત હોય તો તે ત્યાગી કહી શકાય નહીં. જો બાહ્ય ત્યાગથી જ ત્યાગ કહેવાતો હોય તો ઘણા નિર્ધન, રંક તથા પશુ આદિ જનાવરો પાસે કંઈ પણ હોતું નથી, તેને પણ ત્યાગીમાં ગણવા જોઈએ. પણ તેમ ન થવાનું કારણ તેઓની અંદરની ઈચ્છા, મૂર્છા ગઈ નથી, તેથી વસ્તુ પાસે વિદ્યમાન ન છતાં તેઓ ત્યાગી નથી. ત્યારે કેટલાક પાસે વસ્તુ હોય છે પણ મમત્વ ન હોવાથી તે ત્યાગી સરખા કહી શકાય છે. પરિગ્રહનો બાહ્યથી ત્યાગ કર્યો હોય અને અંદરની ઈચ્છા, તૃષ્ણા પણ ગઈ હોય તો તે ખરેખર ત્યાગ છે એ તો નિર્વિવાદ છે. પણ વસ્તુને બાહ્યથી ત્યાગ કર્યા સિવાય વસ્તુ વિદ્યમાન છતાં તેમાં મૂર્છા ન રહેવી એ વિકટ કામ છે. જો કે અશકય નથી છતાં દુઃશકય તો જણાય છે. માટે બાહ્યાંતર ત્યાગને મુખ્ય કરી અત્યારના વખતમાં વર્તવું એ વિશેષ આત્મહિતકારી છે

ધર્મને માટે આરંભ કરી પૈસા પેદા કરે છે તેઓ ઉજવળ વસ્ત્રને કાદવમાં બોળી પછી ધોવાના જેવું કરે છે. તે કરતાં બહેતર છે કે પ્રથમથી જ ધર્મ નિમિત્તે આરંભ ન કરવો, કે જેથી તે પાપ ધોવાના પ્રયાસમાં ઉતરવું ન પડે.

પૈસાથી જે ધર્મ થાય છે તેના કરતાં પોતાના આત્માથી ઇચ્છાના નિરોધરૂપ તપ તથા સંયમ કરવાથી અધિક લાભ મેળવાય છે; કેમ કે પૈસારૂપ પુદ્ગલથી કરાયેલો ધર્મ તે પુદ્ગલિક સુખ આપે છે, અને આત્માથી કરાયેલ ધર્મ તે આત્મિક સુખ આપે છે.

સંસારના મૂળ કારણ આરંભો છે, અને આરંભનું મૂળ કારણ પરિગ્રહ છે. માટે શ્રાવકોએ-ગૃહસ્થોએ જેમ બને તેમ પ્રરિગ્રહ ઓછો કરવો–ઓછો રાખવો.

જે મહાશયનું સંતોષ તે જ ભૂષણ છે, તેને નિધાનો પાસે રહે છે, કામધેનું તેની પાછળ ચાલે છે અને દેવો કિંકરની માફક આજ્ઞા ઉઠાવે છે.

આ પ્રમાણે પરિગ્રહની ઈચ્છાનો રોધરૂપ રોધ કરવા રૂપ ગૃહસ્થોનું પાંચમું વ્રત છે.

હવે બાકીના ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો અંગે વિચારીએ.

ગુણવ્રત–૩—જે વ્રતમાં દશે દિશાઓના જવા-આવવાના કરેલા નિયમની મર્યાદાનું ઉલ્લંઘન ન કરાય તે દિગ્વિરતિ નામનું પહેલું ગુણવ્રત છે.

ગુણવ્રત એટલે અહિંસાદિ પાંચ અણુવ્રતોને ફાયદો કરનાર, ગુણ ઉત્પન્ન કરનાર-તે ગુણવ્રત. આ છઠ્ઠું દિગ્વિરતિ વ્રત અહિંસા વ્રતને વિશેષ ફાયદા-જનક છે. પહેલાં

પાંચ મૂળવ્રતો છે તેને જ પુષ્ટિ કરનાર આ ઉત્તર વ્રતો છે. ચાર દિશા (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ), ચાર વિદિશા (અગ્નિ, ઈશાન, નૈઋત્ય, વાયવ્ય) ઊંચે અને નીચે (ઊર્ધ્વ, અધો) એમ દશે દિશામાં વ્યાપારાદિ દુનિયાદારીના કાર્ય પ્રસંગે જવું આવવું થાય થાય તેનો નિયમ રાખવો, તેને દિશાવિરમણ યા દિગ્વિરમણ નામનું છઠ્ઠું વ્રત એટલે પહેલું ગુણવ્રત કહે છે. આ વ્રતથી લોભની પણ નિવૃત્તિ થાય છે. પાપથી નિવૃત્તિ થઈ શકે છે.

ભોગોપભોગ વ્રત— શરીરની શક્તિ પ્રમાણે જે વ્રતમાં ભોગોપભોગવત સંખ્યાનો નિયમ કરાય છે, તે ભોગોપભોગ નામનું બીજું ગુણવ્રત કહેવાય છે.

જે એકજ વાર ભોગવવામાં આવે તે અનાજ, પુષ્પમાલા, તાંબુલ, વિલેપન, વિગેરે ભોગ કહેવાય છે, અને જે વારંવાર ફરી ફરી ભોગવવામાં આવે તે સ્ત્રી, વસ્ત્ર, અલંકાર, ઘર, શય્યા, આસન વિગેરે ઉપભોગ કહેવાય.

દારૂ, માંસ, માખણ, મધ, ઉંબરાદિ પાંચ જાતના ટેટા, અનંતકાયકંદમૂલાદિ, અજાણ્યા ફળ, રાત્રિ ભોજન, કાચા દુધ-દહીં તથા છાશની સાથે કઠોળ ખાવું તે, વાસી અનાજ, બે દિવસની ઉપરાંતનું દહીં અને ચલિત રસવાળું-કોહેલું અનાજ સર્વથા વર્જવાલયક છે, તેનો

ત્યાગ કરવો.

છાશમાંથી માખણ બહાર કાઢયા પછી અંતર્મુહૂર્ત થયે તેમાં ઘણા સૂક્ષ્મ જંતુના સમૂહો પેદા થાય છે. માટે વિવેકી પુરુષોએ તે માખણ ન ખાવું. એક પણ જીવને મારવામાં અત્યંત પાપ છે, તો જંતુઓના સમુદાયથી ભરપૂર આ માખણનું કોણ ડાહ્યો માણસ ભક્ષણ કરે?

અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી પેદા થયેલું અને જુગુપ્સનીય લાળવાળા મધનું આસ્વાદન (ભક્ષણ) ન કરવું જોઈએ. એક એક પુષ્પની અંદરથી માખીઓ રસ પીઈને બીજે ઠેકાણે તે રસને વમે છે, તેથી પેદા થયેલું તે મધ કહેવાય છે. આવું ઉચ્છિષ્ટ (એઠું) મધ ધાર્મિક પુરુષો ખાતા નથી. કેટલાએક મનુષ્યો મધનો ત્યાગ કરે છે પણ ઔષધને માટે તે મધ ખાય છે. જ્ઞાનીઓ કહે છે કે ઔષધને માટે ખાધેલું મધ પણ નરકનું કારણ છે; કેમકે કાળકુટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશ માટે થાય છે.

કૃમિઓના સમૂહોથી ભરપૂર ઉંબરાનાં, વડનાં પીપરાનાં, કાલુંબરનાં તથા પીપળાના વૃક્ષોનાં ફળો ખાવાં ન જોઈએ.

સૂત્રોક્ત (લીલાં કંદમૂળ, કૂંપળો, દ્વિદલવાળાં અંકુરા ફુટેલ ધાન્ય, શતાવરી-.વિ) અનંતકાયોનો જીવદયામાં તત્પર મનુષ્યોએ પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો.

અજાણ્યા ફળો કે જેનું નામ યા સ્વરૂપ પોતે યા બીજા જાણતાં ન હોય તે ન ખાવાં, કારણ કે તે ખાવાથી કદાચ નિષેધ કરેલા ફળમાં અથવા વિષવૃક્ષનાં ફળો ખાવામાં પ્રવૃત્તિ થઈ જાય, માટે તે ન ખાવાં.

ધર્મના જાણકાર મનુષ્યે દિવસ અસ્ત થયા પછી કોઇ વખત ખાવું નહિ. આયુર્વેદ શાસ્ત્રમાં પણ રાત્રિભોજનનો નિષેધ છે.

રાત્રિભોજનના દોષનો જાણ માણસ દિવસની આદિની અને દિવસના અંતની બબે ઘડી મૂકીને ભોજન કરે છે તે પુણ્યનું ભોજન થાય છે. રાત્રિભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, સાબર, ભુંડ, સર્પ, વિંછી અને ગોધા પ્રમુખપણે ઉત્પન્ન થાય છે.

કાચા દહીં, દૂધ, અને છાશરૂપ ગોરસની સાથે દ્વિદલ–મગ, મઠ, અડદ, ચણા, વાલ, તુવેર વિગેરે કઠોળનો સંયોગ થવાથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ જંતુઓ કેવળજ્ઞાનીઓએ દેખ્યા છે. માટે તે ગોરસ અને કઠોળના સંયોગવાળી વસ્તુ ખાવાનો ત્યાગ કરવો.

ત્રસ જીવોની મિશ્રતાવાળા ફળ, ફૂલ, પાંદડાં અને બીજાં પણ તેવાં જ જીવમિશ્રિત બોળઅથાણાં વિગેરેનો જૈનધર્મ પરાયણ શ્રાવકોએ ત્યાગ કરવો.

અનર્થ દંડ વિરમણ વ્રત—આર્તરૌદ્ર ધ્યાનરૂપ ખરાબ

ધ્યાન, પાપકર્મોનો ઉપદેશ આપવો જેનાથી હિંસા થાય એવાં ઉપકરણો બીજાને આપવાં, પ્રમાદ આચરણ, આ ચાર શરીરાદિકના અર્થે થાય તે અર્થ દંડ. તેના પ્રતિપક્ષી પણે (અર્થાત્ પોતાના શરીરાદિકના પ્રયોજન સિવાય) જે કાંઈ વગર ફોગટનું કરવામાં આવે તે અનર્થદંડ; એવા ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરવો, તે ગૃહસ્થોનું ત્રીજું ગુણવ્રત કહેવાય છે.

શિક્ષાવ્રતો-૪

હવે ચાર શિક્ષાવ્રતો સંબંધી વિચારીએ.

સામયિક વ્રત—આર્તરૌદ્રધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સપાપ) કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત પર્યંત સમભાવમાં રહેવું તેને સામયિક વ્રત કહે છે.

આ સામયિકમાં બહુધા બોલવા-ચાલવાનું બંધ કરવાનું છે અને તેના બે ઘડી જેટલા વખતમાં ધર્મ ધ્યાનમાં જ મગ્ન રહેવાનું છે. પરિણામની વિશુદ્ધિ રાખવાની છે અને ગૃહકાર્ય સંબંધી કોઈ પણ વિચાર લાવવાનો નથી. કેવળ ધર્મધ્યાનમાં સ્વાધ્યાયમાં કે ધર્મશ્રવણમાં તેટલો વખત વ્યતીત કરવાનો છે આવાં સામાયિકો કર્મનિર્જરાનાં પરમ કારણો છે. માટે આર્તરૌદ્રધ્યાન બીલકુલ ન આવે તેવી રીતે સાવધ રહી તથા મનથી વચનથી અને શરીરથી કાંઈ પાપકારી પ્રવૃત્તિ ન થાય તેને માટે સાવચેત રહી આ સામાયિક જેટલી વાર બની શકે તેટલી વાર કરવું.

દેશાવકાશિક વ્રત :

છઠ્ઠા દિગ્વ્રતમાં જે પરિમાણ જવા-આવવા માટે રાખવામાં આવ્યું છે તેનો દિવસે કે રાત્રે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. આ બીજુ શિક્ષાવ્રત છે.

પાષધ વ્રત :

ચાર પર્વમાં ઉપવાસાદિ તપ કરવો, પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને સ્નાનાદિ શોભાનો ત્યાગ કરવો, એમ પૌષધ વ્રત ચાર પ્રકારનું છે.

આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા. આ ચાર પર્વો કહેવાય છે. ચારે પર્વોમાં પૌષધ કરવાનું કહ્યું છે. આ ત્રીજું શિક્ષાવ્રત અને અગિયારમું શ્રાવકનું વ્રત છે.

અતિથિ સંવિભાગ વ્રત :

ચાર પ્રકારનો આહાર-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, પાત્રો, વસ્ત્ર, રહેવાનો મુકામ આ ચાર અતિથિઓને (સાધુઓને) આપવું તે અતિથિ સંવિભાગ નામનું વ્રત કહેલું છે. આચોથું શિક્ષાવ્રત અને બારમું શ્રાવકનું વ્રત છે.

આ પ્રમાણે બાર વ્રતોમાં રહ્યો છતો, ભક્તિપૂર્વક સાત ક્ષેત્રો (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, પ્રતિમા, દેરાસર અને જ્ઞાન)માં ધન ખરચતો અને દયા વડે કરી અતિ દીન જીવોને ધન આપતો તે મહાશ્રાવક કહેવાય છે.

કર્મ સિદ્ધાંત

બ્ર. નિ. રસિકભાઈ

જો સંસાર અનાદિ છે તો દુઃખ પણ અનાદિ કાળથી સમજી લેવું જોઈએ. સંસાર અનાદિ હોવા છતાં જો દુઃખનું મૂળ શોધી તે મૂળને દૂર કરી શકાય તો સંસારમાં રહેવા છતાં દુઃખથી છુટી શકાય છે. સર્વ દુઃખથી મૂકાવું તેનું નામ મોક્ષ.

"સમ્યક્જ્ઞાન-દર્શનના અવલંબનથી આવો મોક્ષ ઘણા સાધકોએ પૂર્વે સાધ્યો છે. અત્યારે આ માર્ગે જ સાધી રહ્યા છે. અને ભવિષ્યમાં પણ સાધી શકશે જ." આ સર્વજ્ઞનું અનુભવથી બોલાયેલું વાકય છે.

જન્મ મૃત્યુના દુઃખનું મૂળ કારણ કર્મ બંધન છે. તે કર્મ બંધનું મૂળ મોહ છે. મોહ, તૃષ્ણા, રાગદ્વેષ ઇત્યાદિમાં પ્રમાદ મુખ્ય પાઠ ભજવનાર પાત્ર છે.

સાંસારિક ભોગોની આસક્તિ એ જ પ્રમાદનાં સ્થાન છે. પ્રમાદથી અજ્ઞાનથી વૃદ્ધિ થાય છે. અજ્ઞાન કે મિથ્યાત્વથી શુદ્ધ દષ્ટિનો વિપર્યાસ થાય છે અને ચિત્તમાં મલિનતાનો કચરો જામે છે. આથી તેનું મલિન ચિત્ત મુક્તિ માર્ગની અભિમુખ થઈ શકતું નથી.

કામભોગના પદાર્થો પોતે તો સમતા કે વિકાર કશું ઉપજાવતાં નથી પણ રાગદ્વેષથી ભરેલો જીવ-આત્મા જ તેમાં આસક્ત બની તે વિષયોમાં વિકારને પામે છે.

મોહનીય કર્મથી ચૌદ પ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે. ક્રોધ માન-માયા-લોભ-હાસ્ય, ભય, રતિ, અરતિ, જુગુપ્સા, શોક, વેદ-પુરુષવેદ, સ્ત્રીવેધ, નપુસંક વેદ—નો ઉદય. જુદા પ્રકારના વેદ-તે આસક્ત જીવોને ઉત્પન થાય છે.

કર્મ એ આ આખા જગતનો અચળ કાયદો છે. આ કાયદાને વશ આખુ જગત વર્તી રહ્યું છે. જગતમાંથી છુટવું હોય તો આ કાયદાને તોડવો જ પડે.

કર્મની રચના બહુ અટપટી છે-કર્મને આધિન થયેલું ચૈતન્ય પોતાનું સ્વરૂપ પાસે હોવા છતાં તેને ભૂલી જાય છે. જડના ઘર્ષણથી વિવિધ પ્રકારના સુખ દુઃખના અનુભવ કરે છે અને તેમાં જ તન્મય બની જઈ અનેક ગતિઓમાં જડની સાથે ને સાથે પરિભ્રમણ કર્યા કરે છે.

કર્મ એક છતાં ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ તેના મૂળ આઠ ભાગ છે. સૌથી પ્રબળ સામર્થ્ય પ્રબળ કાળ સ્થિતિ અને પ્રબળ રસ સંવેદન કેવળ મોહનીય કર્મના મનાય છે.

મોહનીય એટલે કેવળ ચૈતન્યની ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું એવું કર્મ. આઠ મૂળ કર્મોનો એ નરપતિ છે. આ નૃપતિને જીતી લઈએ તો બાકીના સામંતો છે તે વશ થઈ શકે છે.

બંધ તત્ત્વની અપેક્ષાએ કર્મો શું છે અને કેમ બંધાય તેનો વિચાર કરીશું.

બંધના બે પ્રકાર છે-ભાવબંધ અને દ્રવ્યબંધ મિથ્યા દર્શનાડવિરતિ પ્રમાદ કષાયયોગા બંધ હેતવઃ—(૧) મિથ્યાદર્શન-(મિથ્યાત્વ), અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના કારણો છે.

બંધના આ પાંચ કારણો જે ક્રમમાં બનાવ્યા છે તે ક્રમમાં જ નાશ કરી શકાય છે. વચ્ચેથી લઈને કોઈનો નાશ કરી શકાતો નથી. મિથ્યાત્વ ટળે તો જ અવિરતિ ટળે અને અનુક્રમે પ્રમાદ્ર કષાય અને યોગનો નાશ થાયઃ

મિથ્યાત્વ (મિથ્યા દર્શન)નો નાશ ચોથા ગુણસ્થાને થાય છે (૨) અવિરતિ-પાંચમા-છઠ્ઠા ગુણ સ્થાને ટળે છે. (૩) પ્રમાદ છઠ્ઠા ગુણસ્થાનના છેડે એટલે કે જીવ સાતમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે તે પહેલાં તેનો નાશ થાય છે. (૪) કષાય-ચોથાથી નાશ પામવાની શરૂઆત થાય છે પણ સંપૂર્ણપણે તો બારમા ગુણસ્થાનને જીવ સ્પર્શે ત્યારે થાય છે (૫) યોગ-૧૪ મા ગુણસ્થાને નાશ પામે છે. વસ્તુ સ્થિતિનો આ નિયમ છે તે નહીં સમજાવાથી જીવો ક્રમ ભંગ કરીને બીજા કારણોને કાઢવા પ્રયત્ન શીલ બને છે જેમાં કદી સફળતા મળી શકતી નથી.

ક્રમભંગ કરીને આદરવામાં આવતી ક્રિયા મોક્ષાર્થે થતી નથી અને ઉપરથી મિથ્યાદર્શન અને અનંતાનું બંધી કષાયનું પોષણ કરનારી થાય છે.

મિથ્યાત્વાદિ પરિણામો જીવ ઉત્પન્ન કરે છે તેને ભાવ બંધ કહે છે અને તેને કારણે પુદ્ગલોમાં જે પરિણામો થાય છે તે દ્રવ્યબંધ કહેવાય છે.

મિથ્યાત્વ ,અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના ભેદોને જીવ બાહ્યરૂપથી જાણે પણ અંતરંગમાં તેને ઓળખે નહીં તો મિથ્યાત્વ ટળે નહીં.

મિથ્યાત્વ એટલે શું ? તે આપણે સમજીને છોડવા પ્રયત્નશીલ થયા છીએ. છતાં થોડાક વાકયો દ્વારા સમજવા પ્રયત્ન કરીએ.

(૧) સ્વ. પરમાં એકત્વ દર્શન–એટલે કે સ્વ-પરમાં હું પણાની જ માન્યતા, તે જેમ છે તેમ ન સમજવા-જાણવા.

(૨) પરભાવમાં કર્તૃત્વ બુદ્ધિ – પૂર્વે બંધાયેલા કર્મોના ઉદયને કારણે જે કાંઈ શરીર–સ્વજન કુટુંબીજનો–સંપત્તિ વિગેરે મળે છે તેમાં પોતાપણાની માન્યતાને કર્તૃત્વ બુદ્ધિ. મેં કર્યું છે, મારા વડે થયું છે, તેમ માનવું તે.

(૩) પર્યાય બુદ્ધિ – આત્મ દ્રવ્ય અને તેના ગુણો તે પોતાની સંપત્તિ છે. પણ તેને બદલે પૂર્વ બદ્ધ કર્મને કારણે જે ગતિ–પર્યાયને પામે છે તે જ હું પોતે તેમ માને છે. આ શરીરને કારણે ઉભા થયેલા સંબંધોને પોતાના માને છે, જે પર્યાય છે. પર્યાયને પોતાના માનવા તે પર્યાય બુદ્ધિ.

(૪) વિમૂઢતા – જે ખોટું છે તેને સાચું માનવું અને સાચું છે તેને ખોટું માનવું તે.

(૫) અતત્ત્વ શ્રદ્ધાન – પોતે જે તત્ત્વરૂપ છે તેમ ન માનવું અને પુદ્ગલ તત્ત્વ અથવા પૂર્વ કર્મને કારણે ઊભા થતા પર્યાયને તત્ત્વ (પોતા રૂપે) માનવું તે.

(૬) પોતાના સ્વરૂપની ભ્રમણા – જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું માનવું. દા.ત. શરીર એટલે જ હું. એમ માનવું તે.

(૭) રાગથી-શુભ ભાવથી આત્માને લાભ થાય એવી બુદ્ધિ – શુભ ભાવથી પૂણ્ય ઉપાર્જન થાય અને ઉત્તમ સંયોગો મળે પણ તે મોક્ષે જવાનો કોઈને પરંપરાએ પ્રાપ્ત થાય તેવો રસ્તો છે. તેથી તેમાં પણ માધ્યસ્થ ભાવ ધારણ કરવો જોઈએ.

(૮) બહિર દૃષ્ટિ પણું – બાહ્ય-પરભાવ તરફ જ દૃષ્ટિ રાખવી તે.

(૯) વિપરીત રુચિ – પોતાના ગુણ લક્ષણોમાં રુચિ રાખવાને બદલે પુદ્ગલના ગુણ લક્ષણોમાં પ્રીતિ રાખવી તે.

(૧૦) વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ ન માનવું અને નથી તેમાં છે તેમ માનવું તે મિથ્યા દર્શન.

(૧૧) અવિદ્યા – ઊંધી સમજણ.

(૧૨) પર થી લાભ – નુકસાન થાય તેવી માન્યતા તે.

(૧૩) આત્માને ચૈતન્યમાત્ર ત્રિકાળી પણે ન માનવો અને જે પર્યાય મેળવી છે તે ટકે ત્યાં સુધી માનવો તે

(૧૪) પર સમય :-બાહ્ય ભાવોમાં જ રમણતા કરવી તે.

(૧૫) પર્યાય મૂઢ :-જે પર્યાય પ્રાપ્ત થયો છે તેને પોતાનો નાશ ન થાય તેવી સ્થિતિ માનવી તે.

(૧૬) શરીરની ક્રિયા જીવ કરી શકે છે તેમ માનવું તે.

(૧૭) પર દ્રવ્યોની વ્યવસ્થા કરનાર, તેનો કર્તા-ભોક્તા, દાતા, હર્તા જીવને માનવો તે.

(૧૮) નિમિત્તાધીન દૃષ્ટિ રાખવી તે.

(૧૯) પરાશ્રયે લાભ થાય તેવી માન્યતા.

(૨૦) સર્વજ્ઞની વાણી દ્વારા જે આત્મસ્વરૂપ બતાવેલ છે તેમાં અશ્રદ્ધા.

(૨૧) વ્યવહાર નયથી જ લાભ થાય તેમ માન્યતા તે.

(૨૨) શુભ-અશુભમાં સરખાપણું ન માનવું તે.

(૨૩) વ્યવહારથી રત્નત્રય પ્રાપ્ત થાય તેમ માનવું તે.

મિથ્યાદર્શનના બે પ્રકાર :

(૧) અગૃહીત મિથ્યાત્વ :-અનાદિથી આત્માએ ગ્રહણ કરેલું છે. જીવ પરદ્રવ્યનું કાંઈ કરી શકે છે. તેમ જ શુભ ભાવથી આત્માને લાભ થાય એવી માન્યતા તે અગૃહીત મિથ્યાત્વ છે.

(૨) ગૃહીત મિથ્યાત્વ :-જે કુળમાં જન્મ્યો ત્યાં જે કુદેવાદિનું સેવન કરવું. પરના નિમિત્તથી અતત્ત્વ શ્રદ્ધા

ગ્રહણ કરવી તે ગૃહિત મિથ્યાત્વ છે.

અગૃહીત મિથ્યાત્વ કોઈના શીખવવાથી ઉત્પન્ન થતું નથી. જ્યાં સુધી અગૃહીત મિથ્યાત્વ અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી જીવ ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરે તો પણ તેનો સંસાર ઘટતો નથી. તુટતો નથી.

ગૃહીત મિથ્યાત્વના ભેદો :

(૧) એકાંત મિથ્યાત્વ. (૨) સંશય મિથ્યાત્વ. (૩) વિનય મિથ્યાત્વ. (૪) અજ્ઞાન મિથ્યાત્વ (૫) વિપરીત મિથ્યાત્વ.

(૧) એકાંત મિથ્યાત્વ :–પદાર્થનું સ્વરૂપ અનેકાંત-મય–અનેક ધર્મોવાળું હોવા છતાં તેને સર્વથા એક જ ધર્મ વાળો માનવો તે એકાંત મિથ્યાત્વ છે.

(૨) સંશય મિથ્યાત્વ :–આત્મા પોતાના કાર્યનો કર્તા થતો હશે કે પર વસ્તુના કાર્યનો કર્તા થતો હશે ? એવા સંશય થવા તે સંશય મિથ્યાત્વ છે.

(૩) વિપરીત મિથ્યાત્વ :–જેની ગ્રંથી તુટી નથી તેને નિગ્રંથ માનવા અને નિગ્રંથ છે તે મિથ્યાદષ્ટિ માનવા –ઊંધી રુચિ તે વિપરીત મિથ્યાત્વ.

(૪) અજ્ઞાન મિથ્યાત્વ :–પોતાના હિત-અહિતનો વિવેક ન હોય તે અજ્ઞાન મિથ્યાત્વ દા.ત. હિંસામાં ધર્મ માનવો તે.

(૫) વિનય મિથ્યાત્વ :–સમસ્ત દેવને તથા સમસ્ત

ધર્મમતોને સરખા માનવા તે વિનય મિથ્યાત્વ છે.

આ પ્રમાણે મિથ્યાત્વને સમજીને તેનું સ્વરૂપ જાણીને છોડવું જોઈએ. સર્વ પ્રકારનાં બંધનું મૂળ કારણ મિથ્યાત્વ છે, અને તે જ પહેલાં જવું જોઈએ. તેના ગયા વગર બીજા બંધના કારણો જતા નથી, ટળતા નથી.

(૨) અવિરતિ–બંધનું કારણ

પાંચ ઇન્દ્રિયો તથા મનના વિષયો અને પાંચસ્થાવર તથા એક ત્રસની હિંસા એ બાર પ્રકારના ત્યાગરૂપ ભાવ ન થવા તે બાર પ્રકારની અવિરતિ છે.

અવિરતિના પેટા ભેદો ઘણા છે.

જેને મિથ્યાત્વ હોય તેને અવિરતિ હોય જ છે. પરંતુ મિથ્યાત્વ છૂટી જવા છતાં પણ સંપૂર્ણપણે તુરત અવિરતિ નાશ થતી નથી. સમ્યગ્ દર્શન થયા પછી અંશે વ્રત, નિયમો અંગીકાર કરવાથી દેશવિરતિ કહેવાય છે અને જ્યારે સંપૂર્ણપણે પાંચ મહાવ્રત અને નિયમોને અંગીકાર કરે ત્યારે તે સર્વ વિરતિ કહેવાય છે. પણ જ્યાં સુધી પ્રમાદ ન જાય ત્યાં સુધી થોડા ઘણા અવિરતિના દોષો થવાની શકયતા રહેલી છે.

(૩) પ્રમાદ :–મદ કરવો, વિષયોમાં રાચવું, કષાયો કરવા, નિદ્રાં લેવી વિકથા કરવી એ પાંચ પ્રકારના પ્રમાદ કહ્યા છે. તેના પણ ઘણા ભેદ છે.

મિથ્યાત્વ અને અવિરતિ ગયા બાદ પ્રમાદ જાય છે. સમ્યગ્ દર્શન પ્રગટ થતાં જ પ્રમાદ ટાળીને અપ્રમત દશા પ્રગટ કરવા વાળા કોઈક જ વિરલા જીવો હોય છે.

(૪) કષાય-કષાય ૨૫ પ્રકારના છે. કષ = એટલે સંસાર આય એટલે આવવું જેના દ્વારા સંસાર ઊભો થતો રહે તેને કષાય કહેવામાં આવે છે.

અનંતાનુબંધી, અપ્રત્શાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજવલ્લન એમ દરેકના ક્રોધ, માન, માયા, લોભ ગણતાં ૧૬ કષાય છે. તેમાં હાસ્યાદિક ષટક તથા વેદ-૩ એ નો કષાય ગણાય છે. એમ કષાયના ૨૫ પ્રકાર છે.

જેમ જેમ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ ખસતાં જાય તેમ તેમ કષાયો પણ ખસતાં જાય છે. પણ ઉપરના ત્રણે ન હોય છતાં કષાય હોઈ શકે. કારણ કે સંપૂર્ણ પણે કષાય તો ૧૨ ગુણસ્થાનના છેડે નાશ થાય છે.

(૫) યોગ : આત્માના પ્રદેશોનું સકંપ થવું તે, ચંચળ થવું તે, દ્રવ્યયોગ કહેવાય છે. કર્મ-નોકર્મને ગ્રહણ કરવાની આત્માની શક્તિ વિશેષ તે ભાવયોગ છે. આમ તો ભાવયોગ એકજ પ્રકારનો છે. તો પણ નિમિત્ત અપેક્ષાએ ૧૫ ભેદ પડે છે. મનના-૪, વચનના-૪, કાયા-૭ એમ ૧૫ ભેદ યોગના થાય છે. મન-વચન-કાયાના યોગોનું બાહ્ય ભાવનું પરિણમન કર્મબંધનું કારણ બને છે.

યોગો. ૧૩મા ગુણસ્થાન સુધી રહે છે. અહીંયા અવેલા

જીવના પહેલા ચાર પ્રકાર નાશ પામ્યા હોવા છતાં યોગનું અસ્તિત્વ હોય છે પણ અહીંયા સૂક્ષ્મ રૂપે હોય છે.

૧ મિથ્યાદષ્ટિને—પાંચે પ્રકારે બંધ થાય છે. ગુણસ્થાન—૧

૨ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ
૩ સમ્યગ્મિથ્યા દષ્ટિ „ } મિથ્યાત્વ સિવાયના ચારનોબંધ હોય છે.

૪ અસયંત સમ્યગ્દૃષ્ટિ

૫. દેશવિરતિ „ અંશેવિરતિ તથા પાછળના ત્રણ બંધ હોય છે.

૬. પ્રમત્ત સંયતિ „ પ્રમાદ અને તેની પછીના બે બંધ હોય છે.

૭ થી ૧૦ અપ્રમત „ કષાય અને યોગ. બે બંધ થાય છે.

૧૧ ઉપશાંતમોહ „
૧૨ ક્ષીણમોહ
૧૩ સયોગી કેવળી } યોગનો બંધ હોય છે.

૧ અયોગી કેવળી એકે પ્રકારનો બંધ નથી

આત્મસ્વરૂપની ઓળખાણ વડે મિથ્યાત્વ ટળતા તેની સાથે અનંતાનુબંધી કષાયનો તેમ જ એકતાલીસ પ્રકૃતિઓના બંધનો અભાવ થાય છે અને જીવ થોડાજ કાળમાં મોક્ષ પદને પામે છે.

બંધનું લક્ષણ.

सकषायत्वाऽजीव. कर्मणो योग्यान्पुद्गलानायत्ते—२

જીવ કષાય સહિત હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલ પરમાણુ-

ઓનું ગ્રહણ કરે છે તે બંધ છે.

જીવ જ્યારે કષાય ત્યારે તે કશાયનું નિમિત્ત પામી ને કાર્મણવર્ગણા પોતે કર્મરૂપે પરિણમે છે. અને જીવની સાથે સંબંધ પામે છે તેને બંધ કહેવામાં આવે છે.

જીવ સાથે કર્મ સંબંધ પામતા હોવા છતાં જીવ તેના સ્વભાવને છોડીને કયારેય પુદ્ગલરૂપ જડ રૂપ થઈ જતો નથી અને જડ પુદ્ગલ-કાર્મણ વર્ગણા કયારેય ચેતન રૂપ થઈ જતા નથી, બન્ને સ્વતંત્રપણે પોતપોતાની પર્યાયના કર્તા છે.

જ્યારે જીવ પોતાની વિકારી અવસ્થા એટલે કે પર-ભવમાં જાય ત્યારે જુના કર્મોના વિપાકને ઉદય કહેવામાં આવે છે. અને જો વિકાર ન કરે તો તેને મોહનીય કર્મની નિર્જરા થઈ એમ કહેવાય.

જીવ જ્યારે પરલક્ષે પોતાની અવસ્થામાં વિકારભાવ ઉત્પન્ન કરે ત્યારે તે ભાવ અનુસાર નવાં કર્મો બાંધે છે

કષાય કર્મને જ મોહનિય કર્મ કહેવાય છે. મૂળ આઠ કર્મોમાંથી આ એકજ બંધનું નિમિત્ત થાય છે.

જીવ જેવો તીવ્ર, મધ્યમ, કે મંદ કષાય કરે તે મુજબ જ કર્મોમાં સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે.

જો જીવ સ્વલક્ષમાં ટકી રહે તો કષાય કર્મનું નિમિત્ત હાજર હોવા છતાં તેને કર્મનો બંધન થવા રૂપ નિમિત્ત થતું નથી.

કર્મનોબંધ જીવના તમામ પ્રદેશોએ થાય છે. અને બંધમાં અનંતાનંત પરમાણુઓ હોય છે.

(૧) આત્મા બંધાયો તે બંધ — કર્મ સાધન છે.

(૨) આત્મા પોતે જ બંધરૂપ પરિણમે છે તેથી બંધને કર્તા કહેવાય એ કર્તૃ સાધન છે,

(૩) પહેલા બંધની અપેક્ષાએ આત્મબંધ વડે નવીન બંધ કરે છે તેથી બંધ કરણ સાધન

(૪) બંધનરૂપ ક્રિયા તે જ ભાવ, એવી ક્રિયારૂપ પણ બંધ છે. તે ભાવ સાધન છે.

બંધના પ્રકાર -

"પ્રકૃતિ સ્થિત્યનુભાગ પ્રદેશાસ્તદ્વિધયः"-(૩) તે બંધનાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ એ ચાર ભેદ છે.

પ્રકૃતિબંધ : કર્મોના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે. સ્થિતિબંધ :—જ્ઞાનાવરણાદિ કર્મો પોતાના સ્વભાવરૂપે જેટલો કાળ રહે તે સ્થિતિબંધ છે.

અનુભાગબંધ :—જ્ઞાનાવરણાદિ કર્મોના રસ વિશેષને અનુભાગબંધ કહે છે.

પ્રદેશબંધ :—કર્મોરૂપે થનાર પુદ્ગલ સ્કંધોના પરમાણુંઓની સંખ્યા તે પ્રદેશ બંધ છે.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના પ્રવર્તનથી થાય છે.

સ્થિતિબંધ અને અનુભાગબંધ—કષાયના નિમિત્તથી થાય છે.

હવે પ્રકૃતિ બંધના મૂળભેદ : —

"આદ્યો જ્ઞાનદર્શનાવરણ વેદનીય મોહનીયાયુર્નામ ગોત્રાનીરાયા :" (૪)

પ્રકૃતિબંધ— જ્ઞાનાવરણ દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયું, નામ ગોત્ર અને અંતરાય એમ આઠ પ્રકારના મૂળભેદથી છે. જ્યારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કહે છે. જ્યારે આત્મા પોતે પોતાના દર્શન ભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શન ગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

જ્યારે આત્મા પોતે મોહભાવ વડે પરલક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતા રૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

જ્યારે જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે.

જ્યારે જીવ પોતાની યોગ્યતાથી ચાર ગતિના શરી-

રમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને આયુકર્મ કહે છે. જ્યારે જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને નામકર્મ કહે છે. ત્યારે ઉંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્રકર્મ કહે છે.

જીવને દાન, લાભ, ભોગ ઉપભોગ અને વીર્યના વિઘનમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાયકર્મ કહે છે.

પ્રકૃતિબંધના આ આઠ ભેદોમાંથી જ્ઞાનવેરણીય,[1] દર્શનાવરણીય[2], મોહનીય[4] અને અંતરાય[8] એ ચાર ઘાતી કર્મ કહેવાય છે કેમકે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત છે. અને બાકીના વેદનીય[3], આયુ[5], નામ,[6] ગોત્ર એ ચાર અઘાતી કર્મ કહેવાય છે. કેમકે તેઓ જીવના અનુજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત થતા નથી. પણ પ્રતિજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત છે દ્રવ્યમાં સદ્ભાવરૂપ ગુણ અનુજીવીગુણ અને અભાવરૂપ ગુણ પ્રતિજીવી ગુણ કહેવાય છે.

પ્રકૃતિ બંધના ઉત્તર ભેદ :-

૧ જ્ઞાનાવરણીય કર્મ :- પાંચભેદ

૧ મતિજ્ઞાનાવરણીય કર્મ ૨. શ્રુત જ્ઞાનાવરણીય કર્મ. ૩. અવધિ જ્ઞાનાવરણીય કર્મ. ૪. મનઃ પર્યવજ્ઞાનાવરણીય-

કર્મ. ૫. કેવળજ્ઞાનાવરણીય કર્મ.

પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ સમજવું. આત્મા ત્રણે કાળના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સંપૂર્ણ જાણવાની શક્તિવાળો હોવા છતાં જેટલું ઓછું જાણી શકીએ તેટલું આ કર્મનું આવરણ કહેવાય છે.

૨ દર્શના વરણીય કર્મ — ૯ ભેદ

૬. ચક્ષુ દર્શનાવરણીય કર્મ. ૭. અચક્ષુદર્શનાવરણીય કર્મ. ૮. અવધિદર્શનાવરણીય કર્મ ૯. કેવળ દર્શનાવરણીય કર્મ. ૧૦. નિદ્રા ૧૧. નિદ્રા નિદ્રા. ૧૨. પ્રચલા. ૧૩. પ્રચલા પ્રચલા ૧૪. થિણદ્ધિ કર્મ.

નિંદ્રા = જલદી જાગી શકાય તેવી રીતની નિંદ્રા લાવી દર્શનશક્તિને ઢાંકનાર

નિંદ્રા = મુશ્કેલીથી જાગી શકાય.

પ્રચલા = બેઠા બેઠા, કામકાજ કરતાં કે ઊભા ઊભા ઊંઘ આવી જવી તે.

પ્રચલા - પ્રચલા = ચાલતાં ચાલતાં ઊંઘ આવી જવી તે.

થિણદ્ધિ : — દિવસે ધારેલું કામ ઉંઘમાં ને ઉંઘમાં કરી નાખવાં છતાં જાગી ન શકાય તેવી નિંદ્રા.

પાછળની પાંચ પ્રકૃતિઓને નિંદ્રા પંચક તરીકે પણ ઓળખવામાં આવે છે. પહેલી ચાર પ્રકૃતિઓથી ખુલ્લી

રહેલી દર્શનશક્તિને ઢાંકનાર આ પ્રકૃતિઓ હોવાથી દર્શનાવરણીયમાં ગણી છે,

૩ વેદનીય કર્મ – બે. ભેદ

૧૫ શાંતાવેદનીય. ૧૬ અસાતા વેદનીય,

૪ મોહનીય કર્મ: – અઠ્ઠાવીસ ભેદ.

મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય– દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ છે. ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિ છે. ચારિત્ર મોહનીયના બે ભાગ છે. કષાય મોહનીય ૧૬ અને નોકષાય મોહનીય–૯.

દર્શન મોહનીય કર્મ – સાચી સમજ અને તેની શ્રદ્ધા ન થવા દે. તેમજ ઊંધી સમજ તથા શ્રદ્ધા ઉત્પન્ન કરાવે છે.

દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ.

૧૭. મિથ્યાત્વ મોહનીય: – "સત્" ની યથાર્થ ઓળખાણ ન થવા દઈને અસત્માં સત્ની માન્યતા કરાવે તે,

૧૮. મિશ્ર મોહનીય : – થોડા સત્ની યથાર્થ સમજ થાય તેમજ બાકીની અસત્ તત્ત્વો તરફ શ્રદ્ધા, કરાવવાનું કામ કરે છે.

૧૯ સમ્યક્ત્વ મોહનીય : – સાચી સમજણ એટલે સમ્યક્ દર્શન ગુણ પ્રગટ થવામાં અંતરાયરૂપ. સત્તત્ત્વમાં યથાર્થ શ્રદ્ધા હોવા છતાં તેમા શંકા વિગેરે દોષો ઉત્પન્ન કરાવે છે. તેથી સમ્યક્ત્વ મોહનીય નામ છે.

અનંતાનુબંધી એટલે શું ?

અનંત = મિથ્યાત્વ. અનુબંધી = તેને અનુસરીને બંધાય તે. મિથ્યાતત્વને અનુસરીને જે કષાયનો બંધ પડે તેને અનંતાનુંબંધી કષાય કહેવામાં આવે છે.

૧. આત્માના શુદ્ધસ્વરૂપની અરુચિ — તે અનંતાનુબંધી ક્રોધ છે.

૨. 'હું પરનું કરી શકું" એવી માન્યતાપૂર્વક જે અહંકાર તે અનુંતાનુંબંધી માન છે.

૩. પોતાનુ સ્વાધીન સ્વરૂપ ન સમજાય એવી સાઠમારીને વિકારી દશા વડે આત્માને ઠગવો તે અનુંતાનુંબંધી માયા છે.

૪ પુણયાદિ વિકારથી લાભ જાણીને પોતાની વિકારી દશાને વધાર્યા કરવી તે અનુંતાનુંબંધી લાભ છે અનંતાનુંબંધી કષાય આત્માના આચરણ ચારિત્રને રોકે છે. શુદ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. તેની શરૂઆત ચોથા ગુણસ્થાનકથી થાય છે અને ચૌદમા ગુણસ્થાને પૂર્ણતા થઇ સિદ્ધદશા પ્રગટે છે.

ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિ

કષાયની–૧૬

૨૦, ૨૧, ૨૨, ૨૩–અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા, લોભ.

આ ચાર પ્રકૃતિ અસત્ માન્યતામાં સત્‌ની માન્યતા કરાવે છે તેમજ તેમાં કોઈ અડચણ રૂપ થાય તો તેના પર ક્રોધ માન, માયા-લોભનું આચરણ કરી તેને પાછો પાડવાનું કામ કરે છે. અસત્ દેવ, અસત્ ગુરુ અને અસત્ શાસ્ત્રની શ્રદ્ધા ધરાવવી તે અનંતાનુંબંધી કષાયનું મૂળ છે.

૨૪, ૨૫, ૨૬, ૨૭-અપ્રત્યાખ્યાનીય-ક્રોધ, માન, માયા લોભ.

આ ચાર પ્રકૃતિ સત્‌ની માન્યતા થવા દે છે. પણ તેને અંગે જે ત્યાગ વગેરે કરવો જોઈએ તે થવા દેતી નથી. એટલે કે પ્રત્યાખ્યાન થવા ન દે. પ્રત્યાખ્યાન એટલે અનાત્મ ભાવ-પર ભાવનો ત્યાગ. સાંસારિક ભોગો તરફ ખેંચવાનું કામ કરે છે.

૨૮, ૨૯, ૩૦, ૩૧-પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ.

આ ચાર પ્રકૃતિ અંશે પ્રત્યાખ્યાન કરવા દે છે પરંતુ સર્વથા ત્યાગ કરવા દેતી નથી. એટલે કે કેટલીક સાંસારિક ક્રિયાઓમાં મમતા ભાવ રહે છે.

૩૨, ૩૩, ૩૪, ૩૫ સંજ્વલન-ક્રોધ, માન, માયા, લોભ.

સમ્યક્ દર્શન, સ્થિર થયેલું હોય, સર્વ વિરતિ રૂપ ત્યાગ પણ હોય. શાંતિ પણ સ્થિરતાને પામેલી જણાય,

પણ જ્યારે કોઈ બહુ જ કષ્ટ આવે ત્યારે મનમાં સહેજ અકળામણ આવી જાય. એટલા પ્રમાણમાં આત્માની શાંતિનો ભંગ કરે છે તેથી સંજવલન કહેવાય છે. એટલે કે સહેજ આત્મગુણને બાળે છે. પરંતુ આત્મામાં મલિનતા થાય જ નહીં.

કષાય :-કષ એટલે સંસાર તેનો આય એવો લાભ અપાવે તે અર્થાત્ સંસારનું-કર્મ પરંપરાનું મૂળ આ ચાર કષાયો છે.

ક્રોધ :- મોઢું લાલ થઈ જાય, હોઠ ફરકવા માંડે, શરીર ધ્રુજવા માંડે. આવું થાય તેને ક્રોધ કહે છે. આત્માનો મૂળ સ્વભાવ ક્રોધ રહિત છે, છતાં કોઈપણ વસ્તુ પર ક્રોધ ઉત્પન્ન કરવાનું કામ આ કર્મનું છે.

માન :- અભિમાન, અહંકાર, અક્કડ રહેવાની લાગણી તે માન કષાય.

માયા :- પ્રપંચ, છળકપટ કરવું તે.

લોભ :- પરવસ્તુમાં મમત્વ, મારાપણાની ભાવના-સંગ્રહ-સંચય કરવાની-મેળવવાની કે કોઈનું લઈ લેવાની ઈચ્છા તે લોભ.

નોકષાય :-

૩૬ હાસ્ય, ૩૭ રતિ, ૩૮ અરતિ, ૩૯ શોક, ૪૦ ભય, ૪૧ જુગુપ્સા,-દુગંછા, ૪૨ પુરૂષવેદ, ૪૩ સ્ત્રીવેદ, ૪૪ નપુસંકવેદ.

સમ્યક્ ચારિત્રાવરણીય :- ૧૬ કષાયો અને ૯ નોકષાયો આત્માના સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. આત્માનો મૂળ સ્વભાવ-સ્વગુણમાં-સ્વભાવમાં મસ્ત રહેવાનો છે. આત્માના સ્વભાવ રમણતા રૂપ સમ્યક્ ચારિત્ર ઉપર આવરણ કરીને આત્માના તે ગુણને મોહનીય કર્મ ખીલવા જ દેતું નથી.

મોહનીય કર્મ સ્વભાવ રમણતાનું આવરણ કરીને સ્વભાવ પ્રગટ થવા ન દે. તેમજ પરભાવમાં રમણતા ઉત્પન્ન કરાવે, પર વસ્તુઓને પોતાની માનવાની ભૂલ ખવડાવે, પરમાં મુંઝવે, પર વસ્તુ પર મોહ કરાવી પોતાની માનવા લલચાવે છે.

મોહનીય કર્મ શું કરે ?

(૧) સમ્યક્ દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. યથાખ્યાત ચારિત્રને આવતુ રોકે છે.

(૨) પરવસ્તુમાં મોહ ઉત્પન્ન કરાવે છે.

(૩) તે કાર્મણ વર્ગણાનું બનેલું છે. માટે કર્મ કહેવાય છે

(૪) નવા કર્મ બંધાવે છે માટે કષાય કહેવાય છે

(૫) ક્રોધ, માના, માયા લોભની લાગણી ઉત્પન્ન કરાવે છે

(૬) બીજાં નવા કર્મો અનંતવાર બંધાવે છે માટે અનંતાનુંબંધીય કહેવાય છે.

(૭) સહેજ પણ ત્યાગ ન થવા દે માટે અપ્રત્યાખ્યાનીય કહેવાય છે.

(૮) સર્વથા ત્યાગ ન થવા દે માટે પ્રત્યાખ્યાનીય કહેવાય છે.

(૯) થોડા અંશે આત્માને નુકસાન કરનારને સંજવલન કષાય કહેવાય છે.

(૧૦) અનંતાનુબંધીય હોય ત્યારે બીજા ત્રણે હોય છે.

(૧૧) અપ્રત્યાખ્યાનીય હોય ત્યારે બીજા બે સાથે હોય છે

(૧૨) અપ્રત્યાખ્યાનીય હોય ત્યારે સંજવલન સાથે હોય છે.

(૧૩) સંજવલન હોય ત્યારે એકલો સંજવલન જ હોય છે.

(૧૪) અનંતાનુબંધીય ક્રોધ, અપ્રત્યાખ્યાનીય ક્રોધ પ્રત્યાખ્યાનીય ક્રોધ અને સંજવલન ક્રોધ એ ચારેયનો ઉદય એકી વખતે હોઈ શકે.

(૧૫) પ્રથમના બાર કષાયો સાથે નોકષાયોનો ઉદય હોય છે. તેથી કષાય સહચારી કહ્યા છે. પ્રથમ બાર કષાયો નો ક્ષય કે ઉપશય થયા પછી નોકષાયોનો પણ ક્ષય અને ઉપશમ થવા લાગે છે માટે તેને નોકષાય–નબળા કષાયો કહ્યા છે.

નોકષાયો કષાયોના ઉદયના કારણ પણ બને છે.

(૫) આયુષકર્મ–ચારભેદ

૪૫ દેવાયુ, ૪૬ મનુષ્યાયુ, ૪૭ તિર્યંચાયુ, ૪૮ નારકાયુ, પ્રથમના ત્રણ આયુષ્ય પુણ્ય પ્રકૃતિમાં ગણાય છે. ચોથું પાપ પ્રકૃતિમાં ગણવામાં આવેલ છે.

આ કર્મની રીતભાત ઘણીજ વિચિત્ર છે.

૧. આ કર્મનો ઉદય ચાલતો હોય ત્યાં સુધી, ત્યાંથી જવાની ઈચ્છા છતાં બીજી ગતિમાં જઈ શકાતું નથી. અને ન જવું હોય તો પણ આ કર્મનો ઉધ્ય પુરો થયે જવું જ પડે છે.

૨. જે ભવનું આયુષ્ય ઉદયમાં હોય, તે જ ભવનું ઉદયમાં આવે-બીજા પાછલા ભવનું આ ભવમાં ઉદયમાં ન આવે.

૩. તેમજ સામા (આગળના) ભવનું આ ભવમાં ઉદયમાં ન આવે.

૪. બીજા કર્મો સમયે સમયે બંધાતા રહે છે તેમ આ કર્મ દરેક સમયે બંધાતું નથી પરંતુ ભવને ત્રીજે, નવમે, સત્યાવીશમાં ભાગે કે છેલ્લે અંતમુહૂર્તે બંધાય છે.

૫. આ કર્મમાં ઘટાડો થઈ શકે છે એટલે તેની સ્થિતિનું અપવર્તન થાય છે. થોડા વખતમાં ભોગવી શકાય છે.

૬. પરંતુ ઉદ્વર્તન એટલે વધારો ન જ થાય. તેમજ ઉપશમ, સંક્રમણ પણ ન થાય.

(૬) નામ કર્મ :- ૧૦૩ પ્રકૃતિભેદ

આત્મા પોતાના ગુણ-સ્વભાવ પ્રમાણે વર્તવાને પૂરેપૂરો સ્વતંત્ર છતાં આ કર્મને લીધે તેને એટલું બધું નમતું આપવું પડે છે કે તે જેમ દોરે તેમ દોરાવું પડે છે. અનેક સ્વરૂપો અને વેષો આ કર્મને કારણે ધારણ કરવા પડે છે.

નામ કર્મની પ્રકૃતિઓ ૪૨-૬૭-૯૩ અને ૧૦૩ એમ ચાર પ્રકારે ગણાવવામાં આવે છે. વિપાકને આશ્રયીને ત્રણ વિભાગમાં નામ કર્મની પ્રકૃતિ વહેંચાયેલી છે. ૧ જીવ વિપાકી ૨. પુદ્ગલ વિપાકી ૩ ક્ષેત્ર વિપાકી.

બીજી રીતે પિંડ પ્રકૃતિ અને પ્રત્યેક પ્રકૃતિ પણ કહેવામાં આવે છે. પ્રત્યેક પ્રકૃતિ-બે પ્રકારની-અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ-સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિ (સપ્રતિપક્ષ ના બે ભાગ છે. ત્રશ દશક અને સ્થાવર દશક

પિંડ પ્રકૃતિ = ૧૪	આમ ૪૨ પ્રકૃતિઓ છે
અપ્રતિપક્ષ પ્રત્યેક ,, = ૮	સપ્રતિપક્ષમાં-ત્રશ દશક = ૧૦
સપ્રતિપક્ષ ,, ,, = ૨૦	સ્થાવર દશક = ૧૦

પિંડ પ્રકૃતિની પેટા પ્રકૃતિઓ ૬૫ છે.

તેથી ૬૫ + ૮ + ૨૦ = ૯૩ પ્રકૃતિ થાય.

બંધન-પના પેટા ભાગ ૧૫ ગણતાં = ૯૩ + ૧૦ = ૧૦૩ પ્રકૃતિ થાય.

૬૭ કેવી રીતે ?

વર્ણ, ગંધ, રસ-સ્પર્શ ના ૨૦ પેટા ભેદોને-મૂળ ૪ ભેદ ગણીએ અને ૧૫ બંધન અને ૫ સંઘાતનનો પાંચ શરીરમાં સમાવેશ કરીએ તો ૧૦૩ – (૨૦ – ૪ + ૨૦) = ૬૭ પ્રકૃતિ ભેદ થાય.

બંધ અને ઉદયમાં ૬૭ ગણાય છે.

સત્તામાં ૯૩ અથવા ૧૦૩ ગણાય છે.

૧૪ પિંડ પ્રકૃતિઓ અને તેના પેટા ભેદો. (૬૫)

૧ ગતિનામ-૪, ૫ બંધનનામ-૫, ૧૦ ગંધ નામ-૨

૨ જાતિનામ-૫, ૬ સંઘાતનનામ-૫, ૧૧ રસ નામ-૫

૩ શરીર નામ-૫, ૭ સંહનન નામ-૬, ૧૨ સ્પર્શ નામ-૮

૪ અંગોપાંગ-૩, ૮ સંસ્થાન નામ-૬, ૧૩ અનુપૂર્વી ,,-૪

૯ વર્ણનામ-૫ ૧૪ વિહાયોગતિ-૨

અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ (૮)

૧ પરાઘાત નામ ૨ શ્વાસોચ્છ્વાસ નામ ૩ આતાપ નામ
૪ ઉદ્યોત નામ ૫ અગુરુલઘુનામ ૬ તીર્થંકર નામ
૭ નિર્માણ નામ ૮ ઉપઘાત નામ

સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ (૨૦)

ત્રસ દશક : ૧ ત્રસ નામ ૨ બાદર નામ ૩. પર્યાપ્ત નામ ૪ પ્રત્યેક નામ ૫ સ્થિર નામ ૬ શુભ નામ ૭ સુસ્વરનામ ૮ સુભગ નામ ૯ આદેય નામ ૧૦ યશકીર્તિ નામ

સ્થાવર દશક : ૧ સ્થાવર નામ ૨ સૂક્ષ્મ નામ ૩ અપર્યાપ્ત નામ ૪ સાધારણ નામ ૫ અસ્થિર નામ ૬ અશુભ નામ ૭ દુઃશ્વર નામ ૮ દુર્ભગ નામ ૯ અનાદેય નામ ૧૦ અયશ : કીર્તિ નામ (અપયશકીર્તિ)

૧ ગતિનામકર્મ :- ૪

૪૯ નારકગતિ ૫૦ તિર્યંગગતિ (તિર્યંચ ગતિ) ૫૧ મનુષ્ય ગતિ ૫૨ દેવગતિ

૨ જાત નામ કર્મ-૫

૫૩ એકેન્દ્રિય ૫૪ બેઇન્દ્રિય ૫૫ ત્રિન્દ્રિય ૫૬ ચતુરિન્દ્રિય ૫૭ પંચેન્દ્રિય.

૩ શરીર નામ કર્મ-૫

૫૮ ઔદારિક શરીર ૫૯ વૈક્રિય શરીર ૬૦ આહારક શરીર ૬૧ તેજસ શરીર ૬૨ કાર્મણ શરીર

૪ અંગોપાંગ નામ કર્મ-૩

૬૩ ઔદારિક અંગોપાંગ ૬૪ વૈક્રિય ૬૫ આહારક

૫ બંધન નામ કર્મ-૧૫

શરીરપણે બનેલા પુદ્ગલોમાં નવાં પુદ્ગલો આવીને ભળે છે. તે જુના અને નવા બે બન્નેયનું પરસ્પર મિશ્રણ કરી આપનાર કર્મનું નામ બંધન નામ કર્મ છે.

૬૬ ઔદારિક ઓદારિક ૬૭ વૈક્રિય વૈક્રિય ૬૮ આહારક આહારક ૬૯ ઔદારિક તેજસ ૭૦ વૈક્રિય તેજસ ૭૧ આહારક તેજસ ૭૨ ઔદારિક કાર્મણ ૭૩ વૈક્રિય કાર્મણ ૭૪ આહારક કાર્મણ ૭૫ ઔદારિક તેજસ કાર્મણ ૭૬ વૈક્રિય તેજસ કાર્મણ ૭૭ આહારક તેજસ કાર્મણ ૭૮ તેજસ તેજસ કાર્મણ ૭૯ કાર્મણ કાર્મણ ૮૦તેજસ કાર્મણ

૬ સંઘાતન નામ કર્મ : પાંચ ભેદ

સંઘાત : પરમાણુઓમાં જત્થા રૂપ થવાનો ગુણ

૮૧ ઔદારિક ઔદારિક શરીર માટે ગ્રાહ્ય વર્ગણાઓનાં પરમાણુઓનો સંઘાત ભાવ પ્રગટ કરનાર કર્મ

૮૨ વૈક્રિય ૮૩ આહારક ૮૪ તૈજસ ૮૫ કાર્મણ

૭ સંહનન નામ કર્મ :– ૭ ભેદ

શરીરમાંના હાડની મજબુતી નક્કી કરવાનું કામ આ કર્મનું છે.

૮૬ વજ્રઋષભ નારાચ સંહનન નામ કર્મ :

બે હાડકાં પરસ્પર એક બીજાને ચોટી રહે તેને મર્કટબંધ કહેવામાં આવે છે. બીજું નામ નારાચ બંધ કહેવાય છે. એ રીતે ચોટેલાં હાડકા ઉપર પાટારૂપ ત્રીજું હાડકું વીટાયેલું હોય તેને ઋષભ કહેવામાં આવે છે. તે પાટો અને નારાય બંધરૂપ પરસ્પર જોડાયેલા બે હાડકામાં સોસરૂં ઉતરી જાય તેવું વ્રજ એટલે ખીલારૂપ ચોથું લાકડું પરોવાયેલું હોય. આવી મજબુતી જે શરીર માંના હાડકાની હોય તેનું નામ વજ્રઋષભ નારાચ સંહનન કહેવાય છે. આવું સહનન અપાવનાર કર્મ વજ્રઋષભ નારાચ સંહન નામ કર્મ કહેવાય છે.

૮૭ ઋષભ નારાચ ૮૮ નારાચ ૮૯ અર્ધ નારાચ એક તરફ મર્કટબંધ અને બીજી બાજુ ખીલી રૂપ હાડકાથી ટેકાવેલ હોય ૯૦ કિલિકા બન્ને હાડકાંને માત્ર ખીલીથી અટકાવી રાખેલા હોય ૯૧ સેવાર્ત માત્ર

હાડકાંના છેડા પરસ્પર જોડાયેલાં હોય. મજબુતી માટેની વ્યવસ્થા ન હોય તે.

૮ સંસ્થાન નામ કર્મ :-છ ભેદ

૯૨ સમચતુરસ્ર સંસ્થાન નામ કર્મ :-
સમ = સરખા, ચતુર = ચાર અસ્ર = ખૂણા સંસ્થાન આકૃતિ જેમાં ચાર ખુણા સરખા હોય તેવી આકૃતિ તે પદ્માસન બેઠેલા પુરુષના દાખલા રૂપે.

૯૩ ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન નામ કર્મ :-
નાભિ ઉપરના ભાગનું શરીર સુલક્ષણ યુક્ત હોય પરંતુ નીચેના ભાગમાં ખામી હોય તેવું

૯૪ સાદિ અથવા સાચી સંસ્થાન નામ કર્મ
નાભિથી નીચેના ભાગનું શરીર સુલક્ષણ યુક્ત હોય પરંતુ નાભીથી ઉપરના ભાગમાં ખામી હોય તેવું (સાચી = શાલ્મલીનું ઝાડ. તેનું થડ સારું હોય પણ ઉપર ઘટા બરાબર હોતી નથી તેવું જ શરીર)

૯૫ કુંબ્જ સંસ્થાન નામ કર્મ :-
માથું, ડોક, હાથ, પગ વિગરે બરાબર શાસ્ત્રમાં કહેલા લક્ષણો પ્રમાણે હોય અને છાતી, પેટ, વિગેરે લક્ષણ પ્રમાણે ન હોય તેવું

૯૬ વામન સંસ્થાન નામ કર્મ :-
કુંબ્જ સંસ્થાન કરતાં વિપરીત સ્થિતિ હોય તેવું

૯૭ હુંડક સંસ્થાન નામ કર્મ :-

શરીરના દરેક અંગો શાસ્ત્રોકત લક્ષણ વગરના હોય તેવું

૯ વર્ણ ૧૦ ગંધ ૧૧ રસ ૧૨ સ્પર્શ નામ કર્મ :-
શરીરના રંગો નક્કી કરનાર વર્ણ નામ કર્મ છે. ગંધ નક્કી કરનાર ગંધ નામ કર્મ છે. શરીરના સ્વાદ નક્કી કરનાર રસ નામ કર્મ છે. શરીરના સ્પર્શ નક્કી કરનાર સ્પર્શ નામ કર્મ છે.
વર્ણ (રંગ), ગંધ, રસ અને સ્પર્શ અસંખ્ય પ્રકારના છે પરંતુ તે સર્વનું એકીકરણ કરીને કર્મગ્રંથની શાસ્ત્રીય પરિભાષામા પાંચ-વર્ણ (રંગ), બે-ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ નક્કી કર્યા છે. તેમાં સર્વનો સમાવેશ થઈ જાય છે.

પાંચ વર્ણ :-લાલ (રક્ત), પીળો (પીત), કાળો (કૃષ્ણ) લીલો, નીલ, ધોળો (શ્વેત)

બે ગંધ :-સુગંધ (સુરભિ), દુગંધ (દુરભિ).

પાંચ રસ :-ગળ્યો (મધુર) ખારો (લવણ) તુરો (કષાય) કડવો (કટુ), તીખો (તિકત)

આઠ સ્પર્શ :-સુવાળો-ખડબચડો, ઠંડો-ઉનો, હલકો-ભારે, ચીકણોલુખો (મૃદુ-કર્કશ, શીત-ઉષ્ણ લઘુ-ગુરુ, સ્નિગ્ધ-રુક્ષ)

૯૮ થી ૧૦૨-રક્ત, નીલ, પીત, કૃષ્ણ શ્વેત વર્ણ નામ કર્મ.

૧૦૩ થી ૧૦૪-સુરભિકેદુરભિ ગંધ નામ કર્મ

૧૦૫ થી ૧૦૯–મધુર, તિકત, કટુ, કષાય લવણ રસ નામ કર્મ

૧૧૦ થી ૧૧૭–મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, લઘુ, ગુરુ, સ્નિગ્ધ રુક્ષ સ્પર્શ નામ કર્મ.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પુદ્ગલ શરીરોના છે. પણ તે તે નામ કર્મને કારણે હોય છે.

૧૩ આનુપૂર્વી નામ કર્મ :–

આનુપૂર્વી એટલઅક પછી એક અનુક્રમે રહેલા આકાશ પ્રદેશોની શ્રેણિઓ. તે આનુપૂર્વી મરણ પછી બીજે ઠેકાણે જન્મ લેવા જતાં આત્માને આકાશ પ્રદેશની શ્રેણી ઉપર ચાલવું પડે છે. તે રીતે જતાં જ્યાંથી વળાંક વળવાનો હોય તે સ્થળેથી બીજી શ્રેણી ઉપર ચડવાને આ કર્મ જીવને નિમિત્ત થાય છે. જીવ જ્યાંથી ચ્યવે ત્યાંથી સીધી લીટીમાં જ ચાલે છે. વળાંક વળ્યા પછી પણ સીધી લીટીમાં જ ચાલે વધુમાં વધુ ત્રણ વળાંક જીવ લે છે

[ચોકડી કરેલા સ્થળે આનુપૂર્વી કર્મ જીવને વળાંક આપવાનું કામ કરે છે.]

૧૧૮ નારક આનુપૂર્વી ૧૧૯ દેવ આનુપૂર્વી

૧૨૦ મનુષ્ય અનુવર્તી ૧૨૧ તિર્યંચ અનુવર્તી

૧૪ વિહાયોગતિ નામ કર્મ-બે ભેદ

વિહાયસૂ એટલે આકાશ તેમાં ગતિ ને વિહાયોગતિ ત્રસ જીવોને ચાલવાની શક્તિ અને રીત આ કર્મથી મળે છે.

૧૨૨ શુભ વિહાયોગતિ નામ કર્મ :-

બીજાને પ્રિય લાગે તેવી ચાલવાની સુલક્ષણ રીત પ્રમાણે ચાલવાની રીત અપાવનાર કર્મ.

૧૨૩ અશુભ વિહાયોગતિ નામ કર્મ :-

બીજાને ન ગમે તેવી ખરાબ વિચિત્ર રીતે ચાલવાની રીત અપાવનાર નામ કર્મ.

અપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ :-૮ ભેદ

૧૨૪ અગુરુ લઘુ નામ કર્મ :-

જીવનું શરીર ગુરુ પણ નહીં, લઘુ પણ નહીં તેમ જ લઘુ-ગુરુ પણ નહીં. એવું અગુરુ લઘુ પરિણામે પરિણમેલું હોય છે. આ પરિણામ અપાવનાર અગુરુ લઘુ નામ કર્મ છે.

શરીર પુદ્ગલ પરમાણુનું બનેલું હોય છે તે પુદ્ગલ પરમાણુંના સંઘાત, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સંસ્થાન વિગેરે અનંત પરિણામો હોય છે. તે દરેક પરિણામોમાં ઘણી વિચિત્રતાઓ હોય છે. એ વિચિત્રતાઓમાં અનંત ગુણહાનિ, અસંખ્યાત ગુણહાનિ, સંખ્યાત ગુણહાનિ, અનંત ભાગહાનિ, અસંખ્યાત

ભાગહાનિ, સંખ્યાત ભાગહાનિ, અનંત ગુણવૃદ્ધિ, અસંખ્યાત ગુણવૃદ્ધિ, સંખ્યાત ગુણવૃદ્ધિ અનંત ભાગવૃદ્ધિ, અસંખ્યાત ભાગવૃદ્ધિ, સંખ્યાત ભાગ-વૃદ્ધિ એ પ્રમાણે છ સ્થાન હાનિના અને છ સ્થાન વૃદ્ધિના હોય છે.

આ પ્રમાણે શરીરમાં પરિણામ થાય છે તેનું નામ અગુરુલઘુ પર્યાય પરિણામ કહેવાય છે. આ નક્કી કરવાનું કામ અગુરુલઘુ નામ કર્મનું છે.

૧૨૫ ઉપઘાત નામ કર્મ :-

પડજીભી, રસોળી, લંબિકા, ચોર દાંત વિગેરે પોતાના જ અવયવો વડે દુઃખી થવું અથવા બંધાવું, પકડાવું, પડી મરવું વિગેરે પોતાની ભૂલથી પોતાને હરકત (નુકસાન) થાય, મરણ થાય, ઉપઘાત થાય તે ઉપઘાત. ઉપઘાત કરાવનાર ઉપઘાત નામ કર્મ છે.

૧૨૬ પરાઘાત નામ કર્મ :-

બીજા ઉપર છાપ પાડવાની શક્તિ, બોલવાની છટા વિગેરે પરાઘાત શક્તિ કહેવાય છે. તે પરાઘાત નામ કર્મ કરાવે છે.

૧૨૭ ઉચ્છવાસ નામ કર્મ :-

શ્વાસોચ્છવાસ નિયમિત પણે ચલાવવાનું કામ ઉચ્છ-વાસ નામ કર્મનું છે.

૧૨૮ આતપ નામ કર્મ :-

સૂર્ય વિમાનમાં રહેલાં પૃથ્વીકાયના જીવોને આ

આતપ નામ કર્મ હોય છે, બીજા જીવોને હોતું નથી. પોતે ઠંડુ રહે પણ દૂર તેની ગરમી ફેલાવે— ગરમી ઉત્પન્ન કરે તેને આતપ નામ કર્મ કહે છે,

૧૨૯ ઉદ્યોત નામ કર્મ :—

ઠંડા પ્રકાશ ઉત્પન્ન કરનારને ઉદ્યોત કહેવાય છે. ચંદ્ર, તારાના વિમાનો, પતંગીયા, (ખજુઆ) રત્ન, હીરા વગેરેના શરીર ચમકતા હોય છે પણ તેનાથી ગરમી લાગતી નથી; પણ તે ઠંડા લાગે છે તેને ઉદ્યોત્ત કહે છે. આવો ઉદ્યોત શરીરમાં ઉત્પન્ન કરનાર કર્મ ઉદ્યોત નામ કર્મ છે.

લબ્ધિવંત મુનિ મહાત્માઓના વૈક્રિય શરીરમાં, દેવોના ઉત્તર વૈક્રિય શરીરમાં પણ ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય છે.

૧૩૦ નિર્માણ નામ કર્મ :-

શરીરમાં અંગોપાંગો ક્યા જીવને ક્યાં ગોઠવવા તે કામ નિર્માણ નામ કર્મ કરે છે.

૧૩૧ જિન–નામ કર્મ–તીર્થંકર નામ કર્મ :-

આઠ મહા પ્રતિહાર્ય વિગેરે શોભા કે ત્રિભુવન પૂજ્યતા સ્થાપિત કરે છે તેમજ સનાતન જૈન ધર્મનું-પ્રતિપાદન કરી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ સંઘનું ગઠન કરે છે તે આ તીર્થંકર નામ કર્મને કારણે છે.

સાધારણ રીતે ત્રસ દશક અને સ્થાવર દશકની

તદ્દન વિપરીતતા લેવાની નથી. પરંતુ ત્રસ દશકમાં જે સગવડ હોય છે તેની અલ્પતા સ્થાવર દશકમાં હોય છે.

ત્રસ	અત્રસ (અલ્પત્રસ–સ્થાવર)
બાદર	અબાદર („ બાદર–સૂક્ષ્મ))
પર્યાપ્તિ	અપર્યાપ્તિ („ પર્યાપ્તિ–ઓછી પર્યાપ્તિ)
પ્રત્યેક	અપ્રત્યેક („ પ્રત્યેક–સાધારણ)
સ્થિર	અસ્થિર („ સ્થિર)
શુભ	અશુભ („ શુભ)
સુભગ	અસુભગ („ સુભગ=દુર્ભગ)
સુસ્વર	અસુસ્વર („ સ્વર=દુ:સ્વર)
આદેય	અનાદેય („ આદેય)
યશ	અયશ: („ અલ્પયશ.)

સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ

ત્રસ દશક

૧૩૨ ત્રસ નામ કર્મ : હલન ચલન કરવાની ગતિ જેના દ્વારા જીવને મળે છે તે કર્મ.

૧૩૩ બાદર નામ કર્મ : આત્માને સ્થૂલ સ્વરૂપમાં મૂકનાર આ કર્મ છે. આત્મા અરૂપી હોવા છતાં

જીવો રૂપી ગણાય છે તે આ કર્મને કારણે છે.

૧૩૪ પર્યાપ્તિ નામ કર્મ :-આહાર શરીરનું બંધારણ, ઇન્દ્રિયોની રચના, નિયમિત શ્વસોચ્છવાસ, બોલવું, વિચારવું. આ છ કામ કરવાની શક્તિ હોવી જરૂરી છે. તે શક્તિને યથાસ્થિત ચલાવનારા સાધનનું નામ શાસ્ત્ર પરિભાષામાં પર્યાપ્તિ કહેવાય છે. એકેન્દ્રિયોને ૪, વિકલે ઇન્દ્રિયોને ૫ અને પંચેન્દ્રિયોને છ પર્યાપ્તિ (શક્તિ)ઓ હોય છે.

જે કર્મની મદદથી આત્મા પોતાને યોગ્ય તમામ જીવન શક્તિઓ ચલાવવાના સાધનોથી સંપન્ન થઈ શકે છે તેને પર્યાપ્તિ નામ કર્મ કહે છે.

૧૩૫ પ્રત્યેક નામ કર્મ : એક જીવ પોતાને માટે સ્વતંત્ર એક શરીર બાંધી શકે તેવી શક્તિ અપાવનાર પ્રત્યેક નામ કર્મ છે.

૧૩૬ સ્થિર નામ કર્મ : શરીરના અમુક અવયવો વળી ન શકે તેવા હોવા જોઈએ તે આ નામ કર્મને કારણે મળે છે. દા.ત. દાંત, હાડકા વિગેરે.

૧૩૭ શુભ નામ કર્મ : શરીરના અમુક અવયવોને શુભ (સારા) ગણવામાં આવે છે. તે આ શુભ નામ કર્મને કારણે. દા.ત. જ્ઞાનેન્દ્રિયો, હૃદય, મગજ, બ્રહ્મરંન્દ્ર તેમજ બચાવ માટેના અવયવો.

૧૩૮ સુસ્વર નામ કર્મ : સાંભળનારને પ્રિય લાગે એવો

કુદરતી રીતે જ સ્વર પ્રાણીઓને હોય તે આ કર્મને કારણે મળે છે.

૧૩૯ શુભગ નામ કર્મ : ઘણા પ્રાણીઓ કાંઈપણ ઉપકાર કર્યા વિના પણ પ્રિય થઈ પડે છે તે આ નામ કર્મને કારણે છે.

૧૪૦ આદેય નામ કર્મ : કોઈ વ્યક્તિને લોકો માન આપે છે અને તેનું ગમે તેવું વચન પણ માન્ય કરે છે તે આ કર્મને કારણે છે.

૧૪૧ યશઃકીર્તિ નામ કર્મ : આ કર્મને લીધે થોડુ પણ સારું કામ કરવામાં આવે તો પણ કરનારનો બહાર જે જે કાર થઈ પડે છે.

સ્થાવર દશક

૧૪૨ સ્થાવર નામ કર્મ : જીવોને સ્થિર રાખવાનું કામ કરે છે.

૧૪૩ સૂક્ષ્મ નામ કર્મ : સૂક્ષ્મ શરીરો ઉત્પન્ન કરવાનું કામ કરે છે જે ઘણા શરીરો ભેગા થાય તો પણ આંખથી જોઈ શકાતા નથી

૧૪૪ અપર્યાપ્તિ નામ કર્મ : પર્યાપ્તિ નામ કર્મમાં જે છ કામ કરવાની શક્તિ કહી છે. તેમાંથી પૂરી મેળવ્યા વિના જ જીવ ચ્યાવી જાય છે તે અપર્યાપ્તિ નામ કર્મના ઉદયને કારણે છે.

૧૪૫ સાધારણ નામ કર્મ : અનંતા જીવો વચ્ચે એક જ શરીર બાંધી શકાય તેને સાધારણ નામ કર્મ કહેવામાં

આવે છે. જીવ સ્વતંત્ર શરીર મેળવી શકતો નથી.

૧૪૬ અસ્થિર નામ કર્મ : શરીરના અમુક અવયવો વળી શકે તેવા હોવા જોઈએ, સ્થિતિ સ્થાપક હોવા જોઈએ તે આ નામ કર્મને કારણે મળે છે. દા.ત. જીભ.

૧૪૭ અશુભ નામ કર્મ : શરીરના અમુક અવયવોને અશુભ ગણવામાં આવે છે. તે આ નામ કર્મને કારણે છે. દા.ત. મળાશય, મૂત્રાશય, જનન સ્થાન, ગર્ભાશય, વીર્યાશય, પગ વિગેરે.

૧૪૮ દુઃસ્વર નામ કર્મ : સાંભળનારને અપ્રિય લાગે તેવો સ્વર મળે તે આ કર્મને કારણે મળે છે.

૧૪૯ દુર્ભગ નામ કર્મ : ઘણા પ્રાણીઓ ઉપર ઉપકાર કરે તોય અપ્રિય થઈ પડે છે તે આ નામ કર્મને કારણે છે.

૧૫૦ અનાદેય નામ કર્મ : યુક્તિ યુક્ત અને હિતકારક વાત પણ લોકો જેની માને નહીં, માન સત્કાર જાળવે નહીં તે આ નામ કર્મને કારણે છે.

૧૫૧ અયશઃ કીર્તિ નામ કર્મ : આ કર્મને કારણે ગમે તેવાં સારા કાર્યો કરે છતાં તેને યશ મળતો નથી. અપયશ ફેલાય છે.

આ નામ કર્મની જીવવિપાકી, પુદ્ગલવિપાકી અને ક્ષેત્રવિપાકી પ્રકૃતિ પ્રમાણે વિભાજન નીચે પ્રમાણે છે.

જીવ વિપાકી				પુદ્ગલ વિપાકી			
૧ ગતિ	નામ કર્મ		-૪	બંધન નામ કર્મ		-૧૫	
૨ જાતિ	,,	,,	-૫	સંઘાતન	,,	-૫	
૩ વિહાયોગતિ	,,	,,	-૨	શરીર નામ કર્મ		-૫	-૫
૪ ત્રસ	,,	,,	-૧	અંગોપાંગ	,,	-૩	૩
૫ બાદર	,,	,,	-૧	સંઘયણ	,,	-૬	-૬
૬ પર્યાપ્તિ	,,	,,	-૧	સંસ્થાન	,,	-૬	-૬
૭ સ્થાવર	,,	,,	-૧	વર્ણ	,,	-૫	-૧
૮ સૂક્ષ્મ	,,	,,	-૧	ગંધ	,,	-૨	-૧
૯ અપર્યાપ્તિ	,,	,,	-૧	રસ	,,	-૫	-૧
૧૦ સુસ્વર	,,	,,	-૧	સ્પર્શ	,,	-૮	-૧
૧૧ દુઃસ્વર	,,	,,	-૧	પરાઘાત	,,	-૧	-૧
૧૨ સુભગ	,,	,,	-૧	અગુરૂલઘુ	,,	-૧	-૧
૧૩ દુર્ભગ	,,	,,	-૧	ઉપઘાત	,,	-૧	-૧
૧૪ આદેય	,,	,,	-૧	નિર્માણ	,,	-૧	-૧
૧૫ અનાદેય	,,	,,	-૧	આતપ	,,	-૧	-૧
૧૬ યશઃકીર્તિ	,,	,,	-૧	ઉદ્યોત	,,	-૧	-૧
૧૭ અયશઃકીર્તિ	,,	,,	-૧	સાધારણ	,,	-૧	-૧
૧૮ તીર્થંકર	,,	,,	-૧	પ્રત્યેક	,,	-૧	-૧
૧૯ ઉચ્છવાસ	,,	,,	-૧	સ્થિર	,,	-૧	-૧
				અસ્થિર	,,	-૧	-૧
				શુભ	,,	-૧	-૧
				અશુભ	,,	-૧	-૧
			૨૭			૭૨	૩૬

આનુપૂર્વી નામ કર્મ ૪ =૧૦૩ કુલ ૧૦૩-૬૭

૭ ગોત્રકર્મ :- બે ભેદ

પ્રાણીઓની જાતિઓમાં ઉચ્ચપણું અને નીચપણું જોવામાં આવે છે તેનું પ્રેરક ગોત્ર કર્મ છે.

૧૫૨ ઉચ્ચ ગોત્ર કર્મ : જગતમાં સારી લાયકાતવાળા ગણાતા પ્રાણીઓની જાતિમાં જીવને ઉત્પન્ન કરે તે તે ઉચ્ચ ગોત્ર કર્મ.

૧૫૩ નીચ ગોત્ર કર્મ : જગતમાં વિશેષ નાલાયકીવાળા અથવા અલ્પ લાયકાતવાળા પ્રાણીઓની જાતિમાં જીવને ઉત્પન્ન કરે તે નીચ ગોત્ર કર્મ.

૮ અંતરાય કર્મ :- પાંચ ભેદ

આત્માની સર્વ શક્તિ સામર્થ્યનો રોધ કરનાર આ કર્મ છે.

૧૫૪ દાનાંતરાય કર્મ :- જગતના સર્વ પદાર્થોનો ત્યાગ કરવાની અથવા પોતાની પાસે હોય તેનું દાન કરવાની શક્તિ આત્મામાં છે. તેમાં આડે આવી દાન દેવા દેતું નથી.

૧૫૫ લાભાંતરાય કર્મ :- પોતાની અનંત શક્તિઓનો લાભ આત્મા લઈ શકતો નથી તેના માટે આ કર્મ જવાબદાર છે.

૧૫૬ ભોગાંતરાય કર્મ :- પોતાની શક્તિઓનો ભોગવટો

ન કરી શકવા માટે આ કર્મ જવાબદાર છે તેમજ બીજાને આપવા પણ દેતું નથી.

૧૫૭ ઉપભોગાંતરાય કર્મ :- પોતાની જે શક્તિઓને વારંવાર ભોગવી શકાય તેમ છે તેમાં અંતરાય પાડનાર આ કર્મ છે.

૧૫૮ વીર્યાંતરાય કર્મ :- સંપૂર્ણ વીર્યને મોક્ષમાર્ગમાં વાળવામાં અંતરાય કરવાવાળું આ કર્મ છે. જે પ્રમાણે વીર્યાંતરાય કર્મ ઓછું થતું જાય તેટલો પુરૂષાર્થ મોક્ષ માર્ગમાં વધતો જાય. સંપૂર્ણ ક્ષય થયે સંપૂર્ણ વીર્યને ફેરવીને અનંતદર્શન, અનંત જ્ઞાન યથા ખ્યાત ચારિત્રનો ભોક્તા આત્મા બની શકે છે.

૧૫૮ પ્રકૃતિઓ ૮ મૂળ કર્મની ગણવામાં આવી છે.

જીવ વિપાકી	પુદ્ગલ વિપાકી	
જ્ઞાનાવરણીય	-૫ નામ કર્મ	-૭૨
દર્શનાવરણીય	-૯	
વેદનીય	-૨ ક્ષેત્ર વિપાકી નામ કર્મ	-૪
મોહનીય	-૨૬ (બંધની અપેક્ષાએ)	
નામ	-૨૭ ભવ વિપાકી	
	આયુષ્ય નામ કર્મ	-૪
ગોત્ર	-૨	
અંતરાય	-૫	
	૭૬	

ઉદય અપેક્ષાએ

મોહનીય +૨

(સમ્યક્ત્વ, મિથ્યાત્વ)

૭૮ ૧૫૮

નામ કર્મની પુદ્ગલ વિપાકી ૩૬ પેટા ભાગ ગણતાં બંધમાં ૧૨૦ પ્રકૃતિ, ઉદયમાં ૧૨૨ પ્રકૃતિ.

સ્થિતિ બંધ :-	જઘન્ય	ઉત્કૃષ્ટ
૧ જ્ઞાનાવરણીય કર્મ	અંતઃમુહૂર્ત	ત્રીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ
૨ દર્શનાવરણીય કર્મ	,,	ત્રીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ
૩ વેદનીય કર્મ	બાર ,,	ત્રીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ
૪ મોહનીય કર્મ	અંતઃમુહૂર્ત	સીત્તેર, ક્રોડા, ક્રોડી સાગરોપમ
૫ આયુષ્ય કર્મ	,,	તેત્રીસ સાગરોપમ
૬ નામ કર્મ	આઠમુહૂર્ત	વીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ

૭ ગોત્ર કર્મ	આઠમુહૂર્ત	વીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ
૮ અંતરાય કર્મ	અંતઃમુહૂર્ત	ત્રીસ, ક્રોડા, ક્રોડી સાગરોપમ

અનુભાગ બંધ અથવા અનુભવ બંધ :-

જે કર્મનું જે નામ છે તે કર્મમાં તેવો જ અનુભાગ બંધ પડે છે. દા.ત. જ્ઞાનાવરણ કર્મમાં જ્ઞાન જ્યારે રોકાય ત્યારે નિમિત્ત થાય એવો અનુભાગ હોય છે.

પ્રદેશ બંધ :-

સમસ્ત ભવોમાં યોગ વિશેષથી સૂક્ષ્મ એક ક્ષેત્રાવગાહરૂપ સ્થિત અને સર્વ આત્મ પ્રદેશોએ જે કર્મ પુદ્ગલના અનંતાનંત પ્રદેશો (પરમાણુઓ) છે તે પ્રદેશ બંધ છે.

પુણ્ય પ્રકૃતિઓ :-

સાતા વેદનીય, શુભ આયુ, શુભ નામ અને શુભ ગોત્ર એ પુણ્ય પ્રકૃતિઓ છે.

પાપ પ્રકૃતિઓ :-

પુણ્ય પ્રકૃતિઓ સિવાયની અસાતાવેદનીય અશુભ આયુ, અશુભ નામ, અશુભ ગોત્ર એ પાપ પ્રકૃતિઓ છે. પુણ્ય પ્રકૃતિઓના પેટા ભાગ સહિત કુલ ૬૬ છે.

૧ સાતાવેદનીય	૫૧ અગુરુ લઘુ નામ કર્મ
૨ તિર્યંચ આયુ	૫૨ પરાઘાત ,,
૩ મનુષ્ય આયુ	૫૩ ઉચ્છવાસ ,,
૪ દેવ આયુ	૫૪ આતપ ,,
૫ ઉચ્ચ ગોત્ર	૫૫ ઉદ્યોત ,,
૬ મનુષ્ય ગતિ નામ	૫૬ પ્રશસ્ત વિહાયોગતિ
૭ ,, ,, અનુપૂર્વી નામ	૫૭ ત્રસ નામ કર્મ
	૫૮ બાદર ,,
૮ દેવગતિ નામ	૫૯ પર્યાપ્તિ ,,
૯ ,, ,, અનુપૂર્વી નામ	૬૦ પ્રત્યેક શરીર ,,
૧૦ પંચેન્દ્રિય જાતિ નામ	૬૧ સ્થિર ,,
૧૧ થી ૧૫–શરીર નામ કર્મ	૬૨ શુભ ,,
૧૬ થી ૨૦–બંધન નામકર્મ	૬૩ સુભગ ,,
૨૧ થી ૨૫–સંઘાતન નામકર્મ	૬૪ સુસ્વર ,,
૨૬ થી ૨૮–અંગોપાંગ ,,	૬૫ આદેય ,,
૨૯ થી ૪૮–વર્ણ, ગંધ, રસ,	૬૬ યશકીર્તિ ,,
સ્પર્શ નામ કર્મ	૬૭ નિર્માણ ,,
૪૯ સમચતુરસ્ર સંસ્થાન	૬૮ તીર્થંકર ,,
૫૦ વજ્રઋષભનારાય સંહનન	

ભેદ વિવક્ષાએ ૬૮ પુણ્ય પ્રકૃતિ છે.

અભેદ વિવક્ષાએ ૪૨ પુણ્ય પ્રકૃતિ છે.

૬૮–વર્ણાદિના ૧૬ ભેદ–૧૦ (બંધન અને સંઘાતન શરીર નામકર્મમાં ગણતાં) =૬૮–૨૬=૪૨ પુણ્ય પ્રકૃતિ છે.

પાપ પ્રકૃતિઓના પેટા ભેદ સહિત

૧ થી ૪૭ ઘાતિ કર્મની
પ્રકૃતિઓ.
૪૮ નીચ ગોત્ર
૪૯ અસાતા વેદનીય
૫૦ નરકગતિ નામકર્મ
૫૧ „ અનુપૂર્વી „
૫૨ તિર્યંચ ગતિ „
૫૩ „ „ અનુપૂર્વી „
૫૪ થી ૫૭ એકેન્દ્રિયથી
ચતુરિન્દ્રિય જાતિ નામ-
કર્મ
૫૮ થી ૬૩–પાંચ સંસ્થાન
૬૪ થી ૬૮ પાંચ સંહનન
૬૯ થી ૮૮ વર્ણ, ગંધ, રસ,
સ્પર્શ નામકર્મના ભેદ
૮૯ ઉપઘાત
૯૦ અપ્રશસ્ત વિહાયોગતિ
૯૧ સ્થાવર નામ કર્મ
૯૨ સૂક્ષ્મ „ „
૯૩ અપર્યાપ્ત „ „
૯૪ આધારણ „ „
૯૫ અસ્થિર „ „
૯૬ અશુભ „ „
૯૭ દુર્ભગ „ „
૯૮ દુસ્વર „ „
૯૯ અનાદેય „ „
૧૦૦ અયશકીર્તિ „

ભેદ વિવક્ષાએ ૧૦૦ ભેદ

અભેદ વિવક્ષાએ ૧૦૦–૧૬ વર્ણાદિના ભેદ=૮૪
ઉદય અપેક્ષાએ

સમ્યક્ મોહનીય અને મિશ્ર મોહનીય–૨=૮૨
બંધ અપેક્ષાએ

વર્ણાદિ–પ્રકૃતિઓ પાપ પ્રકૃતિ તથા પુણ્ય પ્રકૃતિ
બંનેમાં ગણવામાં આવે છે.

ગુણ સ્થાનકોને વિષે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનાં સ્થાનમાં પ્રાપ્ત થયેલા સઘળાં કર્મોને ખપાવ્યા છે. તે પ્રકારે શ્રી મહાવીર ભગવંતને અમે સ્તવીએ છીએ.

(૧) મિથ્યાત્વ ગુણ સ્થાનક
(૨) સાસ્વાદન ગુણ સ્થાનક
(૩) મિશ્ર ગુણ સ્થાનક
(૪) અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણ સ્થાનક
(૫) દેશવિરતિ ગુણ સ્થાનક
(૬) સર્વ વિરતિ (પ્રમત સંયતિ) ગુણ સ્થાનક
(૭) અપ્રમત સંયતિ ગુણ સ્થાનક
(૮) નિવૃત્તિ (અપૂર્વકરણ) ગુણ સ્થાનક
(૯) અનિવૃતિ (બાદર સંપરાય) ગુણ સ્થાનક
(૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણ સ્થાનક
(૧૧) ઉપશાંત મોહ ગુણ સ્થાનક
(૧૨) ક્ષીણ મોહ ગુણ સ્થાનક
(૧૩) સયોગી કેવળી ગુણ સ્થાનક
(૧૪) અયોગી કેવળી ગુણ સ્થાનક

બંધ : જે આકાશ પ્રદેશ ઉપર જે આત્માના જે પ્રદેશો રહેલા હોય, તે આત્મ પ્રદેશો ત્યાંજ રહેલી કાર્મણ વર્ગણાઓને યોગ અને અધ્યવસાયોના બળથી ખેંચીને પોતાની સાથે દૂધ અને પાણીની માફક મેળવે તે બંધ, અને તે રીતે બંધાયેલી કાર્મણ વર્ગણા જ્યારથી બંધાય અને જ્યાં સુધી છુટે નહીં, ત્યાં સુધી બંધ કહેવાય.

ઉદય : જે કર્મની જેટલી સ્થિતિ બંધાઈ હોય, તે પ્રમાણે અથવા અપવર્તનાદિ કારણોએ કરીને ઓછી થઈ ગઈ હોય કે વધી હોય, તે પ્રમાણે બરાબર કર્મનું ઉદયાવલિકામાં પ્રવેશ થઈને વેદન થવું તે ઉદય.

ઉદીરણા : ઉદયકાળ પ્રાપ્ત થયા વિના જ જીવના તે કાળના સામર્થ્ય વિશેષના બળથી કર્મોને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવીને પરાણે ઉદયમાં આણવા તે ઉદીરણા.

સત્તા : કાર્મણ વર્ગણાએ બંધ પામીને જે તે કર્મનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય છે. અથવા સંક્રમાદિકે કરીને તે તે કર્મ તરીકેનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય છે. એમ જે કર્મનું જે વખતે જે સ્વરૂપ પ્રાપ્ત થયું હોય, તે સ્વરૂપે જ અવસ્થાન-કાયમ ટકી રહેવું તે સત્તા.

બંધ :-

સામાન્યપણે એકસોવીસ કર્મ પ્રકૃતિનો બંધ થાય છે.

જ્ઞાનાવરણીય-	૫ (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ = ૫)
દર્શનાવણીય	૯ (ચક્ષુ, અચક્ષુ, અવિધિ, કેવળ દર્શનાવરણીય, નિંદ્રા પંચક = ૯)
વેદનીય-	૨ (શાતા અસાતા)
મોહનીય-	૨૬ (દર્શન મોહનીય-૧ ચારિત્ર મોહનીય = ૨૫) (૧૬ કષાય + ૯ નો કષાય)
આયુષ્ય-	૪ (દેવ, મનુષ્ય, તિર્યંચ, નટક આયુકર્મ)

નામ- ૬૭ [ગતિ-૪, જાતિ-૫, વિહોયોગતિ-૨, ત્રસ, બાદર, પર્યાપ્તિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્તિ, સુસ્વર, દુઃસ્વર, સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશ, અપયશ, તીર્થંકર, ઉચ્છવાસ = ૨૭ જીવ વિપાકી, અનુપૂર્વી-૪, ક્ષેત્ર વિપાકી. શરીર-૫ (બંધન ૧૫ સઘાતન ૫ ભેગી કરીને), અંગોપાંગ = ૩, સંઘયણ-૬, સંસ્થાન-૬, વર્ણ ૧, રસ ૧, ગંધ ૧ સ્પર્શ ૧, પરાઘાત, અગુરુલઘુ ઉપઘાત, નિર્માણ, આતપ, ઉદ્યોત, સાધારણ પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ-અશુભ = ૩૬ પુદ્ગલ વિપાકી]

૬૭

ગોત્ર- ૨

અંતરાય- ૫

૧૨૦ પ્રકૃતિ ૬૭ ભેદ ગણતાં અને (નામકર્મના ૧૦૩ને બદલે મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયનો બંધ થતો ન હોવાથી)

(૧) મિથ્યાત્વ ગુણ સ્થાને :

નામકર્મની-તીર્થંકર નામકર્મ અને આહારક દ્વિક

એટલે આહારક શરીર અને આહારક અંગોપાંગ સિવાયની ૬૪ બંધમાં હોય, તેથી બંધ પ્રકૃતિ ૧૨૦–૩ = ૧૧૭ હોય.

(૨) સાસ્વાદન ગુણસ્થાને :

નરકત્રિક–નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયું, જાતિ-ચતુષ્ક, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સ્થાવર ચતુષ્ક–સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત સાધારણ, હુંડકસંસ્થાન, આતપ નામ, સેવાર્ત સંઘયણ = ૧૪ મોહનીયની નપુસંક વેદ, મિથ્યાત્વ મોહનીય–૨ આ સોળનોબંધ ૨ જા ગુણસ્થાને ન હોય. તેથી ૧૨૦–૩–૧૬ = ૧૦૧ પ્રકૃતિનો બંધ થાય.

(૩) મિશ્ર ગુણસ્થાનક :

ઉપર જણાવેલ ૧૦૧માંથી નીચે જણાવેલ પ્રકૃતિનો બંધ ન હોય.

૩ દર્શનાવરણીય–થીણદ્ધિત્રિક–પ્રચલા પ્રચલાપ્રચલા, થીણદ્ધિ ૩.

૫ મોહનીય—અનંતાનુબંધી કષાય–૪, સ્ત્રીવેદ–૧ = ૫

૧૬ નામકર્મ :–ઋષભનારાચ સહંનન, નારાચ સહંનન, અર્ધનારાચ, કિલિકા સહંનન = ૪, ઉદ્યોત–૧, અશુભ વિહાયોગતિ–૧, સંસ્થાન નામ કર્મનો–ન્યગ્રોધ, સાચી (સાદિ), વામન, કુબજ = ૪ તિર્યંચત્રિક–૩, દુર્ભગ, ત્રિક = દુર્ભગ, દુસ્વર અનાદેય

૧ ગોત્ર

૨૫

૧૦૧ માંથી ૨૫ જાય = ૭૬નો બંધ પણ ત્રીજા ગુણ સ્થાને મનુષ્યાયુ અને દેવાયુનો બંધ પાડતો નથી = ૭૪ થાય.

(૪) અવિરતિ ગુણ સ્થાનકે :

૭૪માં જિનનામ કર્મ અને મનુષ્યાયુ દેવાયુ જે બંધ થઈ શકે તેથી ૭૭ બંધમાં હોય.

(૫) દેશવિરતિ ગુણસ્થાનક :

નામકર્મમાં વ્રજઋષભ નારાય સંઘનન-૧ મનુષ્ય ત્રિક, મનુષ્યગતિ, મનુષ્યાયુ, મનુષ્યાનુપૂર્વી = ૩, ઓદારિક દ્વિક, ઓદારિક શરીર અને ઓદારિક અંગોપાંગ-૨ મોહનીય-અપ્રત્યાખ્યાનીય કષાય-૪, બંધમાં ૭૭-૧૦ = ૬૭.

(૬) પ્રમત્ત સંયતિ ગુણસ્થાનક :

મોહનીય-પ્રત્યાખ્યાનીય કષાય ૪ ૬૭-૪ = ૬૩.
જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૬, વેદનીય-૨, મોહનીય-૧૧, આયુ-૧, નામ-૩૨, ગોત્ર-૧, અંતરાય-૫ = ૬૩.

(૭) અપ્રમત ગુણસ્થાનક :

૬૩માં આહારકદ્વિક ઉમેરતાં ૬૫ થાય તેમાંથી શોક, અરતિ, અસ્થિર નામ-અશુભ નામ, અયશ, અસાતા વેદનીય-૬, નોવ્યુચ્છેદ કરે અથવા પ્રમતસંયત દેવાયું બાંધવા માંડે અને સંપૂર્ણ કરે તો ૭નો વ્યુચ્છેદ કરે.
૬૫-૬=૫૯ અથવા ૬૫-૭=૫૮નો બંધ પડે. આયુષ્ય કર્મ જીવ સાતમા ગુણસ્થાનમાં બાંધતો જ નથી. બંધ અપેક્ષાએ હવે ૭ કર્મની પ્રકૃતિયો જ બંધમાં હોઈ શકે.

(૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર) :

આઠમાની શરૂઆતમાં ૫૮ અને આઠમાને છેડે ૨૬ બંધમાં હોય.

અપૂર્વકરણની શરૂઆતમાં નિદ્રાદ્વિક જતાં ૫૬ પ્રકૃત્તિ રહે. તેમાંથી દેવદ્વિક-૨, પંચેન્દ્રિય જાતિ-૧, શુભ વિહાયોગતિ-૧, ત્રસ નવક-૯, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક સ્થિર શુભ, શુભગ, સુસ્વર, આદેય. વૈક્રિય-આહારક, તેજસ, કાર્મણ-૪ વૈક્રિય અંગોપાંગ આહારકોપાંગ-૨, સમચતુરસ્ત્રસંસ્થાન-૧, નિર્માણ-૧, જિન નામ-૧, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ-૪, અગુરુલઘુચતુષ્ક-૪, અગુરુલઘુ-૧, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ-૪=૩૦.

૫૬-૩૦=૨૬ બંધમાં હોય.

(૯) અનિવૃત્તિ બાદર :

નવમા ગુણસ્થાનની શરૂઆતે મોહનીયની ચાર પ્રકૃતિ. હાસ્ય રતિ, અરતિ, ભય-૪ જતાં ૨૬-૪=૨૨ બંધમાં રહે. નવમાના અંતે-પુરૂષવેદ, સંજવલન, ક્રોધ, સંજવલનમાન સંજવલન માયા-૪, ૧૮ બંધમાં રહે.

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ વેદનીય-૧
મોહનીય-૧, નામ-૧, ગોત્ર-૧, અંતરાય-૫=૧૮

૧૦ સૂક્ષ્મ સંપરાય :-મોહનીયની સંજવલનનો લોભ જાય ૧૭ પ્રકૃતિબંધમાં હોય.

૧૧ ઉપશાંત મોહ :-જ્ઞાના-૫, દર્શન-૪, નામકર્મ-૧, અંતરાય-૫=૧૬ પ્રકૃતિજનાં ૧ બંધમાં રહે ૧ શાતા-

વેદનીયનો બંધ હોઈ શકે.

૧૨ ક્ષીણમોહ : ૧ શાતાવેદનીયનો બંધ હોઈ શકે.

૧૩ સયોગી કેવળી–શાતાવેદનીય બંધમાં હોઈ શકે.

૧૪ અયોગી કેવળી–એકેય પ્રકૃતિબંધમાં ન હોય

ઉદયની અપેક્ષાએ :–

કર્મના વિપાકને વેદવો તે ઉદય. અને અપ્રાપ્ત વિપાકે વેદવું તે ઉદીરણા કહેવાય. ૧૨૨ પ્રકૃતિઓ ઉદય અને ઉદીરણામાં હોય.

૧૨૦+મિશ્ર મોહનીય+સમ્યકૃત્ત્વ મોહનીય–૧૨૨

૧ મિથ્યાત્ત્વ ગુણસ્થાનકે :

મિશ્રમોહનીય, સમ્યકૃત્ત્વ મોહનીય, આહારક દ્વિક, જિન નામ કર્મ = ૫ નો અનઉદય હોય તેથી ૧૨૨–૧૧૭ ઉદયમાં હોય.

૨ સાસ્વાદન ગુણ સ્થાન કે :

સૂક્ષ્મત્રિક–સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ આતપ નામ કર્મ, મિથ્યાત્વ મોહનીય=૫

૧૧૭–૫=૧૧૨–૧ નરક અનુપૂર્વીનો ઉદય ન હોય =૧૧૧

૩ મિશ્ર ગુણ સ્થાનકે :

અનંતાનુંબંધિ=૪ સ્થાવર–૧, એકેન્દ્રિય જાતિ = ૧, બેઇન્દ્રિય–૧, તેઇન્દ્રિય–૧, ચઉરિન્દ્રિય–૧. અને તિર્યંચ મનુષ્ય, દેવ આનુપૂર્વીનો ઉદય હોય=૧૨

૧૧૧–૧૨=૯૯+૧ મિશ્ર મોહનીયનો ઉદય=૧૦૦.

૪ અવિરતિ સમ્યક્ દૃષ્ટિ અવિરતિ મરીને ચારેય ગતિમાં જાય તેથી ચારેય અનુપૂર્વી ઉદયમાં આવી શકે તેથી ૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય.

૫ દેશ વિરતિ સમ્યગ્ દૃષ્ટિ :

અપ્રત્યાખ્યાનીય-કષાય=૪, મનુષ્ય અનુપૂર્વી, તિર્યંચ અનુપૂર્વી=૨, દેવત્રિક, નરકત્રિક, વૈક્રિય દ્વિક=૮, દુર્ભગ, અનાદેય અને અયશ=૩=૧૭નો ઉદય ન હોય ૧૦૪-૧૭=૮૭ ઉદયમાં હોય.

૬ પ્રમત સંયત્તિ ગુણ સ્થાનક :

તિર્યંચ ગતિ-૧, તિર્યંચ આયુ-૧, નીચ ગોત્ર-૧, ઉદ્યોત=૧, પ્રત્યાખ્યાનીય કષાય=૪=૮. ૮૭-૮=૭૯+૨ આહારકદ્વિક મેળવતાં=૮૧નો ઉદય હોય.

૭ અપ્રમત સંયત્તિ ગુણ સ્થાનક :

દર્શનવારણીયની થીણદ્ધિત્રિક-નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા, થીણદ્ધિ, આહારકદ્વિક-૫ ઉદય ન હોય ૮૧-૫=૭૬ના ઉદય હોય.

૮ અપૂર્વકરણ ગુણ સ્થાનક :

સમ્યકૃત્વ મોહનીય, અર્ધનારાચ કીલિકા છેવટ્ઠુ (સેવાર્ત)-૪. ૭૬-૪=૭૨ ઉદયમાં હોય.

૯ અનિવૃત્તિ બાદર :

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક દુગંછાનો ઉદય ન હોય=૬, ૭૨-૬=૬૬ ઉદયમાં હોય.

૧૦ સૂક્ષ્મ સંપૂરાય :

વેદત્રિક, સંજવલનત્રિક=૬, ૬૬-૬=૬૦ ઉદયમાં હોય.

૧૧ ઉપશાંત મોહ :

સંજ્વલન લોભ ૧ ઉદયમાં ન હોય ૬૦-૧=૫૯ ઉદયમાં હોય. ઋષભનારાય-નારાચ સંઘયણ ટાળતાં

૧૨ ક્ષીણમોહ :

૫૯-૨=૫૭ ઉદયમાં હોય. નિદ્રાદ્વિક-નિદ્રા અને પ્રચલાનો ઉદય ન હોય. =૫૭-૨=૫૫નો ઉદય હોય.

૧૩ સયોગી કેવળી :

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, ૫૫-૧૪=૪૧+૧ જિનનામ કર્મ=૪૨. ઉદયમાં

૧૪ અયોગી કેવળી :

ઓદારિક શરીર-૧, ઓદરિકાંપાંગો-૧, અસ્થિર, અશુભ, શુભ વિહાયોગતિ, અશુભવિહાયોગતિ, પ્રત્યેક સ્થિર, શુભ, સંસ્થાન=૬ અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ-૪, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ-૪, નિર્માણ નામ, તૈજસ નામ, કાર્મણ નામ, વ્રજ્ર ઋષભનારાચ, દુ:સ્વર સુસ્વર, સાતા અથવાઅસાતા=૩૦ ઉદયમાં ન હોય. ૪૨-૩૦=૧૨ ઉદયમાં હોય.

સુભગ નામ, આદેય નામ, યશ નામ, શાતાવેદનીય, ત્રસ, બાદર, પર્યાપ્ત, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યયાયુ, મનુષ્યગતિ, જિન નામ, ઉચ્ચ ગોત્ર-૧૨-૧૨=૦.

શુદ્ધિપત્રક

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૧	૩	પ્રાશિક્ષણ	પ્રશિક્ષણ
૬	૧૧	જાણુવા	જાણુવી
૬	૨૨	અર્થન	અર્થને
૮	૧	અસક્તિ	આસક્તિ
૧૦	૧૪	પુદ્ગેલા	પુદ્ગલ
૧૦	૧૮	જાણુતો	જાણુતા
૧૧	૧૦	તેને	તે
૧૩	૧૦	દેખાઈ	દેખી
૧૭	૧૭	પોતાતું	પોતાનું
૧૯	૨	અશક્તિ	આસક્તિ
૨૧	૧૦	પત્તી	પત્ની
૨૧	૨૦	આથા	આથી
૨૬	૪	અન્તમુંહૂર્ત	અંતર્મુહૂર્ત
૨૭	૯	અંતમુંહૂર્ત	અંતર્મુહૂર્ત
૨૭	૧૮	મનતી	મનની
૩૦	૫	ઇન્દ્રિયોનું	ઇન્દ્રિયોનો
૩૮	૨	મિત્ર	મિત્રા
૩૮	૨	અગ્સોઓ	અગનીસો
૪૦	૧૪	જીવન	જીવને

૧૨	૨૦	ઉદ્રોગ	ઉદ્વેગ
૧૩	૮	અભિલાષા	અભિલાષ
૧૩	૯	કરિયે	કહિયે
૪૫	૨૩	સરવાળી	સરવાણી
૪૭	૧૮	બહ્યભાવમાં	બાહ્યભાવમાં
૪૯	૧૫	ઉધ્ય	ઉકત
૫૫	૧૨	અંતઃમુખ	અંતઃર્મુખ
૫૭	૩	તેને	તેમ
૫૮	૯	સુરવર	સુસ્વર
૬૨	૮	સારુ	સાર
૬૩	૭	રોગ	સંસાર રોગ
૬૫	૭	પરાષ્ટિ	પરાદષ્ટિ
૬૯	૧૦	પાલે	પાલ્યે
૬૯	૧૦	અતિચારર	અતિચારહ
૬૯	૨૧	આપતો	આવતો
૭૨	૮	સંમુદ્ધિ	સમૃદ્ધિ
૭૩	૫	ઇચ્છયોગ	ઇચ્છાયોગ
૭૭	૬	થાત	થાય
૭૭	૯	યોગ્ય	યોગ
૮૧	૮	મેક્ષ	મોક્ષ
૮૨	૨૦	સક્ષેપથી	સંક્ષેપથી
૮૭	૧૩	સમ્યકૃત્ય	સમ્યકૃત્વ

૯૦	૧૯	શૂન્યત્યાની	શૂન્યતાની
૯૧	૫	શું	હું
૯૪	૧૯	કોઠીયાપણું	કોઢીયાપણું
૯૫	૩	ત્રણુ	ત્રસ
૯૮	૨૧	અપારગ્રહ	અપરિગ્રહ
૧૦૧	૧૦	ત્રત	વ્રત
૧૦૩	૧૦	ભોજન	ભાજન
૧૦૫	૫	પાષધ	પૌષધ
૧૧૨	૧૭	નિગ્રથ	નિગ્રંથ
૧૧૪	૭	અપ્રત્સાખ્યાની	અપ્રત્યાખ્યાની
૧૧૪	૨૨	અવેલા	આવેલા
૧૧૫	૨૩	કર્મન	કર્મને
૧૧૬	૨	કષાય ત્યારે	કષાય કરે ત્યારે
૧૧૬	૧૦–૧૧	પરભવમાં	પરભાવમાં
૧૧૭	૧૨	અતે	અને
૧૧૯	૧૫	જીવતા	જીવના
૧૧૯	૨૨	મતઃ	મનઃ
૧૨૦	૧૩	નિદ્રા	નિંદ્રા નિંદ્રા
૧૨૨	૧૪	અનુંતાનુંબધી	અનંતાનુબંધી

"સાધક માટે શું જરૂરી ?"

(૧) મુમુક્ષુ જ્યાં સુધી ગુરુ દ્વારા બતાવવામાં આવેલ ભક્તિયોગનો અભ્યાસ કરે નહિ ત્યાં સુધી આત્મસાક્ષાત્કાર થવા માટેના આધ્યાત્મિક માર્ગે પ્રવેશ કરવાનું તેને માટે શક્ય નથી.

(૨) સદ્‌ગુરુનાં પવિત્ર ચરણોમાં કપટરહિત આત્મસમર્પણ કરવું એ સાધના-પથનો પાયો છે.

(૩) ગુરુ દ્વારા બતાવવામાં આવેલ માર્ગનો અભ્યાસ તમને ભય, અજ્ઞાન, નિરાશા, સંશય, રોગ, ચિંતામાંથી મુક્ત કરાવીને મોક્ષ-પરમશાંતિ અને શાશ્વત આનંદ પ્રદાન કરે છે.

(૪) ગુરુના બતાવેલ માર્ગે ચાલવું એટલે વ્યક્તિગત લાગણીઓ, ઇચ્છાઓ, સમજ, બુદ્ધિ, તથા નિશ્ચયાત્મક બુદ્ધિના પરિવર્તન દ્વારા અહંભાવને અનંત ચેતનાના સ્વરૂપમાં ફેરવવો.

(૫) જે કોઈ મુમુક્ષુ નૈતિક સંપૂર્ણતા, ગુરુભક્તિ વગેરે તજીને સાધના-માર્ગનો અભ્યાસ કરે તો તેને ગુરુકૃપાનું ફળ પ્રાપ્ત થતું નથી.

(૬) આત્મવડાઈ, આત્મન્યાયીપણું, મિથ્યાભિમાન, આત્મવંચના, દર્પ, મનસ્વીપણું, દીર્ઘસૂત્રતા, હઠાગ્રહ, છિદ્રાન્વેષીપણું, કુસંગ, અપ્રામાણિકતા, વિષયવાસના, ક્રોધ, લોભ વગેરે સાધનામાર્ગમાં પ્રગતિ થવાના અંતરાયો છે.

(૭) ભક્તિયોગની ફિલસૂફી પ્રમાણે ગુરુ અને પરમાત્મા એકરૂપ છે. તેમાં જે ભેદ સમજે છે તે ભૂલો પડે છે. તેથી ગુરુને સંપૂર્ણ આત્મસમર્પણ કરવું અત્યંત આવશ્યક છે.

(૮) મન એ જ આ સંસાર અને તેની પ્રક્રિયાનું મૂળ છે. મન એ જ બંધન અને મોક્ષ, સુખ અને દુઃખનું મૂળ છે. આ મનને ગુરુકૃપા દ્વારા મળેલ સાધના પથ પર ચાલીને જ સંયમમાં રાખી શકાય.

(૯) મન સાથે કદી બાથ ભીડો નહિ, એકાગ્રતા માટે જલદ પ્રયાસોનો ઉપયોગ ન કરો, શરીરને શિથિલ કરો, મગજને તનાવમુક્ત કરો, ધીરે ધીરે જે ચિંતન કરવાનું કહ્યું હોય તે કરો. ગુરુમંત્રનું ભાવ અને અર્થ સાથે મનન કરો. તેથી મન શાંત થતું જશે.

(૧૦) આત્મસાક્ષાત્કાર રૂપી મંદિરમાં ગુરુનો સત્સંગ એ પ્રથમ સ્તંભ છે. માટે સત્સંગ કરવાનો સતત પુરુષાર્થ કરો.

(૧૧) ગુરુની આજ્ઞાનું અતિક્રમણ એટલે પોતે જ પોતાની ઘોર ખોદવી. ગુરુની આજ્ઞાનું પાલન ત્યાગ કરતાં પણ વિશેષ છે.

(૧૨) જ્યારે સાધકને સંસાર પર અભાવ ઉત્પન્ન થાય અને વૈરાગ્ય તીવ્ર બને ત્યારે ગુરુએ આપેલા ઉપદેશનું ચિંતન કરવા શક્તિમાન થાય છે. અને ધ્યાનનો વારંવારનો અભ્યાસ તેના મનની અનિષ્ટ પ્રકૃતિને દૂર કરે છે.

(૧૩) જે ગુરુના બતાવેલ માર્ગે ધ્યાન ધરતા નથી તેઓ આત્માને છેતરનારા, હણનારા છે. ગુરુ આજ્ઞા પ્રમાણે ધ્યાન ધરવાથી આત્મજ્ઞાનના પ્રદેશો ખુલી જાય છે. અંતરાત્મા જાગૃત થઈ જાય છે.

(૧૪) સાધકના સાચા માર્ગદર્શક આત્મસાક્ષાત્કાર પામેલા સદ્ગુરુ છે. તેની સહાય વિના કોઈ આત્મજ્ઞાન પામી શકે નહિ.

(૧૫) જે સાધક ચાર પ્રકારનાં સાધનોથી [વિવેક, વૈરાગ્ય, ષટ્સંપદ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન) અને મુમુક્ષુત્વ] સજ્જ છે તે જ પરમાત્માથી અભિન્ન એવા બ્રહ્મ-નિષ્ઠ ગુરુ સમક્ષ બેસવાને અને તેમની પાસેથી સાધનાનાં મહાવાક્યો સાંભળવાને લાયક છે.

(૧૬) એક જ સ્થળ, એક જ આધ્યાત્મિક ગુરુ, એક જ યોગ પદ્ધતિને વળગી રહો, તે જ નિશ્ચિત સફળતાની ચાવી છે.

—સ્વામી શિવાનંદજી